રજુ તારીખ. ૧૭–૦૩–૨૦૨૦
દાખલ તારીખ:૧૭–૦૩–૨૦૨૦
ફૈંસલ તારીખ :૧૭ –૧૨–૨૦૨૫
સમય ગાળો વર્ષ માસ દિવસો.

**સ્પે.એટ્રો.કેસ નં.૦૬/૨૦૨૦**
**આંક– ૭૭**

**FORM-A**

| |
|---|
| મે.આણંદ જીલ્લાના સ્પેશ્યલ(એટ્રોસીટી)જજ તથા ચોથા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમા ,મુકામ.આણંદ. (શ્રી.જે.આર પંડિત ,ચોથા એડીશ્નલ સેશન્સ જજ ) |
| ચુકાદાની તારીખ. ૧૭ –૧૨–૨૦૨૫<br>સ્પે.એટ્રોસીટી કેસ નં.૦૬/૨૦૨૦<br>(ગુનો:–ભાદરણ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧૫૦૦૪૨૦૦૦૦૯/૨૦૨૦) |

| | |
|---|---|
| ફરીયાદી | સરકારશ્રી.<br>દિપકભાઈ ભીખાભાઈ ચૌહાણ (રોહીત) |
| ફરીયાદી તરફે | વિ.સરકારી વકીલશ્રી આર.એન.સોલંકી |

**વિરુધ્ધ.**

| | |
|---|---|
| આરોપીઓ. | ૧. જગદીશભાઈ દિનેશભાઈ પઢીયાર<br>૨. જશવંતસીહ ઉર્ફે ભુપેન્દ્રસિંહ રમણભાઈ પઢીયાર.<br>૩. ગંભીરસીહ રમણભાઈ પઢીયાર<br>૪. અજીતસીહ રમણભાઈ પઢીયાર.<br>૫. ધીરસીહ ઉર્ફે ધીરજભાઈ પ્રતાપસીહ ઉર્ફે ફતાભાઈ પઢીયાર.<br>૬. નયનાબેન વા/ઓ.અજીતસીહ રમણભાઈ પઢીયાર.<br>તમામ રહે.નાની શેરડી,તા.બોરસદ. જી.આણંદ |

| આરોપીઓ તરફે | વિધ્વાન વકીલ શ્રી.વી.એન.રાઉલજી. |
|---|---|

**FORM-B**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૭/૦૧/૨૦૧૯ |
| એફ.આઈ.આર.ની તારીખ. | ૧૭/૦૧/૨૦૨૦ |
| ચાર્જશીટ રજુ થયા તારીખ. | ૧૭/૦૩/૨૦૨૦ |
| તહોમતનામુ ફરમાવ્યા તારીખ. | ૦૧/૦૪/૨૦૨૨ |
| પુરાવાની શરુઆતની તારીખ. | ૦૮/૦૬/૨૦૨૨ |
| તારીખ કે જેના પર ચુકાદો અનામત છે. | ૧૭ /૧૨/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૧૭ /૧૨/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ,જો કોઈ હોય તો. | – |

## આરોપીઓની માહીતી.

| આરોપની રેન્ક | આરોપીનુ નામ | ધરપકડની તારીખ. | જામીન પર છુટવાની તારીખ. | ચાર્જ ફ્રેમ કર્યા મુજબની કલમ | નિર્દોષ કે દોષિત | સજા લાદવામા આવી | કલમ–428 Cr.P.C.ના હેતુ માટે ટ્રાયલ દરમીયાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | જગદીશભાઈ દિનેશભાઈ પઢીયાર | ૧૯–૦૧–૨૦ | | ભારતીય દંડ સંહીતા ની કલમ–૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા અનુસુચીતજાતિ, અનુસુચીત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ–૩(૨)(૫–અ) તથાજી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ. | | | તા.૧૯/૧/૨૦ થી |
| ૨. | જશવંતસીહ ઉર્ફે ભુપેન્દ્રસિંહ રમણભાઈ પઢીયાર. | ૧૯–૦૧–૨૦ | | ભારતીય દંડ સંહીતા ની કલમ–૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા અનુસુચીતજાતિ, અનુસુચીત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ–૩(૨)(૫–અ) તથાજી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ. | | | તા.૧૯/૧/૨૦ થી |
| ૩. | ગંભીરસીહ | ૧૯–૦૧–૨૦ | | ભારતીય દંડ સંહીતા | | | તા.૧૯/૧/૨૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | રમણભાઈ પઢીયાર | | | ની કલમ–૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા અનુસુચીતજાતિ, અનુસુચીત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ–૩(૨)(૫–અ) તથાજી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ. | | | થી |
| ૪. | અજીતસીંહ રમણભાઈ પઢીયાર. | ૧૯–૦૧–૨૦ | | ભારતીય દંડ સંહીતા ની કલમ–૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા અનુસુચીતજાતિ, અનુસુચીત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ–૩(૨)(૫–અ) તથાજી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ. | | | તા.૧૯/૧/૨૦ થી |
| ૫. | ધીરસીંહ ઉર્ફે ધીરજભાઈ પ્રતાપસીંહ ઉર્ફે ફતાભાઈ પઢીયાર. | ૧૯–૦૧–૨૦ | | ભારતીય દંડ સંહીતા ની કલમ–૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા અનુસુચીતજાતિ, અનુસુચીત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ–૩(૨)(૫–અ) તથાજી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ. | | | તા.૧૯/૧/૨૦ થી |
| ૬. | નયનાબેન વા/ઓ. અજીતસીંહ રમણભાઈ પઢીયાર. | ૩–૨–૨૦૨૦ | | ભારતીય દંડ સંહીતા ની કલમ–૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા અનુસુચીતજાતિ, અનુસુચીત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ–૩(૨)(૫–અ) તથાજી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ. | | | તા.૩/૨/૨૦ થી |

## FORM-C

પ્રોસીકયુશન/ડીફેન્સ/કોર્ટના સાક્ષીઓની યાદી.

**A.**પ્રોસીકયુશન

| **રેન્ક** | **નામ–** | **પુરાવાની વિગત** |
|---|---|---|
| PW-1 | મહેશભાઈ રામસીંગ જાદવ,આંક–૧૬ | પંચ સાહેદ |

| | | |
|---|---|---|
| PW-2 | મેલાભાઈ બબુભાઈ પરમાર,આંક–૧૮ | પંચ સાહેદ |
| PW-3 | દીપકભાઈ ભીખાભાઈ ચૌહાણ ,આંક–૧૯ | ફરીયાદી |
| PW-4 | ગીતાબેન દીપકભાઈ ચૌહાણ.,આંક–૨૪ | સાહેદ |
| PW-5 | રેવાબેન ભીખાભાઈ રોહીત, આંક–૨૫ | સાહેદ |
| PW-6 | જયંતીભાઈ દલપતભાઈ દરજી, આંક–૨૬ | સાહેદ |
| PW-7 | રમેશભાઈ ગોકળભાઈ પ્રજાપતી આંક–૨૭ | સાહેદ |
| PW-8 | સુરેશભાઈ ભીખાભાઈ મકવાણા. આંક–૨૯ | સાહેદ |
| PW-9 | ભાઈલાલભાઈ પુનમભાઈ મકવાણા., આંક–૩૦ | સાહેદ |
| PW-10 | જીતુભાઈ ખુમાનસીહ પઢીયાર,આંક–૩૧ | પંચ સાહેદ. |
| PW-11 | ગણપતભાઈ મંગળભાઈ પઢીયાર, આંક–૩૩ | પંચ સાહેદ |
| PW-12 | ફતેસીંહ દલપતસીંહ પઢીયાર, આંક–૩૫ | પંચ સાહેદ |
| PW-13 | સંગીતાબેન વા/ઓફ.ખુમાનસીંહ ઉદેસીંહ પઢીયાર , આંક–૩૭ | પંચ સાહેદ |
| PW-14 | ડો.ઘનશ્યામભાઈ અમરસીહ ગઢવી, આંક–૩૮ | તબીબ સાહેદ |
| PW-15 | નીતીરાજસીંહ સુખદેવસીંહ ઝાલા, આંક–૪૩ | પો.સ.ઈ.ભાદરણ પો.સ્ટે. ફરીયાદ લેનાર |
| PW-16 | દિપકકુમાર રમણભાઈ ભાટીયા, આંક–૪૭ | ત.ક.અ. |

**B.બચાવના સાક્ષીઓ, જો કોઈ હોય તો :**

| **રેન્ક** | **નામ–** | **પુરાવાનો પ્રકાર–** |
|---|---|---|
| DW-1 | – | – |

**C.કોર્ટના સાક્ષીઓ, જો કોઈ હોય તો :**

| **રેન્ક** | **નામ–** | **પુરાવાનો પ્રકાર–** |
|---|---|---|
| CW-1 | – | – |

**પ્રોસીકયુશન/બચાવપક્ષ/કોર્ટના આંકની સુચિ.**

| અનુ.નં | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૭ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ. |

| | | |
|---|---|---|
| ૨. | ૨૦ | આરોપી હસમુખભાઈ ઉર્ફે અશોકભાઈની શરીર સ્થિતિનુ પંચનામુ. |
| ૩. | ૨૧ | દિપકભાઈ ભીખાભાઈ ચૌહાણ નુ ક્રિ.પ્રો.કો.ક.૧૬૪ મુજબનુ નીવેદન. |
| ૪. | ૨૨ | ફરીયાદીનુ અનુસુચીત જાતીનુ જીલ્લા સમાજ કલ્યાણ અધીકારી, નડીયાદનુ પ્રમાણપત્ર. |
| ૫. | ૩૨ | આરોપીઓની શરીર સ્થિતિનુ પંચનામુ. |
| ૬. | ૩૬ | આરોપીઓની શરીર સ્થિતિનુ પંચનામુ. |
| ૭. | ૩૯ | દિપકભાઈ ભીખાભાઈ ચૌહાણ નુ મેડીકલ સર્ટી. |
| ૮. | ૪૦ | ગીતાબેન દિપકભાઈ ચૌહાણ નુ મેડીકલ સર્ટી. |
| ૯. | ૪૧ | રેવાબેન ભીખાભાઈ ચૌહાણ નુ મેડીકલ સર્ટી. |
| ૧૦. | ૪૪ | જાહેર રીપોર્ટ. |
| ૧૧. | ૪૫ | સુચીપત્ર. |
| ૧૨. | ૪૬ | ભાદરણ પો.સ્ટે.ની તા.૧૭/૧/૨૦ ની સ્ટેશન ડાયરીના પાનની ખરી નકલ. |
| ૧૩. | ૪૮ | ફરીયાદીનુ અનુસુચીત જાતીનુ જીલ્લા સમાજ કલ્યાણ અધીકારી, નડીયાદનુ પ્રમાણપત્ર. |
| ૧૪. | ૪૯ | ગુજરાત પોલીસ અધિનિયમ અંતગર્ત હુકમ. |
| ૧૫. | ૫૦ | પી.એસ.ઓ.એ.મેડીકલ ઓફીસરને લખેલ યાદી. |
| ૧૬. | ૫૧ | મેડીકલ ઓફીસરને સારવાર સર્ટી.મેળવવા કરેલ યાદી. |
| ૧૭. | ૫૨ | ફરીયાદીએ ત.ક.અ.ને પોલીસ રક્ષણ માટે આપેલ યાદી. |
| ૧૮. | ૫૩ | ગુજરાત પોલીસ અધિનિયમ અંતગર્ત હુકમ. |
| ૧૯. | ૫૪ | મેડીકલ ઓફીસરને આરોપીઓના સારવાર સર્ટી.મેળવવા કરેલ યાદી. |
| ૨૦. | ૫૫ | ફરીયાદીનુ સી.આર.પી.સી.ક.૧૬૪ નુ નિવેદન લેવા જયુ.મેજી.ફ.ક.શ્રી.બોરસદને કરેલ રીપોર્ટ |
| ૨૧. | ૫૬ | સી.આર.પી.સી.ક.૧૬૪ નુ નિવેદન લેવાની તારીખ અને સમય આપેલ તે બાબતની યાદી. |
| ૨૨. | ૫૭ | રોહીત ગીતાબેનનુ જાતી અંગેનુ પ્રમાણપત્ર |

**B.બચાવ પક્ષ :**

| અનુ.નંબર. | આંક નંબર. | વિગત |
|---|---|---|
| 1 આંક C-1/CW | – | – |

**<u>C.D મટીરીયલ ઓબ્જેકટસ :</u>**

| અનુ.નંબર. | મટેરીયલ ઓબ્જેકટસ નંબર. | વિગત. |
| --- | --- | --- |
| ૧. | મુદામાલ આર્ટીકલ નં.૧ | આરોપી ગંભીરસીંહે રજુ કરેલ લોખંડની કુહાડી વાંસના હાથામા ફીટ કરેલ જે હાથો બે ગાંઠ બે પીરાઈવાળી છે તે કુહાડી નંગ–૧ |
| | મુદામાલ આર્ટીકલ નં.૨ | આરોપી અજીતસીહે રજુ કરેલ વાંસની લાકડી પાંચ પીરાઈ ચાર ગાંઠવાળી છે તે એક લાકડી. |
| | મુદામાલ આર્ટીકલ નં.૩ | આરોપી ધીરસીંહે રજુ કરેલ વાંસની લાકડી પાંચ પીરાઈ પાંચ ગાંઠવાળી છે તે. |
| | મુદામાલ આર્ટીકલ નં.૪ | આરોપી બેન નયનાબેન વા/ઓ.અજીતસીંહ રમણભાઈ પઢીયારે રજુ કરેલ એક વાંસનો ડંડો ત્રણ પીરાઈ ત્રણ ગાંઠવાળી છે તે. |

**<u>–:: ચુ કા દો. ::–</u>**

(૧) આરોપીઓ વિરુધ્ધના હાલના કેસના ગુનાની હકીકત મુજબ આરોપીઓએ તા.૧૭/૧/૧૯ ના રોજ કલાક ૧૪–૦૦ થી ૧૪–૧૫ ના સુમારે નાની શેરડી જોગણી માતા પાસે ચોકના સ્થળે અને સમયે આરોપી નં.૧,૨ જગદીશભાઈ તથા જશવંતભાઈ આર.સી.સી.રોડનુ કામ ચાલુ હોવા છતા કાચા કામમા મોટરસાયકલ લઈને ચલાવી આવતા ફરીયાદી દીપકભાઈ ચૌહાણ તથા સાહેદ સુરેશભાઈથી રોડ કાચો હોય બે દિવસ સાચવવા ઠપકો કરતા આરોપીઓ ગાળો બોલી જતા રહેલા.ત્યારબાદ તેઓનુ ઉપરાણુ લઈને આરોપી નં.૩ થી ૬ નાઓ હથીયારો લઈ આવીને ગાળો બોલીને ફરીયાદીને આરોપી નં.૩ ગંભીરસીંહે કુહાડી જમણા પગે નળા ઉપર મારીને તથા ફરીયાદી પડી જતા સહ આરોપી નં.૪,૫ એ લાકડીની ઝાપોટો મારતા તેઓને બચાવવા પડતા,રેવાબેન ગીતબેન વચ્ચે આડાશ કરતા તેઓને પણ લાકડીની ઝાપોટો મારીને ઈજા કરીને આરોપી નં.૬ નાએ સાહેદ રેવાબેનને સાથળે લાકડીની ઝાપટ મારીને આરોપીઓએ જાતીવાચક અપમાનજનક શબ્દો બોલીને,જાનથી મારી નાંખવાની ધમકીઓ આપીને,જીલ્લા મેજી.શ્રી.ના હથીયારબધીના જાહેરનામાનો ભંગ કરી,એકબીજાની મદદગારીમા ગુનો કરેલ હોવા બાબતે ફરીયાદી દિપકભાઈ ભીખાભાઈ ચૌહાણ (રોહીત) ધ્વારા ભાદરણ પોલીસ સ્ટેશનમા ફરીયાદ નોંધાવતા ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૧૫૦૦૪૨૦૦૦૦૯/૨૦૨૦,તારીખ.

૧૭/૧/૨૦૨૦ થી ફરીયાદ નોંધાવેલ છે.સદર ફરીયાદની તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધનો હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) ફરીયાદની તપાસના કામે તપાસ કરનાર અમલદારને આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા તપાસ કરનાર અમલદાર તરફે આ કામે આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા અનુસુચીતજાતિ,અનુસુચીત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ–૩(૨)(૫–અ)તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાની ચાર્જશીટ રજુ કરેલ. સ્પે.(એટ્રો)કેસ નંબર.૦૬/૨૦૨૦ ,તા.૧૭/૦૩/૨૦૨૦ થી નોંધવામા આવેલ છે.ત્યારબાદ સદર કેસ અત્રેની કોર્ટમાં તબદીલ થતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામના આરોપીઓ વિરુધ્ધ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ ભારતીય દંડ સંહીતાની કલમ– કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા અનુસુચીતજાતિ,અનુસુચીત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ–૩(૨)(૫–અ)તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનુ આંક–૦૮ મુજબનુ તહોમતનામુ તારીખ.૦૧/૦૪/૨૦૨૨ ના રોજ ફરમાવીને આંક–૦૯ થી ૧૪ સુધી આરોપીઓનુ નિવેદન લઈને આરોપીઓની પુછપરછ કરતા આરોપીઓએ ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે.ત્યારબાદ ફરી.પક્ષે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.ફરીયાદપક્ષે પોતાનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો નીચે મુજબ રજુ કરેલો છે.

**મૌખિક પુરાવો**

| સાહેદ નં | આંક | સાહેદનુ નામ અને વિગત. |
|---|---|---|
| ૧ | ૧૬ | પંચ સાહેદ મહેશભાઈ રામસીંગ જાદવની જુબાની. |
| ૨ | ૧૮ | પંચ સાહેદ મેલાભાઈ બબુભાઈ પરમારની જુબાની. |
| ૩ | ૧૯ | ફરીયાદી દીપકભાઈ ભીખાભાઈ ચૌહાણની જુબાની. |
| ૪. | ૨૪ | સાહેદ ગીતાબેન દીપકભાઈ ચૌહાણની જુબાની. |
| ૫ | ૨૫ | સાહેદ રેવાબેન ભીખાભાઈ રોહીતની જુબાની. |
| ૬. | ૨૬ | સાહેદ જયંતીભાઈ દલપતભાઈ દરજીની જુબાની. |

| | | |
|---|---|---|
| ૭. | ૨૭ | સાહેદ રમેશભાઈ ગોકળભાઈ પ્રજાપતીની જુબાની. |
| ૮. | ૨૯ | સાહેદ સુરેશભાઈ ભીખાભાઈ મકવાણાની જુબાની. |
| ૯. | ૩૦ | સાહેદ ભાઈલાલભાઈ પુનમભાઈ મકવાણાની જુબાની. |
| ૧૦. | ૩૧ | પંચ જીતુભાઈ ખુમાનસીહ પઢીયારની જુબાની. |
| ૧૧. | ૩૩ | પંચ સાહેદ ગણપતભાઈ મંગળભાઈ પઢીયારની જુબાની. |
| ૧૨. | ૩૫ | પંચ સાહેદ ફતેસીંહ દલપતસીંહ પઢીયારની જુબાની. |
| ૧૩. | ૩૭ | પંચ સાહેદ સંગીતાબેન વા/ઓફ.ખુમાનસીંહ ઉદેસીંહ પઢીયારની જુબીન. |
| ૧૪. | ૩૮ | સાહેદ ડો.ધનશ્યામભાઈ અમરસીહ ગઢવીની જુબાની. |
| ૧૫. | ૪૩ | સાહેદ નીતીરાજસીંહ સુખદેવસીંહ ઝાલાની જુબાની. |
| ૧૬. | ૪૭ | ત.ક.અ.દિપકકુમાર રમણભાઈ ભાટીયાની જુબાની. |

(૪) આ કામે ફરીયાદ પક્ષ તરફથી મૌખિક પુરાવા ઉપરાંત નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**દસ્તાવેજી પુરાવાઓ**

| **ક્રમ.** | **આંક** | **દસ્તાવેજની વિગત.** |
|---|---|---|
| ૧. | ૧૭ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ. |
| ૨. | ૨૦ | આરોપી હસમુખભાઈ ઉર્ફે અશોકભાઈની શરીર સ્થિતિનુ પંચનામુ. |
| ૩. | ૨૧ | દિપકભાઈ ભીખાભાઈ ચૌહાણનુ ક્રિ.પ્રો.કો.ક.૧૬૪ મુજબનુ નીવેદન. |
| ૪. | ૨૨ | ફરીયાદીનુ અનુસુચીત જાતીનુ જીલ્લા સમાજ કલ્યાણ અધીકારી, નડીયાદનુ પ્રમાણપત્ર. |
| ૫. | ૩૨ | આરોપીઓની શરીર સ્થિતિનુ પંચનામુ. |
| ૬. | ૩૬ | આરોપીઓની શરીર સ્થિતિનુ પંચનામુ. |
| ૭. | ૩૯ | દિપકભાઈ ભીખાભાઈ ચૌહાણનુ મેડીકલ સર્ટી. |
| ૮. | ૪૦ | ગીતાબેન દિપકભાઈ ચૌહાણનુ મેડીકલ સર્ટી. |
| ૯. | ૪૧ | રેવાબેન ભીખાભાઈ ચૌહાણનુ મેડીકલ સર્ટી. |
| ૧૦. | ૪૪ | જાહેર રીપોર્ટ. |
| ૧૧. | ૪૫ | સુચીપત્ર. |
| ૧૨. | ૪૬ | ભાદરણ પો.સ્ટે.ની તા.૧૭/૧/૨૦ ની સ્ટેશન ડાયરીના પાનની |

| | | |
|---|---|---|
| | | ખરી નકલ. |
| ૧૩. | ૪૮ | ફરીયાદીનુ અનુસુચીત જાતીનુ જીલ્લા સમાજ કલ્યાણ અધીકારી, નડીયાદનુ પ્રમાણપત્ર. |
| ૧૪. | ૪૯ | ગુજરાત પોલીસ અધિનિયમ અંતગર્ત હુકમ. |
| ૧૫. | ૫૦ | પી.એસ.ઓ.એ.મેડીકલ ઓફીસરને લખેલ યાદી. |
| ૧૬. | ૫૧ | મેડીકલ ઓફીસરને સારવાર સર્ટી.મેળવવા કરેલ યાદી. |
| ૧૭. | ૫૨ | ફરીયાદીએ ત.ક.અ.ને પોલીસ રક્ષણ માટે આપેલ યાદી. |
| ૧૮. | ૫૩ | ગુજરાત પોલીસ અધિનિયમ અંતગર્ત હુકમ. |
| ૧૯. | ૫૪ | મેડીકલ ઓફીસરને આરોપીઓના સારવાર સર્ટી.મેળવવા કરેલ યાદી. |
| ૨૦. | ૫૫ | ફરીયાદીનુ સી.આર.પી.સી.ક.૧૬૪ નુ નિવેદન લેવા જયુ.મેજી.ફ.ક.શ્રી.બોરસદને કરેલ રીપોર્ટ |
| ૨૧. | ૫૬ | સી.આર.પી.સી.ક.૧૬૪ નુ નિવેદન લેવાની તારીખ અને સમય આપેલ તે બાબતની યાદી. |
| ૨૨. | ૫૭ | રોહીત ગીતાબેનનુ જાતી અંગેનુ પ્રમાણપત્ર. |

(૫) ફરીયાદપક્ષે ઉપર મુજબનો પુરાવો રજુ થયા બાદ વિધ્વાન સરકારી વકીલશ્રી તરફે આંક–૫૮ થી વધુ કોઈ પુરાવો આપવો નથી તેવુ જાહેર થયા બાદ આરોપીઓનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે.જેમાં આરોપીઓએ વિશેષમાં જણાવેલ છે કે,ફરીયાદીએ ચુંટણી અંગેની રીસ રાખી તેઓની ઉપર ખોટો કેસ કરેલ છે.તેઓ નિર્દોષ છે.આરોપીઓએ જાતે સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે પોતાના બચાવમાં કોઈ સાહેદોને તપાસેલા નથી.

(૬) સદર કામે સરકાર તરફે વિધ્વાન સરકારી વકીલશ્રી.આર.એન.સોલંકી મૌખિક દલીલોમા જણાવેલ છે કે આરોપીઓ વિરુધ્ધનો આક્ષેપીત ગુનો ફરી.પક્ષે રજુ કરવામા આવેલ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામા આવેલ છે. આ કામના આરોપીઓ નં.૧,૨ ના તા.૧૭.૦૧.૨૦૧૯ ના કલાક ૧૪.૦૦ વાગ્યે ફરિયાદી તથા સુરેશભાઇને ગાળો બોલેલા. બાદમાં આરોપીઓ નં.૩ થી ૬ હથિયારો લઇને આવી ગાળો બોલી ફરિયાદીને આરોપી નં.૩ ગંભીરસિંહે કુહાડી જમણા પગે નળા ઉપર મારી ફરિયાદી પડી જતા આરોપીઓ નં.૪,૫ એ લાકડીની ઝાપોટો મારતા તેઓને બચાવવા વચ્ચે પડતા રેવાબેન,ગીતાબેન વચ્ચે આડશ કરતા તેઓને પણ લાકડીની ઝાપોટો મારી ઈજા

કરી તથા આરોપી નં.૬ એ સાહેદ રેવાબેનને સાથળે લાકડીની ગુમ્પર મારીને આરોપીઓએ જાતિવાચક અપમાનજનક શબ્દો બોલીને જાનથી મારી નાંખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાનો આક્ષેપ છે.આ કામે ફરિયાદપક્ષે ૧૬ સાહેદો તપાસેલા છે. દસ્તાવેજી પુરાવા ૧૬ જેટલા રજૂ કરેલ છે.પંચ સાહેદ મહેશ રામસીંગ જાદવને આંક-૧૬ થી તપાસેલા છે. તેઓ ફરિ ગયેલા છે. ગુનાવાળી જગ્યાનું પંચનામું આંક-૧૭ થી રજૂ છે. આંક-૧૮ થી પંચ મેલાભાઇ બબુભાઇ પરમારને તપાાસેલા છે. તેઓ પણ ફરિ ગયેલા છે પરંતુ ઉલટ તપાસમાં પંચનામાની હકિકતોને કબુલ રાખેલ છે. આમ, બનાવની જગ્યા સરકાર તરફે પુરવાર કરવામાં આવેલ છે.આંક-૧૯ થી ફરિયાદી દિપકભાઇ ભીખાભાઇ ચૌહાણને તપાસેલા છે. આંક-૨૦ થી અસલ ફરિયાદ રજૂ કરેલ છે જયારે જાતિનો દાખલો આંક-૨૩ થી રજૂ છે. તા.૧૭.૦૧.૨૦૨૦ ના રોજ બનાવ બનેલ છે. તે દરમ્યાન જગદિશભાઇ અને જશવંતભાઇ તથા ગંભીરભાઇએ જમણા પગના નળા ઉપર કુહાડી મારેલ. ધીરજભાઇએ થાપા ઉપર લાકડી મારેલી. ગંભીરભાઇએ ધમકી આપેલી કે, આ વખતે તું બચી ગયો છે પણ ફરિવાર તને જીવતો નહિ મુકીશું. મારી પત્નિને જશવંતભાઇ અને બીજા લોકોએ સાથળના ભાગે લાકડીઓ મારેલી તથા મારી મમ્મીને રચનાબેને થાપા ઉપર લાકડીથી મારેલું. ફરિયાદ મુજબની હકિકત સરતપાસમાં જણાવેલ છે. સી.આર.પી.સી.કલમ-૧૬૪ નું નિવેદન આંક-૨૧ થી રજૂ છે. હથિયાર ઓળખી બતાવે છે. મુદ્દામાલ આર્ટિ.નં.૩ અને ૪ બાબતે અનુક્રમે લાકડી ધીરજભાઇને મારેલી અને બનાવને લઇને નયનાબેને મારા મમ્મીને મારેલ તેમ જણાવી હથિયાર ઓળખી બતાવે છે. બચાવ પક્ષે હથિયાર બાબતે કોઇ બચાવ લીધેલ નથી.આંક-૨૪ થી બનાવ નજરે જોનાર સાહેદ ગીતાબેન દિપકભાઇ ચૌહાણને તપાસેલા છે. આરોપી ગંભીરસિંહ, અજીતભાઇ, ધીરજભાઇને ઓળખી બતાવે છે. મારા પતિને ગંભીરભાઇએ દાંતી મારેલ અને બરડાના ભાગે વાગેલું. ગંભીરભાઇ ધીરજભાઇ અને ભુપેન્દ્રભાઇ તે બધા લોકોએ ધમકી આપેલી અને કહેલ કે તમોને જાનથી મારી નાંખીશું અને ગાળો બોલેલા.આંક-૨૫ થી સાહેદ રેવાબેન ભીખાભાઇ રોહીત(ફરિયાદીની માતા), આંક-૨૬ થી સાહેદ જયંતિભાઇ દલપતાભાઇ, આંક-૨૭ થી બનાવ નજરે જોનાર સાહેદ રમેશભાઇ ગોકળભાઇ પ્રજાપતિ, આંક-૨૯ થી સાહેદ સુરેશભાઇ ભીખાભાઇ નાઓ ને તપાસેલા છે. સદર સાહેદોએ ફરિયાદ હકિકતને સમર્થન કરેલ છે. સાહેદ રેવાબેન સોગંદ ઉપર જણાવે છે કે, જગદિશભાઇએ લાકડી મારા દિકરાને બરડા પર મારેલી. તેમના દિકરા સાથે ગંભીરભાઇ, અજીતભાઇ, નયનાબેન, જગદીશભાઇ, જશવંતભાઇ, ધીરજભાઇ ઝઘડો કરતા હતા અને મારા દિકરાને ગાળો બોલતા હતા. જગદીશભાઇએ લાકડી મારા દિકરાને બરડા પર મારેલી. ગંભીરભાઇએ મારા દિકરાને કુહાડી મારેલી અને નયનાબેને મને પાછળ પગના ભાગે ડંડો મારેલો અને મારી વહુને બરડા પર લાકડીઓ મારેલ હતી કારણ કે મારા દિકરા દિપકને છોડાવવા જતા હતા તે દરમ્યાન અમોને લાકડીઓ મારેલી અને ગાળો બોલતા બોલતા જતા હતા ત્યારે મારા

દિકરા દિપને ધમકી આપી હતી કે, તને જીવતો છોડીશું નહિં તેમ કહી બધા લોકો ત્યાંથી જતા રહેલા. ત્યારબાદ અમો પો.સ્ટે.ફરિયદ આપવા માટે આવેલી. દ જયારે આંક–૩૦ ના સાહેદ ભાઈલાલભાઈ પુનમભાઈ ફરિ ગયેલા છે. બનાવ સમયે આર.સી.સી. રોડનું કામ ચાલુ હતું. જગદિશભાઈ તેમનું બાઇક લઇને આર.સી.સી.રોડનું કામ ચાલુ હતું ત્યાં તે લઇને આવતા હતા તે બાબતે ઝઘડો થયેલાનું સાહેદ જણાવે છે.આંક–૩૧ અને આંક–૩૩થી તપાસવામાં આવેલ પંચ સાહેદો જીતુભાઈ ખુમાનસિંહ પઢિયાર અને ગણપતભાઈ મંગળભાઈ પઢિયાર નાઓ ફરિ ગયેલા છે. આંક–૩૨ થી આરોપીની શરીર સ્થિતિનું પંચનામું રજૂ કરેલ છે.આંક– ૩૫ અને આંક–૩૭ થી તપાસવામાં આવેલ પંચ સાહેદો ફતેસિંહ દલપતસિંહ પઢિયાર અને સંગીતાબેન ખુમાનસિંહ નાઓ ફરિ ગયેલા છે. આરોપીની શરીર સ્થિતિનું પંચનામું આંક–૩૬ થી રજૂ રાખેલ છે.આંક–૩૮ થી ડૉ.ઘનશ્યામભાઈ અમરસિંહ ગઢવીને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ ઈજા બાબતે આરોપીઓએ ઈજા કરેલાનું પોતાની હિસ્ટ્રીમાં જણાવેલ હોવાનો પુરાવો આપે છે.આંક–૪૩ થી નીતીનસિંહ સુખદેવસિંહ ઝાલાને તપાસેલા છે, જેઓ ફરિયાદ નોંધનાર છે. જાહેર રીપોર્ટ અને સુચિપત્ર અનુક્રમે આંક–૪૪ અને આંક–૪૫ તી રજૂ કરેલ છે. સ્ટે.ડાયરીના સંબંધિત પાનાની નકલ આંક–૪૬ થી રજૂ કરેલ છે.આંક–૪૭ થી તપાસ કરનાર અમલદાર દિપકકુમાર રમણભાઇ ભાટીયાને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ મુદ્દામાલ અને આરોપીઓને ઓળખી બતાવે છે અને ફરિયાદ પક્ષને સમર્થનકારી પુરાવો આપે છે.આમ, ફરિયાદપક્ષે રજૂ કરવામાં આવેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી ફરિયાદ પક્ષે આરોપીઓ સામેનો આક્ષેપિતા ગુના સાબિર કરેલ છે અને જેથી આરોપીઓને દાખલો બેસે તેવી મહત્તમ સજા કરવા વિનંતી કરેલ છે.

(૭) આ કામે બચાવ પક્ષના વિધ્વાન વકીલશ્રી.વી.એન.રાઉલજી તેઓની આંક–૬૩ ની લેખીત દલીલ મુજબ રજુઆત કરેલ છે અને જણાવેલ છે કે આ કામે તપાસેલા તમામ પંચ સાહેદો ફરી ગયેલા જાહેર થયેલા હોય પંચનામા પુરવાર થતા નથી. આંક–૧૯ થી ફરિયાદી દિપકભાઇ ભીખાભાઇ ચૌહાણ તેની જુબાનીમાં આરોપીઓ જાતિ વિષયક અપમાનજનક શબ્દો બોલ્યા હોય તેવો કોઇ જ પુરાવો નથી. મુદ્દામાલ કુહાડી ઓળખી બતાવતા નથી. એટ્રો કેસ નં.૪૧/૨૦૧૨ માં સાહેદ તરીકે જુબાની આપેલ હોવા છતાં ખોટું બોલે છે. ફરિયાદી પંચયાતમાં કોઇ હોદ્દો ધરાવતા નથી. પંચયાતના રોડ બાબતે તેઓને તકરાર કરવા કે બોલવાનો કોઇ અધિકાર નથી. આરોપીના પત્નિ તથા સુરેશભાઇના પત્નિ ચુંટણીમાં સરપંચ માટે ઉમેદવારી કરેલ જેમાં આરોપીના પત્નિ કોંગ્રેસ પાર્ટિમાંથી ઉભેલ તથા સુરેશભાઇના પત્નિ ભાજપ પક્ષ તરફથી ચુંટણી લડેલ અને તેમાં તેણી જીતી ગયેલ જેથી રાજકીય કિન્નાખોરીથી સરપંચના પતિ સુરેશભાઇના કહેવાથી ફરિયાદ આપવામાં આવેલ છે.આંક–૨૪ થી ફરિયાદીના પત્નિ ગીતાબેન દિપકભાઇ ચૌહાણની જુબાની થયેલ છે. સાહેદે તેના પતિને ગંભીરભાઇએ પગમાં દાંતિ મારેલ

તેમ કહેલ છે. જયારે ફરિયાદી કુહાડી મારેલ તેમ જણાવે છે. મુદ્દામાલ ઓળખી બતાવતા નથી. જાતિ વાચક શબ્દોનો કોઇ ઉલ્લેખ નથી.આંક–૨૫ થી સાહેદ રેવાબેન ભીખાભાઇ (ફરિયાદીની માતા)ને તપાસેલા છે. તેઓ મુદ્દામાલ ઓળખી બતાવતા નથી તેમજ જાતિ વાચક શબ્દોનો કોઇ ઉલ્લેખ નથી. વધુમાં, ઉલટ તપાસમાં સુરેશભાઇના પત્નિ સરપંચ હોય તેઓનો વહીવટ તેઓના પતિ સુરેશભાઇ કરતા આવેલા છે. હું બનાવ વખતે પહોંચી ત્યારે તહોમતદારો ત્યાંથી ભાગી ગયેલા. પોલિસે માત્ર મારુ નામ સરનામું પુછેલ તે સિવાય પોલિસે કાંઇ પુછેલ નહિ અને મેં પો.સ્ટે.માં પોલિસ જવાબમાં કોઇ હકિકત જણાવેલ નથી તેમ જણાવે છે. આંક–૨૬ થી સાહેદ જયંતિભાઇ દલપતભાઇ દરજી(ફરિયાદીના મિત્ર) કે જેઓ પંચાયતની ચુંટણીમાં ભાજપ સમર્થનકર્તા છે જયારે આરોપી કોંગ્રેસ પાર્ટિના છે તેથી સદર સાહેદ ફરિયાદીને સમર્થન કરવા ખોટી જુબાની આપે છે.આંક–૨૭ સાહેદ રમેશભાઇ ગોકળભાઇ પ્રજાપતિને તપાસેલા છે. સદર સાહેદ આરોપીઓએ જાતિ વાચક શબ્દો ઉચ્ચારેલા હોય તેવું જણાવેલ નથી. મુદ્દામાલ ઓળખી બતાવેલ નથી.સુરેશભાઇના પત્નિ પંચાયતના ઇલેકશનમાં જીતેલા ત્યારબાદ તેઓએ મને પંચાયતમાં પટ્ટાવાળા તરીકે રાખેલો. એ વાત ખરી છે કે, પંચાયતનો વહીવટ સુરેશભાઇ કરતા હતા તેથી ગંભીરભાઇ તથા તેમના માણસો તે બાબતે વિરોધ કરતા. એ વાત ખરી છે કે, સુરેશભાઇ જે કહેતા તે હું કરતો. એ વત ખરી છે કે, દિપકભાઇ પંચાયતના સભ્ય કે પંચાયતમાં કોઇ હોદ્દો ધરાવતા ન હતા.આંક–૨૯ થી સાહેદ સુરેશભાઇ ભીખાભાઇની જુબાની થયેલ છે. સદર સાહેદે ઉલટ તપાસમાં બનાવ બન્યા બાદ આવેલાનું જણાવેલ છે તથા પો.સ્ટે.માં મારી કોઇ પુછપરછ કરેલ નહિ. એ વાત ખરી છે કે, પોલિસે મારા જવાબમાં શું લખ્યુ તે બાબતની મને ખબર નથી. આંક–૩૦, આંક–૩૧, આંક–૩૫ અને આંક–૩૭ ના પંચ સાહેદો ભાઇલાલભાઇ પુનમભાઇ મકવાણા, જીતુભાઇ ખુમાનસિંહ પઢિયાર, ફતેસિંહ દલપતસિંહ પઢિયાર અને સંગીતાબેન ખુમાનસિંહ નાઓ ફરિ ગયેલા છે અને ફરિયાદ પક્ષના કેસને બિલકુલ સમર્થન કરતા નથી.આંક–૩૨ અને આંક–૩૬ થી આરોપીઓની શરીર સ્થિત/મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું છે.આંક–૩૮ થી ડૉ.ઘનશ્યામભાઇ અમરસિંહ ગઢવી તેમની જુબાનીમાં સાદા પ્રકારની અને મુઢ મારની ઇજાઓ છે તેમ જણાવે છે અને તે ઇજાઓ ધક્કામુક્કીમાં પડી જવાથી પણ થઇ શકે તેવું સદર સાહેદ ડૉ.નું જણાવવું છે. આંક–૩૯ થી ૪૧ મેડીકલ સર્ટિફિકેટો છે.આંક–૪૩ સાહેદ નીતીરાજસિંહ સુખદેવસિંહ ઝાલા કે જેઓ ફરિયાદ લેનાર છે. ફરિયાદીની જુબાની તથા પોલિસ સ્ટેશનમાં આપેલ ફરિયાદમાં મહત્વની બાબતેનું કોન્ટ્રાડીશન છે.આંક–૪૭ તપાસ કરનાર અમલદાર દિપકકુમાર રમણભાઇ ભાટીયા તેમની જુબાનીમાં ઉલટ તપાસમાં ફરિયાદીએ ફો.કે.નં.૪૧/૧૨ માં જુબાની આપેલ છે તેમ છતાં નામ કોર્ટ સમક્ષ ધરાર ખોટું બોલે છે તે દર્શાવવા નિ.૬૪/૧થી સ્પે.એટ્રો. કેસ નં.૪૧/૧૨ નું જજમેન્ટ રજૂ થયેલ છે. નિ.૬૨/૨ થી ફરિયાદીની તે કામે થયેલ જુબાનીની કોપી છે. ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ તમામ સાહેદોના

પુરાવા જોતાં જાતિવાચક શબ્દો બોલેલા હોય તેવી કોઇ હકિકત રેકર્ડ ઉપર આવેલ નથી. ફરિયાદમાં કોઇ જગ્યાએ જાતિ વાચક આક્ષેપ નથી. મુદ્દામાલ ઓળખી બતાવેલ નથી અને કહેવાતા મુદ્દામાલથી ઈજા કરેલ છે તે હકિકત સાહિત કરેલ નથી.દરેક સાહેદોએ ફરિયાદથી અલગ-અલગ હકિકત જુબાનીઓમાં જણાવેલ છે. રસ ધરાવતા સાહેદોના નિવેદનો લેવામાં આવેલ છે. મેડીકલ સર્ટિ. તથા ડૉ.ની જુબાની મુજબ ફરિયાદીએ ફરિયાદમાં જણાવ્યા મુજબની કોઇ ઈજા નથી તેમજ પડી જવાથી પણ આવી ઈજા થઇ શકે.ફરિયાદી તથા તહોમતદાર વચ્ચે ચુંટણીના કારણે અણબનાવ બનેલાનું રેકર્ડ ઉપર આવેલ છે. ફરિયાદની હકિકત નિશંકપણે પુરવાર થતી નથી.આંક-૨૧ થી કલમ-૧૬૪નું નિવેદન લીધેલ છે. ફરિયાદ સને ૨૦૨૦ની છે જયારે ક.૧૬૪ નું નિવેદન ભા.પો.સ્ટે. ગુ.ર.નં.૯/૧૯ ના કામે તા.૩.૨.૧૯ ના રોજ લેવામાં આવેલ છે. હાલના કામનું ૧૬૪નું નિવેદન નથી. તટસ્થ તપાસ થયેલ નથી. ખોટો બનાવ ઉભો કરી ખોટી ફરિયાદ કરેલ છે. આ કામે ફરિયાદ ખોટી હોઇ સરકારશ્રી પાસેથી મેળવેલ વળતર પરત કરવું જોઇએ તથા ફરિયાદીને દંડ કરવો જોઇએ તેમ પોતાની દલીલમાં જણાવેલ છે. જેથી આરોપીઓને તેની સામેના આક્ષેપિત ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૮) આ કામે બંને પક્ષકારો તરફે થયેલ રજુઆત તથા રજુ થયેલ રેકર્ડ પુરાવાઓ ધ્યાને લેતા કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયા છે.

## // મુદ્દાઓ //

**મુદા નંબર-૧** શુ ફરીયાદપક્ષ નિ:શંક પણે પુરવાર કરી શકેલ છે કે,આરોપીઓએ તા.૧૭/૧/૧૯ ના રોજ કલાક ૧૪-૦૦ થી ૧૪-૧૫ ના સુમારે નાની શેરડી જોગણી માતા પાસે ચોકના સ્થળે અને સમયે આરોપી નં.૧,૨ જગદીશભાઈ તથા જશવંતભાઈ આર.સી.સી.રોડનુ કામ ચાલુ હોવા છતા કાચા કામમા મોટરસાયકલ લઈને ચલાવી આવતા ફરીયાદી દીપકભાઈ ચૌહાણ તથા સાહેદ સુરેશભાઈથી રોડ કાચો હોય બે દિવસ સાચવવા ઠપકો કરતા આરોપીઓ ગાળો બોલી જતા રહેલા.ત્યારબાદ તેઓનુ ઉપરાણુ લઈને આરોપી નં.૩ થી ૬ નાઓ હથીયારો લઈ આવીનેગાળો બોલીને ફરીયાદીને આરોપી નં.૩ ગંભીરસીંહે કુહાડી જમણા પગે નળા ઉપર મારીને તથા ફરીયાદી પડી જતા સહ આરોપી નં.૪,૫ એ લાકડીની ઝાપોટો મારતા તેઓનેબચાવવા પડતા,રેવાબેન ગીતબેન વચ્ચે આડાશ કરતા તેઓને પણ લાકડીની ઝાપોટો મારીને ઈજા કરીને આરોપી નં.૬ નાએ સાહેદ રેવાબેનને સાથળે લાકડીની ઝાપટ મારીને આરોપીઓએ જાતીવાચક

અપમાનજનક શબ્દો બોલીને,જાનથી મારી નાંખવાની ધમકીઓ આપીને,જીલ્લા મેજી. શ્રી.ના હથીયારબધીના જાહેરનામાનો ભંગ કરી,એકબીજાની મદદગારીમા ગુનો કરી, ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા અનુસુચીત જાતિ, અનુસુચીત જનજાતી (અત્યાચારનિવારણ)અધિનિયમની કલમ–૩(૨)(૫–અ)તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**મુદા નંબર.–૨** શુ આખરી હુકમ ?

(૯) ઉપરોકત મુદાઓનો મારો આખરી નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

(૧૦) આ કામે બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની મૌખીક રજુઆત તથા રજુ થયેલ રેકર્ડનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં ઉપરોકત મુદાઓના નિર્ણયના કારણો નીચે મુજબ રહેલા છે.

<u>// કા ર ણો. //</u>

<u>મુદા નંબર–૧ ::–</u>

(૧૧) સદર કામે આરોપીઓ વિરુધ્ધ આંક–૮ થી પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા અનુસુચીતજાતિ,અનુસુચીત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ–૩(૨)(૫–અ)તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ તહોમતનામુ ફરમાવેલ છે.આપણી ફોજદારી ન્યાય પધ્ધતિ મુજબ ફરીયાદપક્ષે યોગ્ય પુરાવો રજુ કરી આરોપીઓ સામે મુકવામા આવેલા તહોમતો નિ:શંકપણે પુરવાર કરવાના હોય છે.ખાસ અપવાદરુપ સંજોગોંમા કેસ પડતો હોય, તે સિવાય બચાવપક્ષે પોતાની નિર્દોષતા પુરવાર કરવા માટે પુરાવો રજુ કરવાની આવશ્યકતા રહેતી નથી.ફરીયાદપક્ષના પુરાવામાં શંકા ઉભી થઈ શકે, તેવી હકીકત ફરીયાદ પક્ષના સાહેદોની ઉલટતપાસમાં તથા રજૂ થયેલા પુરાવામાં બચાવપક્ષ લાવી શકે તે તેઓને માટે પુરતુ છે.

(૧૨) સદર કામે આરોપીઓ વિરુધ્ધનો ગુનો પુરવાર કરવા માટે ફરી.પક્ષે **સાહેદ**

**નં.૧ તરીકે પંચ સાહેદ મહેશભાઈ રામસીંગ જાદવને આંક–૧૬ થી તથા બીજા પંચ સાહેદ મેલાભાઈ બબુભાઈ પરમારને આંક–૧૮ થી** તપાસવામા આવેલા છે તેઓ આંક–૧૭ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે.સદર પંચ સાહેદો એક પંચનામામા સહી કરેલ હોવાનુ જણાવે છે અને તેઓની હાજરીમા ગુનાવાળી જગ્યાનુ પંચનામુ થયેલ હોય તે હકીકતનો ઈન્કાર કરે છે.સદર પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી કોર્ટની પરવાનગીથી વિ.એપીપીશ્રી ધ્વારા ઉલટતપાસ કરેલ છે.જે દરમીયાન પણ કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી અને તેઓની હાજરીમા ગુનાવાળી જગ્યાનુ પંચનામુ થયેલ હોય તે હકીકતનો તેઓ સ્પષ્ટપણે ઈન્કાર કરે છે.

સદર બંને પંચ સાહેદોની બચાવપક્ષે ઉલટતપાસ કરવામા આવેલ છે તેમા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમણે સરતપાસમા જે જગ્યા જણાવી તે ગામમા તેમને અવારનવાર આવવા જવાનુ થાય છે તેથી તેઓ માહીતગાર હોઈ તેમણે જણાવેલ છે.એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે, તેઓએ લખાવ્યુ હોય અને પોલીસ લખતી હોય તેવુ બનેલ નહી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ફરીયાદ દિપકભાઈએ કરેલી છે.એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે, આ કામના આરોપી નં.૩ ગંભીરભાઈના પત્ની કે જે સુરેશભાઈ ભીખાભાઈ મકવાણાની પત્ની લક્ષ્મીબેન સામે સરપંચના ઈલેકશનમા હારી ગયેલા.એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે પોલીસના કહેવાતી તેમણે સહી કરેલી.

(૧૩) ત્યારબાદ ફરી.પક્ષે સાહેદ નં.૩ તરીકે **ફરીયાદી દીપકભાઈ ભીખાભાઈ ચૌહાણને** આંક–૧૯ થી તપાસવામા આવેલા છે તેઓ સોગંદ ઉપરના પુરાવામા જણાવે છે કે,બનાવ તા. ૧૭/૧/૨૦ ના રોજ બનેલો. તે દીવસે પોતે પોતાના ઘરેથી બપોરના બે વાગ્યે નીકળી પંચાયતના કામે પંચાયત ઓફીસ ગયેલો. તે વખતે જોગણી માતાના મંદીર પાસે આર.સી.સી. રોડનું કામ ચાલુ હતુ. ત્યાં નાની શેરડી ગામના સરપંચના પતિ સુરેશભાઈ ભીખાભાઈ મકવાણા અને પટાવાળા રમેશભાઈ ગોકળભાઈ પ્રજાપતિ ત્યાં હાજર હતા,તેમને જોઈને પોતેં તેમની પાસે ગયેલો તે વખતે આ જગદીશભાઈ દીનેશભાઈ તથા ભુપેન્દભાઈ ઉર્ફે જશવંતભાઈ રમણભાઈ પઢીયાર નાઓ આર.સી.સી. કામ ચાલુ હતુ તેમા બાઈક લઈને આવી ગયેલા જેથી આર.સી.સી.મા પાટા પડી ગયેલા તેથી સરપંચ ના પતિ સુરેશભાઈ એ અને સદર સાહેદેં એમ કહેલ કે બે દીવસ સુધી આર.સી.સી. પર ના જશો અને બે દીવસ જપી જાઓ તેથી બન્ને જણા જગદીશભાઈ અને

જશવંતભાઈ ઉશ્કેરાઈ ગયેલા અને ત્યાંથી ઘરે જતા રહેલા અને સદર સાહેદ પંચાયત ઓફીસમા ગયેલો અને સદર સાહેદ ત્યાં ઓફીસમા બેઠેલો અને ત્યાં તલાટી સાહેબ પણ હાજર હતા તે દરમ્યાન જગદીશભાઈ અને જશવંતભાઈ તથા ગંભીરભાઈ,અજીતભાઈ,ધીરજભાઈ,નયનાબેન વિગેરે આ લોકો ટોળુ ગાળો બોલતા બોલતા ત્યાં આવેલા અને તેમની સાથે હથીયાર પણ હતા તેમા ગંભીરભાઈના હાથમા કુહાડી, ધીરજભાઈના હાથમા લાકડી, જશવંતભાઈના હાથમા લાકડી, અને અજીતભાઈ અને નયનાબેનના હાથમા નાના ડંડા જેવા હથીયારો હતા. આ લોકોનો અવાજ સાંભળી સદર સાહેદ પંચાયતની બહાર નીકળેલો અને સદર સાહેદે કહેલ કે મને કેમ બોલો છો તો ગંભીરભાઈએ તેમને ધકકો મારી પાડી દીધેલો અને મને જમણા પગના નળા ઉપર કુહાડી મારેલી જેથી પોતે નીચે પડી ગયેલો અને ધીરજભાઈએ તેમને થાપા ઉપર લાકડી મારેલી. આ ઝઘડા દરમ્યાન આરોપીઓ માથી ગંભીર ભાઈએ તેમને ધમકી આપેલી કે ''આ વખતે તુ બચી ગયો છે પણ ફરીવાર તને જીવતો નહી મુકીશુ.''. ત્યારબાદ આ ઝઘડાની જાણ તેમની મમ્મી રેવાબેન તથા પત્ની ગીતાબેનને જાણ થતા તેઓ દોડી આવેલા અને તેમની પત્ની મારી ઉપર આવીને સુઈ ગયેલ કારણકે આ લોકો તેમને માથામા મારવા જતા હતા. તેમની પત્નીને જશવંતભાઈ અને બીજા લોકોએ પાછળના ભાગે લાકડીઓ મારેલી, તથા મારી મમ્મીને નયનાબેને થાપા ઉપર લાકડીથી મારેલુ પછી હું મારુ જીવ બચાવવા દોડીને ઉભો થઈ ને જયંતિભાઈ દરજીના ઘરે જતો રહેલો અને તેની દુકાનમા અંદર જઈ સદર સાહેદે અંદરથી સ્ટોપર મારી દીધેલી. ત્યારબાદ તેમના ઘરની અંદર અગાઉથી પોલીસ પ્રોટેકશન મુકવામા આવેલુ તેમાનો એક હોમગાર્ડ નાઓએ ભાદરણ પો. સ્ટે. ફોન કરતા ત્યાં પોલીસની ગાડી આવેલી. ત્યારબાદ પોલીસ તેમને પો. સ્ટે. લઈ ગયેલ અને ત્યાંથી મારુતિ હોસ્પીટલમા સારવાર માટે મોકલી આપેલ. ત્યારબાદ સદર ફરીયાદીએં ભાદરણ પો. સ્ટે.મા બનાવની ફરીયાદ કરેલી. તેમને ફરીયાદ બતાવવામા આવે છે તેમા ફરીયાદી તરીકે પોતાની સહી છે તે તેઓ ઓળખી બતાવે છે જેને રજુ દા. આંક–૨૦ આપવામા આવે છે.

ફરીયાદ આપ્યા બાદ તા. ૧૮/૧/૨૦ ના રોજ સાંજના સમયે પોલીસ ે તેમને પોલીસ સ્ટે.બોલાવેલો અને તે વખતે સદર ફરીયાદીએં પોલીસને ''ફરીયાદમા મેં આરોપીનું નામ ભુપેન્દ્દભાઈ તેવુ લખાવેલ તેના બદલે 'ભુપેન્દ્દ ઉર્ફે જશવંત' તેવુ સુધારવા જણાવેલ. તેવી જ રીતે બીજા આરોપી 'ધીરજભાઈ ફતાભાઈ પઢીયાર' લખાવેલ તેના બદલે તેનું સાચુ નામ 'ધીરસીંહ ઉર્ફે ધીરજભાઈ પ્રતાપસીહ ઉર્ફે ફતાભાઈ પઢીયાર' તેવો સુધારો કરાવેલ.

ફરીયાદ આપ્યા બાદ બે ત્રણ દીવસ બાદ તેમને પો. સ્ટે.માથી ઘરે કહેવા આવેલ કે તમારે બોરસદ કોર્ટમા જવાનુ છે તેથી સદર ફરીયાદી બોરસદ કોર્ટમા ગયેલો તે બાબતે બોરસદના જજ સાહેબે મારુ નિવેદન લીધેલુ જે આ કામે રજુ છે તે નિવેદનમા પોતાની સહી છે તે તેઓ ઓળખી બતાવે છે જેને રજુ દા. આંક–૨૧ આપવામા આવે છે.સદર ફરીયાદીં આરોપીઓને કોર્ટમા ઓળખી બતાવે છે.તેમને મુદદામાલ બતાવવામા આવે તો તેઓ ઓળખી શકે.તેમને મુદદામાલ આર્ટીકલ નંબર ૧ કે જે કુહાડી છે તે જોઈને કહે છે કે કે આ તે કુહાડી નથી જે તેમને ગંભીરભાઇએ મારેલી તે કુહાડી જુની હતી જયારે આ કુહાડી નવી છે.તેમને મુદદામાલ આર્ટીકલ નંબર ૨ કે જે વાંસની લાકડી છે તે જોઈને કહે છે કે આ તે જ લાકડી છે જે તેમને ધીરજભાઇએ મારેલી. તેમને મુદદામાલ આર્ટીકલ નંબર ૩ કે જે વાંસની લાકડી છે તે જોઈને કહે છે કે આ તે જ લાકડી છે જે બનાવ વખતે જશવંતભાઈના હાથમા હતી. મને મુદદામાલ આર્ટીકલ નંબર ૪ કે જે વાંસની લાકડી છે તે જોઈને કહે છે કે આ તે જ લાકડી છે જે બનાવ વખતે નયનાબેને તેમના મમ્મી અને તેમની પત્નીને મારેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ઉપરોકત બતાવેલ મુદદામાલ સિવાય અજીતભાઈ પાસે એક લાકડાનો ડંડો હતો.

પોતે હીન્દુ રોહીત જ્ઞાતીમા આવુ છુ અને અમારી જ્ઞાતીનો અનુસુચીત જાતીમા સમાવેશ થાય છે. બનાવની ફરીયાદ આપ્યા બાદ સદર ફરીયાદીએં પોલીસને તેમની જાતીના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ આપેલી જે તેમને બતાવવામા આવે છે તે જોઈને કહે છે કે તે તેજ છે.આજરોજ પોતાની સાથે અસલ જાતીનુ પ્રમાણપત્ર લઈને આવેલ છે જે નામ.કોર્ટમા બતાવી અને જાતીના પ્રમાણપત્રની ખરી નકલ નામ.કોર્ટમા રજુ કરે છે જેને રજુ દાખલ આંક–૨૩ આપવામા આવે છે. તેમની જાતીનુ પ્રમાણપત્ર સદર ફરીયાદીએ જીલ્લા સમાજ કલ્યાણ અધીકારી નડીઆદ પાસેથી મેળવેલ હતુ.

સદર ફરીયાદીની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા **ઉલટતપાસ** કરવામા આવેલ છે તેમા તેઓ જણાવે છે કે તે આણંદ જીલ્લા બીજેપી અનુસુચીત જાતી મોરચા નો કારોબારી સભ્ય છે.આરોપી કોગ્રેસ પાર્ટીના છે કે કેમ તેની તેમને ખબર નથી. તેમણે આ સહીત કુલ બે એટ્રોસીટીની ફરીયાદ કરેલ છે. પરસોતમ પરાગભાઈ તેમના કાકા થાય છે અને તેમને કોઈ વસ્તાર નથી. તેઓ એટ્રોસીટીના કેસમા કોઈપણ વખત જુબાની આપવા આવેલો નથી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે નાગજીભાઈ રબારી અને કનુભાઈ રબારીએ પંચાયત સામે જમીન

બાબતે દાવો કરેલો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે દાવો પંચાયત જીતી ગયેલી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ઉપરોકત દાવો થયા બાદ તેમણે એટ્રોસીટીની ફરીયાદ આ રબારીઓ સામે તરત કરેલી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે દાવા નં. ૧૯૧/૦૭ ના કામે તેમના ગુજરનાર પિતા ભીખાભાઈ તથા તેમના કાકા સામે છત્રસીહે દાવો કરેલો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે પરસોતમભાઈ પરાગભાઈએ એટ્રોસીટીની છત્રસીહ તથા તેમના માણસો સામે ફરીયાદ કરેલી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ઉપરોકત ફરીયાદમા પોતે સાહેદ તરીકે પણ હતો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે છત્રસીહ બુધાભાઈ ચાવડાનાઓએ પરસોતમભાઈ પરાગભાઈ સામે ખોટા દસ્તાવેજો બનાવવા અંગેની ફરીયાદ કરેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે ફરીયાદ અમે જીતી ગયેલા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ઉપરોકત ફરીયાદ થવાના કારણે તેનો સમન્સ બજતા છત્રસીહ બુધાભાઈ વિગેરે સામે એટ્રોસીટીની ફરીયાદ થયેલી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે છત્રસીહ વિગેરે તે ફરીયાદમા નિર્દોષ છુટી ગયેલા.

એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ કામના તોદાર ગંભીરસીહના પત્ની તથા સુરેશભાઈના પત્ની સરપંચ તરીકે ઉભા રહેલા અને સુરેશભાઈના પત્ની જીતી ગયેલા અને ગંભીરભાઈના પત્ની હારી ગયેલા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે સુરેશભાઈના પત્ની સરપંચ હતા તેથી બધો વહીવટ સુરેશભાઈ કરતા હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ગંભીરભાઈ દુધ મંડળીના ચેરમેન હતા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે સુરેશભાઈ સાથે મારે સારા સબંધો છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે સુરેશભાઈના પત્ની જીત્યા બાદ ગંભીરસીહ તથા તેમના કુટુંબીઓ સાથે સારા સબંધો રહેલા નહી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે એટ્રોસીટીની ફરીયાદ કરવાથી સરકાર તરફથી વળતર મળે છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે અગાઉ કરેલ ફરીયાદમા પણ વળતર મળેલ છે. તેમને આ અગાઉની ફરીયાદમા પચાસ હજાર વળતર મળેલુ. સાહેદ જણાવે છે કે કુલ આશરે પંચોતર હજાર રુપિયા વળતર આપવામા આવે છે. અગાઉની ફરીયાદમા અમો ત્રણ વ્યકતી હતા અને અમે ત્રણેય વ્યકતીઓને વળતર મળેલ. સાહેદ જણાવે છે કે આ કામમા અમને ત્રણ વ્યકતીને સરકારે વળતર આપેલ છે જે કુલ દોઢ લાખ રુપિયા મળેલા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓ ગ્રામપંચાયતમા કોઈ હોદ્દો ધરાવતો નથી અને તેમણે કોઈને કોન્ટ્રાકટ રોડ બનાવવાનો આપેલ નથી કે તેમણે રોડ બનાવેલ નથી. રોડ બોરસદના પવનભાઈ કોન્ટ્રાકટર હતા

તે બનાવતા હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે હાલનો બનાવ બનેલ ત્યારે કોન્ટ્રાકટર પવનભાઈના દસ થી બાર માણસો તે વખતે હાજર હતા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે કોન્ટ્રાકટરના ઉપરોકત માણસોએ આરોપીઓને કાઈ કીધેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આરોપીઓએ કોન્ટ્રાકટરના માણસોને કાઈ કીધેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે રોડ બનતો હતો ત્યારે ગામના પાચ દસ માણસો ત્યા હતા. એ વાતની તેમને ખબર નથી કે ગામના માણસોએ આરોપીઓને અહીથી કેમ જાવ છો તેવુ કીધેલ કે કેમ. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તલાટીએ આરોપીઓને કીધેલ નહી કે તમે શુ કામ અહીયાથી જાવ છો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે સુરેશભાઈ ગ્રામપંચાયતમા કોઈ હોદ્દો ધરાવતા નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તો.દારોને ઘેર ગામમા જવાનો આ મુખ્ય રસ્તો હતો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ગામમા જવાનો પાછળથી બીજો રસ્તો હતો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે આરોપીઓના ઘરે જવુ હોય તો કોઠીયાખાડ ગામમા થઈને જવાય.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમના પત્ની ટેલરીંગ કામ કરે છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે જયંતીભાઈ દલપતભાઈ દરજી ટેલરીંગ કામ કરે છે.એ હકીકતનો સ્વીકાર કરેછે કે જયંતીભાઈ દલપતભાઈ દરજી સાથે તેમને સારા સબંધો છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે આરોપીઓના પત્નીઓ મારા પત્ની પાસે કપડા સીવડાવવા આવતા હતા.એ હકીકતનો ઈન્કાર કરે છે કે બનાવ વખતે મારા ઘરે કપડા સીવડાવવા આપેલ હતા.

બનાવ બાદ અડધા કલાકમા ફરીયાદ કરવા ગયેલા. ફરીયાદ કરવા સદર ફરીયાદી તથા તેમાના મમ્મી તથા તેમના પત્ની ગયેલા. ફરીયાદ આપેલ તે દીવસે અને તેના બીજા દીવસે નિવેદન આપવા પો.સ્ટે. ગયેલ તે સિવાય આજદીન સુધી આ કામે પો.સ્ટે. ગયેલ નથી. તેમને બે ત્રણ દીવસ પછી કોર્ટમા બોલાવેલો ત્યારે પોતે કોર્ટમા ગયેલો ત્યારબાદ કોઈ દીવસ કોર્ટમા ચતેમને બોલાવેલો નહી અને કોર્ટમા પોતે ગયેલા નહી.એ હકીકતનો ઈન્કાર કરે છે કે બનાવના દીવસે સદર ફરીયાદી તેમનમા ઘરેથી બપોરના બે વાગે નીકળી પંચાયતના કામે પંચાયત ઓફીસે ગયેલો તેવુ ફરીયાદ કે જવાબમા લખાવેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓ પંચાયત ઓફીસમા ગયેલો અને પોતેં ત્યાં ઓફીસમા બેઠેલો અને ત્યાં તલાટી સાહેબ પણ હાજર હતા તે દરમ્યાન જગદીશભાઈ અને જશવંતભાઈ તથા ગંભીરભાઈ, અજીતભાઈ, ધીરજભાઈ, નયનાબેન વિગેરે આ લોકો ટોળુ ગાળો બોલતા બોલતા ત્યાં આવેલા અને તેમની સાથે હથીયાર

પણ હતા તેવુ તેમની ફરીયાદ કે જવાબમા લખાવેલ નહી કે આ લોકોનો અવાજ સાંભળી હું પંચાયતની બહાર નીકળેલો અને મેં કહેલ કે મને કેમ બોલો છો તો ગંભીરભાઈએ મને ધકકો મારી પાડી દીધેલો અને મને જમણા પગના નળા ઉપર કુહાડી મારેલી જેથી હું નીચે પડી ગયેલો અને ધીરજભાઈએ મને થાપા ઉપર લાકડી મારેલી તેવી હકીકત મારી ફરીયાદ કે જવાબમા લખાવેલ નહી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ત્યારબાદ આ ઝઘડાની જાણ મારી મમ્મી રેવાબેન તથા પત્ની ગીતાબેનને જાણ થતા તેઓ દોડી આવેલા અને મારી પત્ની મારી ઉપર આવીને સુઈ ગયેલ કારણકે આ લોકો મને માથામા મારવા જતા હતા. મારી પત્નીને જશવંતભાઈ અને બીજા લોકોએ પાછળના ભાગે લાકડીઓ મારેલી, તથા મારી મમ્મીને નયનાબેને થાપા ઉપર લાકડીથી મારેલુ પછી હું મારુ જીવ બચાવવા દોડીને ઉભો થઈ ને જયંતિભાઈ દરજીના ઘરે જતો રહેલો અને તેની દુકાનમા અંદર જઈ મેં અંદરથી સ્ટોપર મારી દીધેલી. ત્યારબાદ મારા ઘરની અંદર અગાઉથી પોલીસ પ્રોટેકશન મુકવામા આવેલુ તેમાનો એક હોમગાર્ડ નાઓએ ભાદરણ પો. સ્ટે. ફોન કરતા ત્યાં પોલીસની ગાડી આવેલી. ત્યારબાદ પોલીસ મને પો. સ્ટે. લઈ ગયેલ અને ત્યાંથી મારુતિ હોસ્પીટલમા સારવાર માટે મોકલી આપેલ તેવી હકીકત તેઓએ તેમની ફરીયાદ કે જવાબમા લખાવેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તોદારે અમને કુહાડીથી માર મારેલો તે હકીકત પોતે ખોટી જણાવે છે.એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમની મમ્મીને તથા તેમની પત્નીને માર મારેલાની હકીકત ખોટી જણાવુ છુ. એ હકીકતનો ઈન્કાર કરે છે કે બાઈક લઈને જતા હતા અને તેઓને રોકતા મારા પર ઉશ્કેરાઈ ગયેલ તે હકીકત તેમણે ખોટી જણાવી છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે સુરેશભાઈ સાથે તોદારોને ઈલેકશન બાબતે અણબનાવ હોય તેનુ ઉપરાણુ લઈને તેઓએ આ ખોટી ફરીયાદ કરેલ છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ઘણા વ્યકતીઓ સામે તેઓને પ્રેસરમા લાવવા માટે તેમણે એટ્રોસીટીની ફરીયાદો કરેલ છે.એ હકીકતનો ઈન્કાર કરે છે કે અગાઉ એટ્રો કેસનં .૪૧/૨૦૧૨ ના કામે તેઓએ સાહેદ તરીકે આંક-૧૭ થી જુબાની આપેલી તેમ છતા આજરોજ નામ.કોર્ટમા કોઈપણ વખત સાહેદ તરીકે જુબાની આપવા આવેલ નથી તેવી ખોટી હકીકત જણાવેલ છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તોદારોએ તેમને મારેલ નથી કે ગાળો બોલેલ નથી તેમ છતા ખોટી હકીકત જણાવી તેઓએ ખોટી ફરીયાદ કરેલ છે.

(૧૪) ત્યારબાદ ફરી.પક્ષ તરફે સાહેદ નંબર.૪ તરીકે **સાહેદ ગીતાબેન દીપકભાઈ ચૌહાણને** આંક-૨૪ થી તપાસવામા આવેલા છે તેઓ સોગંદ ઉપરના પુરાવામા જણાવે છે કે,તા.૧૭/૧

/૨૦ ના રોજ તેણી ઘરે હાજર હતી ત્યારે મને કોઈએ ફોન કરી અને બોલાવેલ કે ઝઘડો થયેલ છે તેથી સદર સાહેદ અને તેમની સાથે રેવાબા અમારા ગામમા આરસીસી રોડનુ કામ ચાલુ હતુ ત્યા ગયેલા અને જોયેલ કે ગંભીરભાઈ તથા ધીરજભાઈ તથા બીજા ભુપેન્દ્રભાઈ તથા એક બેન ત્યા હાજર હતા બીજાના નામ તેમને ખબર નથી ત્યા તેણીના પતિને ગંભીરભાઈએ પગમા દાંતી મારેલી જે જમણા પગમા મારા પતિને વાગેલ અને તેણીના પતિને મારતા હોવાથી અમે બન્ને મારા પતિને બચાવવા તેઓના ઉપર પડેલા જેથી મારી સાસુ રેવાબાને એક બેને લાકડાનો ડંડો મારેલો જે મારી સાસુ ને કેડમા કે કયાક બીજી જગ્યાએ વાગેલ હતો અને હવે તેણી કહે છે કે તેણીના પતિને જે ગંભીરભાઈએ પગમા દાંતી મારેલ હતી તે દાંતી નહી પણ કુહાડી હતી તેમા સદર સાહેદને પણ કોઈક માણસે માર મારેલો તેણીને હાલ તેનુ નામ યાદ નથી અને તેણીને બરડાના ભાગે વાગેલુ હતુ અને ગંભીરભાઈ તથા ધીરજભાઈ અને ભુપેન્દ્રભાઈ તે બધા લોકોએ ધમકી આપેલ અને કહેલ કે તમને જાનથી મારી નાખીશુ અને ગાળો બોલેલા અને જતા રહેલા ત્યારબાદ ત્યા પોલીસ આવેલી અને સદર સાહેદના પતિએ પો.સ્ટે. જઈ ફરીયાદ લખાવેલ હતી. પોલીસે સદર સાહેદની પુછપરછ કરેલી. આરોપીઓને તેણી ઓળખે છે,સાહેદ આગળી ચીંધીને એક માણસને બતાવે છે તેને વ્હાઈટ શર્ટ પહેરેલ છે તેનુ નામ ગંભીરભાઈ જણાવે છે તેમને નામ.કોર્ટ રુબરુ ઉભા કરી તેમનુ નામ પુછતા ગંભીરભાઈ હોવાનુ જણાવે છે સાહેદ બીજા એક માણસને આગળી ચીધીને બતાવે છે તેને ટી શર્ટ પહેરેલ છે તેનુ નામ અજીતભાઈ જણાવે છે તેમને નામ.કોર્ટ રુબરુ ઉભા કરી તેમનુ નામ પુછતા અજીતભાઈ હોવાનુ જણાવે છે સાહેદ ત્રીજા એક માણસને આગળી ચીધીને બતાવે છે તેને ક્રીમ કલરનો શર્ટ પહેરેલ છે તેનુ નામ ધીરજભાઈ જણાવે છે તેમને નામ.કોર્ટ રુબરુ ઉભા કરી તેમનુ નામ પુછતા ધીરજભાઈ હોવાનુ જણાવે છે બીજા કોઈ આરોપીઓના નામ તેણી જાણતી નથી અને બીજા આરોપીઓને જોયે ઓળખે છે.તેમના નામની તેણીને ખબર નથી.તેણીને મુ.માલ આર્ટી.નં ૧ વાળી કુહાડી બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે તે તે નથી હાલની નવી છે તે જુની હતી. તેમને મુ.માલ આર્ટી.નં ૨,૩,૪ વાળા લાકડાના ડંડા બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે તે આ ડંડા નથી.

સદર સાહેદની બચાવપક્ષે ના વિ.વકીલશ્રી તરફે **ઉલટ તપાસ** કરવામા આવેલ છે જેમા તેઓ જણાવે છે કે તેણીના પતિ ઘરે ખેતી કરે છે કેટલા વિઘા જમીન છે તેની મને ખબર નથી. પોતે દરજીકામ કરે છે અને તેમાથી જે વેતન મળે તેમાથી તથા મારા બા ના પેન્શનમાથી

અમારુ ઘર ચલાવીએ છીએ.તેણીના પતિ ભાજપના કાર્યકર છે. એ વાતની તેણીને ખબર નથી કે સુરેશભાઈ પણ ભાજપના કાર્યકર છે.પોતુ જયંતીભાઈ દરજીને ઓળખે છે અને ત્યા તેણીના પતિની બેઠકઉઠક છે અને ત્યા મોટા ભાગે બેઠા હોય છે. ભાઈલાલભાઈ પુનમભાઈ મકવાણાને શ્રીરામ કીરાણા સ્ટોર નામની દુકાન છે ત્યા પણ મારા પતિ બેઠા હોય છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે જયંતીભાઈ, ભાઈલાલભાઈ અને સુરેશભાઈ અને મારા પતિ મીત્રો છે અને સાથે સામાન્ય રીતે જતા આવતા હોય છે. એ વાતની તેણીને ખબર નથી કે ધીરજભાઈની ઈનોવા ગાડી છે અને તે ભાડે આપે છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ધીરજભાઈની ગાડી લઈને અમે રાજસ્થાન ફરવા માટે પણ ગયેલા. એ વાતની તેણીને ખબર નથી કે ઉપરોકત ગાડી રાજસ્થાન લઈ ગયા હતા તેના ભાડાના પૈસા પણ અમારે આપવાના બાકી છે કે કેમ કે તે અંગે મારા પતિને ખબર હોય. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ધીરજભાઈ લેડીઝ કપડા સીવડાવવા માટે મને આપી જતા હતા. એ વાત ખરી નથી કે ફરીયાદ થઈ ત્યારે ધીરજભાઈના ઘરનાના કપડા સીવવા માટે મારે ત્યા હતા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેણીને ધીરજભાઈની પાસે સીલાઈ ના પૈસા લેવાના બાકી છે. એ વાતની મને ખબર નથી કે મારા પતિ ધીરજભાઈને ત્યા લગ્નપ્રસંગે તેમજ સામાન્ય પ્રસંગો મા પણ જતા હતા. અમારા અને તોદારોના ઘરો વચ્ચે ચાલીને જતા દસ પંદર મીનીટ થાય અને તે જ રીતે પંચાયત ઓફીસ પણ તેટલી દુર છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે કોનો ફોન કેટલા વાગે આવેલો તેની મને ખબર નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે અમો બનાવવાળી જગ્યાએ પહોચ્યા ત્યારે ઘણાબધા માણસોનુ ટોળુ ત્યા હતુ. પંચાયત ઓફીસે બનાવના દીવસે કેટલા વાગે પહોચેલ તે યાદ નથી પરંતુ બપોરનો સમય હતો. તેણીના પતિ બપોરના જમીને ઘરેથી ગયેલા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેણીના સાસુને કોને શુ મારેલ તેની તેણીને ખબર નથી. બનાવના દીવસે તથા બીજા દીવસે અમે પો.સ્ટે.ગયેલા બીજા દીવસનો સમય મને યાદ નથી. પ્રથમ દીવસે પાચ છ વાગે પો.સ્ટે. ગયેલા અને ત્યા ત્રણેક કલાક રોકાયેલા ત્યારબાદ અમો મારુતી હોસ્પીટલમા ગયેલા પોલીસે કાઈ લખીને આપ્યુ હોય કે કેમ તેની મને ખબર નથી. બીજા દીવસ ે પો.સ્ટે. કેટલા વાગે ગયેલા અને કેટલો સમય રોકાયેલા તેની મને ખબર નથી. બીજા દીવસે પો.સ્ટે. પીએસઆઈ અને જમાદાર હતા અને તે વખતે મારા પતિ અને મારા સાસુ પણ આવેલ હતા. પોલીસે સદર સાહેદનુ નામ સરનામુ પુછીને જવા દીધેલા.સાહેદ જણાવે છે કે ઝઘડાનુ પણ પુછેલુ.

એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેણી બનાવવાળી જગ્યાએ ગયેલ ત્યારે બનાવ પુર્ણ થઈ ગયેલ હતો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે પોલીસને બધી વિગત સદર સાહેદના પતિએ જવાબની હકીકતો લખાવેલી.

(૧૫) ત્યારબાદ ફરી.પક્ષે સાહેદ નં.પ તરીકે **સાહેદ રેવાબેન ભીખાભાઈ રોહીતને** આંક–૨૫ થી સોગંદ ઉપર તપાસેલા છે .તેઓ સોગંદ ઉપરના પુરાવામા જણાવે છે કે,તેણીને સંતાનમા ચાર દીકરી અને એક દીકરો છે જેમા સૌથી મોટો દીપક છે તેનાથી નાની મીના તેનાથી નાની ગીતા અને તેનાથી નાની રમીલા અને સૌથી નાની કૈલાશ છે. તેણીનાપતિ ચૌદ વર્ષથી ગુજરી ગયેલ છે.વર્ષ ૨૦૨૦ મા તેણી તેમના વાડામા કામ કરતી હતી અને તેમની વહુએ બુમ પાડી અને કહેલ કે તમે આગળ આવો જેથી સદર સાહેદ આગળ ગયેલી અને તેમની વહુએ કહેલ કે ચાલો ગામમા ઝઘડો થયો છે જેથી સદર સાહેદ અને તેમની વહુ ત્યા ગયેલા અને જોયેલ તો તેમના દીપક સાથે ગંભીરભાઈ, અજીતભાઈ, નયનાબેન, જગદીશભાઈ, જશવંતભાઈ,ધીરજભાઈ આ બધા ઝઘડો કરતા હતા અને મારા દીકરાને ગમેતેમ ગાળો બોલતા હતા અને જગદીશભાઈએ લાકડી તેમના દીકરા દીપકને બરડા પર મારેલી અને તેમના દીકરાને નીચે પાડી દીધેલો અને ગંભીરભાઈએ તેમના દીકરાને કુહાડી મારેલી અને નયનાબેને સદર સાહેદણને પાછળ પગના ભાગે ડંડો મારેલો અને તેમની વહુ ને બરડા પર લાકડીઓ મારેલી હતી કારણકે અમે તેમના દીકરા દીપકને છોડાવવા જતા હતા તે દરમ્યાન અમોને લાકડીઓ મારેલી હતી અને ગાળો બોલતા બોલતા જતા હતા ત્યારે મારા દીકરા દીપકને ધમકી આપી હતી કે તને જીવતો છોડીશુ નહી તેમ કહી તે બધા લોકો ત્યાથી જતા રહેલા ત્યારબાદ અમે પો.સ્ટે.ફરીયાદ આપવા માટે ગયેલા અને તેમના દીકરા દીપકે આ બધા લોકો વિરુધ્ધ પો.સ્ટે.મા ફરીયાદ આપેલી ત્યારબાદ મારુતી હોસ્પીટલમા સારવાર માટે તેમના દીકરાને લઈ ગયેલ અને સદર સાહેદની તથા તેમના વહુની પણ ત્યા દવા કરેલી. પોલીસે સદર સાહેદનીી બનાવ બાબતે પુછપરછ કરેલી અને પોલીસ ે તેણીના જવાબ લીધા હતા. આરોપીઓને કોર્ટમા ઓળખી બતાવે છે.તેણીને મુ.માલ આર્ટી.નં ૧ વાળી કુહાડી બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે તે નથી હાલની નવી છે તે જુની હતી. તેણીને મુ.માલ આર્ટી.નં ૨,૩,૪ વાળા લાકડાના ડંડા બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે તે આ ડંડા નથી.

સદર સાહેદની બચાવપક્ષે ના વિ.વકીલશ્રી તરફે **ઉલટ તપાસ** કરતા તેમા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે આ કામના તોદારો અમારા ગામના હોય તેમજ અમારા ઘરે આવતા જતા હોય તેઓ તમામને પોતે નામથી ઓળખે છે. એ હકીકતનો સ્વીકાર કરે છે ક સદર સાહેદ તેઓને નામથી ઓળખતી હોય તેઓને આજરોજ નામ.કોર્ટમા ઓળખી બતાવેલ છે. એ વાત ખરી છે કે ઝઘડો થયા બાદ તેણી ત્યા પહોચી ત્યારે ઘણુ મોટુ ટોળુ આશરે પચાસેક માણસનુ હતુ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે સરપંચના પતિ સુરેશભાઈ ભીખાભાઈ તથા મારા દીકરા દીપકને સારા સબંધો છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે સુરેશભાઈ ભીખાભાઈ મકવાણાની પત્ની લખીબેન તથા ગંભીરભાઈ ની પત્ની મીનાબેન બન્ને પંચાયતના ઈલેકશનમા સરપંચ તરીકે સામસામે ઉભેલા હતા.જયંતીભાઈ દલપતભાઈ દરજી તથા સુરેશભાઈ ભીખાભાઈ મકવાણા તથા ભાઈલાલભાઈ પુનમભાઈ મકવાણા શ્રીરામ કીરાણાવાળા તથા મારો દીકરો દીપક ઘણા ખાસ મીત્રો છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમના દીકરા દીપકની બેઠક ઉઠક દરજી તથા શ્રીરામ કીરાણા વાળા સ્ટૅાર પર છે. એ વાતની તેમને ખબર નથી કે સુરેશભાઈ, જયંતીભાઈ, ભાઈલાલભાઈ તથા તેમનો દીકરો બહાર જવાનુ થાય તો સાથે જાય છે. તેમનો દીકરો ભાજપ પક્ષમા આગળ પડતો માણસ છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ગંભીરભાઈ તથા તોદારો કોગ્રેસ પક્ષના આગળ પડતા વ્યકતીઓ છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે સુરેશભાઈ ભીખાભાલઈ મકવાણાની પત્ની સરપંચના ઉમેદવારમા ઉભી રહી તે વખતે તેમનો દીકરો તેઓની તરફેણમા હતો અને ગંભીરભાઈની પત્નીની વિરુધ્ધમા હતો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે સુરેશભાઈના પત્ની સરપંચ હોય તેઓનો વહીવટ તેઓના પતિ સુરેશભાઈ કરતા આવેલા છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે સદર સાહેદ બનાવવાળા સ્થળે પહોચી ત્યારે તોદારો ત્યાથી ભાગી ગયેલ હતા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓ પો.સ્ટે. ફરીયાદ કર્યા તે જ દીવસે ગયેલી તે સિવાય કોઈ સમયે બીજા કોઈ દીવસે ગયેલ નહી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે પોલીસે માત્ર મારુ નામ સરનામુ પુછેલ તે સિવાય પોલીસે કાઈ મને પુછેલ નહી અને સદર સાહેદે પો.સ્ટે. મા પોલીસ જવાબમા કોઈ હકીકત જણાવેલ નહી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમને નયનાબેને મારેલાની હકીકત જુબાનીમા લખેલ તે ખોટી જણાવેલ છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમની વહુને બરડાનાભાગે મારેલની હકીકત ખોટી જણાવેલ છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમના દીકરાને જગદીશભાઈએ મારેલની હકીકત આજરોજ જુબાનીમા ખોટી જણાવેલ છે.

એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમના દીકરા દીપકની ફરીયાદને સમર્થન કરવા માટે આજરોજ ખોટી જુબાની આપેલ છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે મને ઘરેથી જતા પડી જવાથી સામાન્ય ઈજા થયેલ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે દવાખાનામાથી તાત્કાલીક અમોને રજા આપી દીધેલી અમાને કે તેમના દીકરાને મારા દીકરાની પત્નીને ત્યા દાખલ કરી કોઈ સારવાર કરેલ નહી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમના અમોને કોઈને તોદારોએ માર મારેલ નથી કે મારી નાખવાની ધમકી આપેલ નથી પરંતુ સુરેશભાઈના કહેવાથી મારા દીકરાએ ખોટી ફરીયાદ આપેલ છે અને તેના આધારે અમો આજરોજ ખોટી જુબાની આપીએ છીએ. એ હકીકતનો ઈન્કાર કરે છે કે સરકાર તરફથી તેમને વળતર મળેલ છે.

(૧૬) ત્યારબાદ ફરી.પક્ષ તરફે સાહેદ નં.૬ તરીકે **સાહેદ જયંતીભાઈ દલપતભાઈ દરજીને** આંક–૨૬ થી સોગંદ ઉપર તપાસેલા છે.તેઓ સોગંદ ઉપરના પુરાવામા જણાવે છે કે,૨૦૧૯ મા બનાવ બનેલો અને મારી દુકાન નાની શેરડીમા આવેલી છે તેની બાજુમા ગ્રામપંચાયત ઓફીસ આવેલી છે અને તેની સામે આરસીસી રોડ ભરવાનુ કામ ચાલુ હતુ તે વખતે બપોરનો સમય હતો અને તે વખતે આરસીસી રોડનુ કામ ચાલુ હતુ ત્યાથી જગદીશભાઈ અને ગંભીરભાઈના ભાઈ તેમનુ બાઈક લઈને આ રોડ પરથી આવેલા અને તે વખતે અમારા ગામના સરપંચના પતિ સુરેશભાઈ તથા તલાટી તથા દીપકભાઈ અને ગામના આગેવાનો તે જગ્યા પર હાજર હતા અને જગદીશભાઈ અને ગંભીરભાઈના ભાઈ બાઈક લઈને આવેલા અને તેઓને સમજાવવા માટે સૌ પ્રથમ જે આરસીસી રોડ બનાવનાર લોકો હતા તેઓએ તેમને સમજાવ્યા અને કહેલ કે અહી આરસીસી રોડનુ કામ ચાલુ છે તમે બાઈક લઈને બીજો રસ્તો છે ત્યાથી થઈ તમે જાવ તેમ સમજાવેલ ત્યારબાદ અમારા ગામના સરપંચના પતિ સુરેશભાઈ તથા દીપકભાઈ આ બાબતે સમજાવવા ગયેલા તેમ છતા આ બન્ને લોકો સમજેલા નહી અને તેમની વાતને માન્ય રાખેલી નહી અને તે વખતે આ બન્ને વ્યકતીઓએ ચાલુ કામમા બાઈક લઈને રોડની અંદરથી જ નીકળ્યા ત્યારબાદ પણ તેમને ઘણીવાર સમજાવવામા આવ્યા પરંતુ સમજેલ નહી અને જગદીશભાઈ અને ગંભીરભાઈના ભાઈ બન્ને ઘરેથી લાકડીઓ લઈને પાછા જયા આરસીસી રોડનુ કામ ચાલતુ હતુ ત્યા આવી ગયેલા અને જગદીશભાઈ અને ગંભીરભાઈના ભાઈ ની સાથે નયનાબેન, અજીતભાઈ,ગંભીરભાઈ આ બધા લાકડીઓ લઈને તેમની સાથે આવેલા અને આ બધા વ્યકતીઓએ દીપકભાઈને લાકડીથી તથા કુહાડીથી માર મારેલો હતો અને ત્યારબાદ

દીપકભાઈ પોતાના બચાવ માટે મારી દુકાનમા આવી ગયેલા અને તે વખતે ગંભીરભાઈના છોકરાએ મને પણ લાકડી મારેલી અને ત્યારપછી હુ અંદર દુકાનમા દીપકભાઈ સાથે જતો રહેલો અને અમે દુકાન બંધ કરી દીધેલી અને ત્યારબાદ અડધા કલાક પછી મારી દુકાન ખોલી તો આ પાચેય જણા તે જગ્યાએથી નીકળી ગયેલા હતા જયારે દીપકભાઈ ને આ પાચેય જણા મારતા હતા તે વખતે દીપકભાઈ પંચાયત ઓફીસેથી ભાગીને મારી દુકાન આગળ ખુણામા પડી ગયા અને તેને બચાવવા માટે દીપકભાઈના મમ્મી દીપકભાઈ ઉપર પડયા અને આ પાચેય વ્યકતીઓએ દીપકભાઈના મમ્મીને પણ ડંડાથી મારેલા આ સિવાય બીજા કોઈ વ્યકતીને મારેલ નહી. દીપકભાઈના પગમા અને પાછળ બરડાના ભાગમા ઈજાઓ થયેલી હતી અને દીપકભાઈની માતાને પાછળ બરડાના ભાગમા લાકડીઓ વાગેલ હતી અને ઈજા થયેલ હતી. ત્યારબાદ અમે દીપકભાઈને બોરસદ મારુતી હોસ્પીટલમા સારવાર માટે લઈ ગયેલા અને સારવાર કરાવેલી અને તે પછી દીપકભાઈએ ભાદરણ પો.સ્ટે. જઈ ઝઘડા બાબતે ફરીયાદ આપેલી. બનાવના બીજા કે ત્રીજા દીવસે પોલીસ આવેલી અને પોલીસે બનાવ બાબતે સદર સાહેદની પુછપરછ કરેલી. આરોપીઓને સદર સાહેદ કોર્ટમા ઓળખી બતાવે છે.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી તરફે **ઉલટ તપાસ** કરતા તેમા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓ પહેલા મફતભાઈ રાયભણભાઈ રબારીના મકાનમા ધંધો કરતો હતો. એ વાતની તેમને ખબર નથી કે એટ્રોસીટીની ફરીયાદ દીપકભાઈના કાકાએ રબારીઓ સામે કરેલી.એ વાતની તેમને ખબર નથી કે રબારીઓએ પંચાયત સામે દાવો કરેલો. એ વાતની તેમને ખબર નથી કે રબારીઓએ પંચાયત સામે દાવો કર્યો જેથી દીપકભાઈના કાકાએ તેઓ સામે એટ્રોસીટીની ફરીયાદ કરેલી. અરવિંદભાઈ રબારીને સદર સાહેદ ઓળખે છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેમને અરવિંદભાઈ રબારી સાથે ઝઘડો થયેલો.સદર સાહેદ દરજીકામ સિવાય કોઈને વ્યાજે નાણા આપવાનો ધંધો કર્યો નથી સદર સાહેદે કોઈને વ્યાજે નાણા આપ્યા નથી કે કોઈની પાસે નાણા માગતો નથી. સદર સાહેદે હરીભાઈ ફતેસીહના ઘરે દુકાન કરેલી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે હાલ તેમની દુકાન મંગળભાઈ ઉદેસીહ ચાવડાને સરદાર આવાસ મા મળેલ ઓરડીમા છે. આ ઓરડી સદર સાહેદે ગીરે રાખેલી છે અને તે ગીરે ચાલીસ હજારમા રાખેલી છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે પંચાયતના ઈલેકશન પહેલા ગંભીરભાઈ સાથે તેમના સારા સબંધો હતા. એ હકીકતનો સ્વીકાર

કરે છે કે સદર સાહેદ ગંભીરભાઈના વિરુધ્ધના પક્ષ મા હતો જેથી ગંભીરભાઈ મારી દુકાને આવતા ન હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે દીપકભાઈ પણ ગંભીરભાઈના વિરુધ્ધના પક્ષમા હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે સુરેશભાઈ, દીપકભાઈ તથા સદર સાહેદ ભાજપ પક્ષમા છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ગંભીરભાઈ બીજા પક્ષમા છે. આરસીસી રોડનુ કામ કઈ યોજના હેઠળ થતુ હતુ તેની મને ખબર નથી.એ હકીકતનો ઈન્કાર કરે છે કે દીપકભાઈને બધાએ લાકડીઓથી મારેલ તે હકીકત પોતે ખોટી જણાવે છે.એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે ગંભીરભાઈના છોકરાએ મારેલાની હકીકત ખોટી જણાવુ છુ. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે દીપકભાઈની માતાને મારેલાની હકીકત ખોટી જણાવે છે.

સદર સાહેદે પોલીસને એવુ લખાવેલ છે કે કેમ કે ''જગદીશભાઈ અને ગંભીરભાઈના ભાઈ બાઈક લઈને આવેલા અને તેઓને સમજાવવા માટે સૌપ્રથમ જે આરસીસી રોડ બનાવનાર લોકો હતા તેઓએ તેમને સમજાવ્યા અને કહેલ કે અહી આરસીસી રોડનુ કામ ચાલુ છે તમે બાઈક લઈને બીજો રસ્તો છે ત્યાથી થઈ તમે જાવ તેમ સમજાવેલ ત્યારબાદ અમારા ગામના સરપંચના પતિ સુરેશભાઈ તથા દીપકભાઈ આ બાબતે સમજાવવા ગયેલા તેમ છતા આ બન્ને લોકો સમજેલા નહી અને તેમની વાતને માન્ય રાખેલી નહી અને તે વખતે આ બન્ને વ્યકતીઓએ ચાલુ કામમા બાઈક લઈને રોડની અંદરથી જ નીકળ્યા ત્યારબાદ પણ તેમને ઘણીવાર સમજાવવામા આવ્યા પરંતુ સમજેલ નહી અને જગદીશભાઈ અને ગંભીરભાઈના ભાઈ બન્ને ઘરેથી લાકડીઓ લઈને પાછા જયા આરસીસી રોડનુ કામ ચાલતુ હતુ ત્યા આવી ગયેલા અને જગદીશભાઈ અને ગંભીરભાઈના ભાઈ ની સાથે નયનાબેન, અજીતભાઈ,ગંભીરભાઈ આ બધા લાકડીઓ લઈને તેમની સાથે આવેલા અને આ બધા વ્યકતીઓએ દીપકભાઈને લાકડીથી તથા કુહાડીથી માર મારેલો હતો અને ત્યારબાદ દીપકભાઈ પોતાના બચાવ માટે મારી દુકાનમા આવી ગયેલા અને તે વખતે ગંભીરભાઈના છોકરાએ મને પણ લાકડી મારેલી અને ત્યારપછી હુ અંદર દુકાનમા દીપકભાઈ સાથે જતો રહેલો અને અમે દુકાન બંધ કરી દીધેલી અને ત્યારબાદ અડધા કલાક પછી મારી દુકાન ખોલી તો આ પાચેય જણા તે જગ્યાએથી નીકળી ગયેલા હતા અને દીપકભાઈ પંચાયત ઓફીસેથી ભાગીને મારી દુકાન આગળ ખુણામા પડી ગયા ત્યારબાદ અમે દીપકભાઈને બોરસદ મારુતી હોસ્પીટલમા સારવાર માટે લઈ ગયેલા અને સારવાર કરાવેલી '' તે હાલ તેમને યાદ નથી. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે દીપકભાઈ સાથે તેમને સબંધો હોય અને ગંભીરભાઈ સાથે તેમના સારા સબંધો ન હોય સોગંદ પર ખોટી જુબાની આપે છે. તો.દારો અમારા ગામના હોય જેથી તેઓને સદર સાહેદ ઓળખે છે.

(૧૭) ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે સાહેદ નંબર.૭ તરીકે **સાહેદ રમેશભાઈ ગોકળભાઈ પ્રજાપતીને**

આંક–૨૭ થી સોગંદ ઉપર તપાસેલા છે.તેઓ સોગંદ ઉપરના પુરાવામા જણાવે છે કે,નાની શેરડી ગ્રામ પંચાયતમા છેલ્લા પાચ વર્ષથી તેઓ પટાવાળા તરીકે નોકરી કરે છે.બનાવ સમયે ગામની ભાગોળે આરસીસી રોડનુ કામ ચાલુ હતુ અને બનાવ સમયે અમારા ગામના સરપંચ લક્ષ્મીબેન સુરેશભાઈ મકવાણાનાઓ હતા.૨૦૧૯ મા જોગણી માતાના મંદર આગળ આરસીસી રોડનુ કામ ચાલુ હતુ અને તે વખતે સરપંચના પતિ સુરેશભાઈ તથા તલાટી સાહેબ તથા સદર સાહેદ અને દરજીકાકા હતા તે વખતે દીપકભાઈ પણ ત્યા હાજર હતા અને તે વખતે રોડનુ કામ ચાલુ હતુ તે રોડની અંદરથી જગદીશભાઈ દીનેશભાઈ પઢીયાર અને ભુપેન્દ્દભાઈ રમણભાઈ પઢીયારનાઓ તેમનુ મો.સાયકલ લઈ આવેલ જેથી દીપકભાઈએ આ બન્ને જણાને કામ ચાલુ હોય તેમાથી બાઈક ન લાવવા બાબતે જણાવેલ ત્યારબાદ આ જગદીશભાઈ અને ભુપેન્દ્દભાઈ તે જગ્યાએથી પોતાના ઘરે જતા રહેલા અને મને દીપકભાઈએ આ જગદીશભાઈ તથા ભુપેન્દ્દ ભાઈને ઠપકો આપવા માટે બોલાવવા મોકલેલો અને ત્યારબાદ સદર સાહેદ આ બન્ને જણાને બોલાવીને પાછો પંચાયતે આવી ગયેલો અને તે પછી થોડીવાર રહીને જગદીશભાઈ, ભુપેન્દ્દભાઈ,ગંભીરભાઈ,અજીતભાઈ,લાલજીભાઈ,નયનાબેનબધા હાથમા હથીયારો લઈને આવી ગયેલા ગંભીરભાઈના હાથમા કુહાડી હતી અજીતભાઈના હાથમા લાકડાની વળી હતી નયનાબેનના હાથમા લાકડી હતી બીજી બધી વ્યકતીઓના હાથમા લાકડીઓ હતી અને તે વખતે દીપકભાઈને ગંભીરભાઈએ જમણા પગે લાકડાની કુહાડી મારી હતી અને દીપકભાઈ જે વીડીયો ઉતારતા હતા તેમનો મોબાઈલ નયનાબેને પાડી અને તોડી નાખેલો હતો અને દીપકભાઈના મમ્મી રેવાબેનને આ બધા જ વ્યકતીઓએ લાકડીઓ મારેલ હતી અને દીપકભાઈની પત્નીને પણ આ બધી વ્યકતીઓએ લાકડીઓ મારેલ હતી અને તે વખતે દીપકભાઈ ઉભા થઈ અને પોતાના બચાવ માટે દરજીકાકાની દુકાનમા જતા રહેલા અને દુકાનની બહાર જયંતીકાકા ઉભા હતા અને ગંભીરભાઈએ કહયુ કે આ જયંતીકાકાએ જ આ બધુ કરાવેલુ છે જેથી જયંતીકાકાને ગંભીરભાઈના બાબાએ લાકડીથી મારેલ હતુ અને તે પણ તેમના બચાવ માટે દુકાનમા ઘુસી ગયેલા અને દુકાન અંદરથી બંધ કરી દીધેલી અને થોડીવાર પછી દુકાન ખોલીને બહાર નીકળી ગયેલા તે ઝઘડા દરમ્યાન રેવાબેનને અને દીપકભાઈની પત્ની બન્નેને પાછળ બરડામા વાગેલ હતુ અને ત્યારબાદ દીપકભાઈએ પોલીસ સ્ટે. જઈ ફરીયાદ આપેલી. પોલીસે બનાવ બાબતે સદર સાહેદની પુછપરછ કરેલી.આરોપીઓને કોર્ટમા ઓળખી બતાવે છે.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી તરફે **ઉલટ તપાસ** કરતા તેમા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે સુરેશભાઈના પત્ની પંચાયતના ઈલેકશનમા જીતેલા ત્યારબાદ તેઓએ તેમને પંચાયતમા પટાવાળા તરીકે રાખેલો. એ હકીકતનો ઈન્કાર કરે છે કે દીપકભાઈના

કહેવાથી પંચાયતમા મને પટાવાળા તરીકે સુરેશભાઈની પત્નીએ રાખેલો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે પંચાયતનો તમામ વહીવટ સુરેશભાઈ કરતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે પંચાયતનો વહીવટ સુરેશભાઈ કરતા હતા તેથી ગંભીરભાઈ તથા તેમના માણસો તે બાબતે વિરોધ કરતા હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે સુરેશભાઈ જે કહેતા તે હુ કરતો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે દીપકભાઈ પંચાયતના સભ્ય કે પંચાયતનો કોઈ હોદ્દો ધરાવતા ન હતા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓ બોલાવવા ગયેલો અને આવ્યો ત્યારે ઝઘડો પતી ગયેલો. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ગંભીરભાઈએ દીપકભાઈને કુહાડી મારેલાની હકીકત ખોટી જણાવે છે.એ હકીકતનો ઈન્કાર કરે છે કે રેવાબેનને તથા દીપકભાઈની પત્નીને મારેલાની હકીકત પોતે ખોટી જણાવે છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમણે પોતાના પોલીસ જવાબ મા દીપકભાઈ જે વીડીયો ઉતારતા હતા તે મોબાઈલ નયનાબેને તોડી નાખેલો તેવી હકીકત લખાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે દીપકભાઈ ઉભા થઈને પોતાના બચાવ માટે દરજીકાકાની દુકાનમા જતા રહેલા તેવી હકીકત મે પોલીસ જવાબમા લખાવેલ નથી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે દુકાનની બહાર જયંતીકાકા ઉભા હતા અને તેમને ગંભીરભાઈએ કહેલ કે જયંતીકાકાએ આ બધુ કરાવેલ છે જેથી જયંતીકાકાને ગંભીરભાઈના દીકરાએ લાકડી મારેલી તે હકીકત સદર સાહેદે પોલીસ જવાબમા લખાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે દરજીકાકા પણ તેમના બચાવ માટે દુકાનમા ઘુસી ગયેલા અને દુકાન બંધ કરીને પેસી ગયેલા થોડીવાર પછી દુકાન ખોલીને બહાર નીકળેલા તે હકીકત સદર સાહેદે પોતાના પોલીસ જવાબમા લખાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે પોલીસે મારુ માત્ર નામસરનામુ પુછેલ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે આજે સદર સાહેદ, દીપકભાઈ અને દરજીકાકા ત્રણેય સાથે જુબાની આપવા આવેલા છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે દીપકભાઈએ જણાવ્યા મુજબની તેઓએ જુબાની આપેલ છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે મારામારીનો કોઈ જ બનાવ બનેલ નથી તેમ છતા દીપકભાઈના કહેવાથી તેઓને સમર્થન કરવા ખોટી જુબાની આપે છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવ બન્યો ત્યારે પોતે પંચાયતમા હાજર હતો.

(૧૮) ત્યારબાદ ફરી.પક્ષ તરફે સાહેદ નં.૮ તરીકે **સાહેદ સુરેશભાઈ ભીખાભાઈ મકવાણાને** આંક–૨૯ થી સોગંદ ઉપર તપાસેલા છે.તેઓ સોગંદ ઉપરના પુરાવામા જણાવે છે કે,બનાવ બન્યો તે વખતે તેમના પત્ની લક્ષ્મીબેન અમારા ગામના સરપંચ હતા. બનાવ બન્યો તે વખતે અમારા ગામમા રસ્તાના આરસીસી નુ કામ ચાલતુ હતુ.આજથી બે વર્ષ પહેલા પોતે પંચાયતમા હતો તે વખતે પંચાયતની બહાર જોગણી માતાના

મંદીરે ઝઘડો થયેલો અને મને અવાજ આવતા તેઓ બહાર નીકળેલો ત્યારે જગદીશભાઈ પઢીયાર તથા ભુપેન્દ્રભાઈ પઢીયારનાઓ  દીપકભાઈ સાથે ઝઘડો કરતા હતા આ ઝઘડામા જગદીશભાઈ અને ભુપેન્દ્રભાઈ દીપકભાઈને ગાળાગાળી બોલતા હતા અને આ લોકો બધા દીપકભાઈને મારતા હતા અને ત્યારબાદ અજીતસીહ, ધીરસીહભાઈ નાઓ લાકડીઓ લઈને આવેલા અને દીપકભાઈને પગમા લાકડીઓ મારેલી અને તેમના પત્ની તથા તેમના માતા ત્યા આવી ગયેલા તેઓને પણ આ લોકોએ માર મારેલ હતો તે સિવાય બીજુ કશુ બનેલ નહી. બનાવ બન્યા બાદ દીપકભાઈને સારવાર માટે દવાખાને લઈ ગયેલા અને ત્યારબાદ આ ઝઘડા બાબતે દીપકભાઈએ ભાદરણ પો.સ્ટે. જઈ ફરીયાદ આપેલી. આ ઝઘડાનુ કારણ ગામમા આરસીસી રોડનુ કામ ચાલુ હતુ તે વખતે આ જગદીશભાઈ તેમનુ બાઈક લઈને ચાલુ કામમા પસાર થતા હતા તેવુ કારણ હતુ.આ બનાવ બાબતે પોલીસે સદર સાહેદની પુછપરછ કરેલી. આરોપીઓને કોર્ટમા ઓળખી બતાવે છે.સદર સાહેદ ફરી.પક્ષના કેસને સમર્થન આપતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરી વિ.સરકારી વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા તેઓ જણાવે છે કે એ વાત ખરી છે કે તા.૧૮/૧/૧૯ ના પોલીસ રુબરુના નિવેદનમા મે એવી હકીકત લખાવેલ કે '' ઉપરોકત માણસોનુ ઉપરાણુ લઈ ગંભીરભાઈ રમણભાઈ પઢીયારનાઓ કુહાડી લઈ આવેલા અને અજીતભાઈ તથા ધીરજભાઈ લાકડીઓ લઈ તથા નયનાબેન અજીતભાઈ પઢીયાર ડંડો લઈ આવેલા અને દીપકને તથા તેની પત્ની તથા તેની માતાને ગમેતેમ ગાળો બોલવા લાગેલા જેથી તેઓને ગાળો બોલવાની ના પાડતા ગંભીરભાઈએ તેમના હાથમાની કુહાડી દીપકને જમણા પગના નળા પર મારી દીધેલી.''

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી તરફે **ઉલટ તપાસ** કરતા તેમા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે,તેઓ પંચાયતમા સરપંચ કે સભ્ય ના હોદ્દા પર ન હતો. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, દીપકભાઈ ભીખાભાઈ ચૌહાણ પણ સરપંચ કે સભ્યના હોદ્દા પર ન હતા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે આરસીસી નુ કામ પંચાયત કરતી ન હતી. આરસીસી કામનો કોન્ટ્રાકટ કોન્ટ્રાકટરને આપેલો આ કોન્ટ્રાકટનુ કામ કોણે આપેલ તે કોન્ટ્રાકટરનુ નામ મને ખબર નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેમના પત્ની લક્ષ્મીબેન તે તોદાર ગંભીરસીહના પત્ની સામે ઈલેકશનમા જીતેલા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે, દીપકભાઈ ઈલેકશનમા અમારા પક્ષમા હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે, દીપકભાઈ વિધાનસભા ઈલેકશનામા બીજેપી પક્ષમા હતા. સદર સાહેદ પણ બીજેપી મા હતો. એ હકીકતનો ઈન્કાર કરે છે કે બનાવ

બન્યો ત્યારે દીપકભાઈ બીજેપી મા કોઈ હોદ્દો ધરાવતા હતા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ બન્યો ત્યારે સદર સાહેદ પંચાયતમા ઓફીસમા બેઠો હતો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ બન્યા બાદ પોતે ત્યા આવેલો. પોતે પો.સ્ટે.મા ગયેલ નથી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પો.સ્ટે.મા મારી કોઈ પુછપરછ કરેલ નહી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે,તેમને દીપકભાઈ સાથે સારા સબંધો હોવાથી તેઓ જુબાની આપવા આવેલ છે.એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે પોતાના જવાબમા શુ લખ્યુ તે બાબતની તેમને ખબર નથી.

(૧૯) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે સાહેદ નંબર.૯ તરીકે **સાહેદ ભાઈલાલભાઈ પુનમભાઈ મકવાણાને** આંક–૩૦ થી સોગંદ ઉપર તપાસેલા છે.તેઓ સોગંદ ઉપરના પુરાવામા જણાવે છે કે,બનાવ બન્યો તે વખતે લક્ષ્મીબેન અમારા ગામના સરપંચ હતા. બનાવ બન્યો તે વખતે અમારા ગામમા રસ્તાના આરસીસી નુ કામ ચાલતુ હતુ.આજથી બે વર્ષ પહેલા પોતે પોતાની દુકાનમા હાજર હતો તે વખતે અમારી દુકાનની બાજુમા આરસીસી રોડનુ કામ ચાલુ હતુ તે વખતે દીપકભાઈ અને જગદીશભાઈ ને ઝઘડો થયેલો તે ઝઘડો એટલા માટે થયેલો કે જગદીશભાઈ તેમનુ બાઈક લઈને આરસીસી રોડનુ જયા કામ ચાલુ હતુ તે લઈને આવતા હતા તે બાબતે ઝઘડો થયેલો તે સિવાય બીજો શુ બનાવ બનેલો તેની તેમને ખબર નથી બનાવ બન્યો તે વખતે હુ દુકાનમા હતો અને કોણે કોને કઈ વસ્તુથી કઈ જગ્યાએ મારેલુ તેની તેમને ખબર નથી. આ બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી. આ બનાવ બાબતે કોણે ફરીયાદ આપેલી તેની તેમને ખબર નથી.આરોપીઓને કોર્ટમા ઓળખી બતાવે છે.સદર સાહેદ ફરી.પક્ષના કેસને સમર્થન આપતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરી વિ.સરકારી વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામા આવેલ છે જેમા પણ તેઓ ફરીયાદ હકીકત અંગે કોઈ ફળદાયી હકીકત જણાવતા નથી.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી તરફે **ઉલટ તપાસ** કરતા તેમા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે,બનાવ વખતે પોતે હાજર ન હતો અને તે વખતે પોતે દુકાનમા હતો. બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

(૨૦) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે સાહેદ નંબર.૧૦ તરીકે **પંચ સાહેદ જીતુભાઈ ખુમાનસીંહ પઢીયારને આંક–૩૧ થી તથા બીજા પંચ સાહેદ ગણપતભાઈ મંગળભાઈ પઢીયારને આંક–૩૩ થી** તપાસવામા આવેલા છે તેઓ આંક–૩૨ વાળા આરોપીઓની શરીર

સ્થિતિના પંચનામાના પંચ સાહેદો છે.સદર પંચ સાહેદો એક પંચનામામા સહી કરેલ હોવાનુ જણાવે છે અને તેઓની હાજરીમા આરોપીઓની શરીર સ્થિતિનુ પંચનામુ થયેલ હોય તે હકીકતનો ઈન્કાર કરે છે.સદર પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી કોર્ટની પરવાનગીથી વિ.એપીપીશ્રી ધ્વારા ઉલટતપાસ કરેલ છે.જે દરમીયાન પણ કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી અને તેઓની હાજરીમા આરોપીઓની શરીર સ્થિતિુ પંચનામાનુ થયેલ હોય તે હકીકતનો તેઓ સ્પષ્ટપણે ઈન્કાર કરે છે.

સદર બંને પંચ સાહેદોની બચાવપક્ષે ઉલટતપાસ કરવામા આવેલ છે તેમા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેઓએ તૈયા પંચનામામા સહી કરેલી તે સિવાય તેઓ કશુ જાણતા નથી.

**(૨૧)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે સાહેદ નંબર.૧૨ તરીકે **પંચ સાહેદ ફતેસીંહ દલપતસીંહ પઢીયારને આંક–૩૫ થી તથા બીજા પંચ સાહેદ સંગીતાબેન વા/ઓ.ખુમાનસીંહ ઉદેસીંહ પઢીયારને આંક–૩૭ થી** તપાસવામા આવેલા છે તેઓ આંક–૩૬ વાળા આરોપીઓની શરીર સ્થિતિના પંચનામાના પંચ સાહેદો છે.સદર પંચ સાહેદો એક પંચનામામા સહી કરેલ હોવાનુ જણાવે છે અને તેઓની હાજરીમા આરોપીઓની શરીર સ્થિતિનુ પંચનામુ થયેલ હોય તે હકીકતનો ઈન્કાર કરે છે.સદર પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી કોર્ટની પરવાનગીથી વિ.એપીપીશ્રી ધ્વારા ઉલટતપાસ કરેલ છે.જે દરમીયાન પણ કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી અને તેઓની હાજરીમા આરોપીઓની શરીર સ્થિતિુ પંચનામાનુ થયેલ હોય તે હકીકતનો તેઓ સ્પષ્ટપણે ઈન્કાર કરે છે.

સદર બંને પંચ સાહેદોની બચાવપક્ષે કોઈ ઉલટતપાસ કરવામા આવેલ નથી.

**(૨૨)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે સાહેદ નંબર.૧૪ તરીકે **સાહેદ ડો.ધનશ્યામભાઈ અમરસીંહ ગઢવીને** આંક–૩૮ થી સોગંદ ઉપર તપાસેલા છે.તેઓ સોગંદ ઉપરના પુરાવામા જણાવે છે કે,હાલ તેઓ બોરસદ તેમની પ્રાઈવેટ પ્રેકટીસ મારુતી ઓર્થો સર્જીકલ હોસ્પી.મા ડોકટર તરીકે મારી ફરજ બજાવે છે.તેમણે એમએસ ઓર્થોલોજીનો અભ્યાસ કરેલ છે. તેઓ પચીસ વર્ષથી પ્રેકટીસ કરે છે. તા.૧૭/૧/૨૦ ના રોજ બપોરે ૪–૪૫ કલાકે તેમને ત્યા દર્દી નામે દીપકભાઈ ભીખાભાઈ ચૌહાણ ઉ.વ.૪૨ રહે.નાની શેરડી નાઓ સારવાર માટે આવેલા હીસ્ટ્રી પુછતા તેમને જણાવેલ

કે તેમને તા.૧૭/૧/૨૦ ના રોજ ૨–૧૫ બપોરે લાકડી તથા કુહાડીથી માર મારવામા આવેલ હતો મારનારમા જગદીશભાઈ દીનેશભાઈ પઢીયાર તથા તેમના કુટુંબના સભ્યોએ માર મારેલાનુ જણાવેલ અને તેઓની શારીરીક તપાસ કરતા જણાઈ આવેલ કે (૧) તેમને જમણા પગમા મુઢ માર વાગેલ હતો.(૨) જમણા પગની ઘુટીમા એન્કલ મા પણમુઢ ગેબી માર વાગેલ હતો.(૩) ડાબા હાથના અંગુઠામા પણગેબી માર વાગેલ હતો. (૪) જમણા પગમા છોલાયેલુ હતુ.

તેમને જરુરી દવા ગોળી ઈન્જેકશન અને પ્લાસ્ટર સ્લેબ આપ્યા હતા અને બહારના દર્દી તરીકે રજા આપી હતી અને સમયાંતરે ફોલોઅપ માટે બોલાવેલ હતા. તેઓ આવ્યા ત્યારે ભાદરણ  પો.સ્ટે.મા ફરીયાદ નંધાવીને આવ્યા હતા.

તા.૧૭/૧/૨૦ ના રોજ બપોરે ૪–૪૫ કલાકે મારા ત્યા બીજા દર્દી નામે રેવાબેન ભીખાભાઈ ચૌહાણ ઉ.વ.૬૦ રહે.નાની શેરડી નાઓ સારવાર માટે આવેલા હીસ્ટ્રી પુછતા તેમને જણાવેલ કે તેમને તા.૧૭/૧/૨૦ ના રોજ ૨–૧૫ બપોરે લાકડીથી માર મારવામા આવેલ હતો મારનારમા નયનાબેન અજીતસીહ પઢીયાર નાએ માર મારેલાનુ જણાવેલ અને તેઓની શારીરીક તપાસ કરતા જણાઈ આવેલ કે (૧) બન્ને સાથળમા મુઢ માર વાગેલ હતો.  ૨) કમરના ભાગે પણ મુઢ માર હતો.

તેમને જરુરી દવા ગોળી ઈન્જેકશન અને પ્લાસ્ટર સ્લેબ આપ્યા હતા અને બહારના દર્દી તરીકે રજા આપી હતી અને સમયાંતરે ફોલોઅપ માટે બોલાવેલ હતા. તેઓ આવ્યા ત્યારે ભાદરણ પો.સ્ટે.મા ફરીયાદ નંધાવીને આવ્યા હતા.

તા.૧૭/૧/૨૦ ના રોજ બપોરે ૪–૪૫ કલાકે મારા ત્યા ત્રીજા દર્દી નામે ગીતાબેન  દીપકભાઈ ચૌહાણ ઉ.વ.૪૦ રહે.નાની શેરડી નાઓ સારવાર માટે આવેલા હીસ્ટ્રી પુછતા  તેમને જણાવેલ કે તેમને તા.૧૭/૧/૨૦ ના રોજ ૨–૧૫ બપોરે લાકડી થી માર મારવામા આવેલ હતો મારનારમા નયનાબેન અજીતસીહ પઢીયાર નાએ માર મારેલાનુ જણાવેલ અને તેઓની શારીરીક તપાસ કરતા જણાઈ આવેલ કે ,(૧) ડાબી કોણીમા મુઢ માર વાગેલ હતો. (૨) કમરના   ભાગે મુઢ માર વાગેલ હતો. (૩) મોઢા પર મુઢ માર વાગેલ હતો. (૪) ડાબા હાથમા છોલાયેલ હતુ.

તેમને જરુરી દવા ગોળી ઈન્જેકશન અને પ્લાસ્ટર સ્લેબ આપ્યા હતા અને બહારના દર્દી તરીકે રજા આપી હતી અને સમયાંતરે ફોલોઅપ માટે બોલાવેલ હતા. તેઓ આવ્યા ત્યારે ભાદરણ પોલીસ સ્ટેશનમા ફરીયાદ નંધાવીને આવ્યા હતા.તેમને મારુતી ઓર્થોપેડીક સર્જીકલના પ્રમાણપત્રો બતાવવામા આવે છે જેમા પોતાના હોદ્દાનો સહી

સિકકો છે જે ઓળખી બતાવે છે જેને અનુક્રમે રજુ દાખલ આંક–૩૯,૪૦,૪૧ આપવામા આવે છે.

સદર સાહેદની બચાવપક્ષે **ઉલટતપાસ** કરવામા આવેલ છે તેમા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે તમામ દર્દીઓ પો.સ્ટે.મા ફરીયાદ કરી યાદી સાથે આવેલા. એ હકીકતનો સ્વીકાર કરે છે કે પોલીસ યાદીમા બનાવની હીસ્ટ્રી જણાવેલ હતી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે પોલીસ યાદી મુજબની હીસ્ટ્રી લખી લીધેલી. અ એ હકીકતનો સ્વીકાર કરે છે કે ઈજા પામનાર દરેક ની ઈજાઓ સાદા પ્રકારની હતી.એ હકીકતનો સ્વીકાર કરે છે ક દુખાવાની ફરીયાદની નિદાન કરવાની કોઈ સ્પેશીયલ પધ્ધતી નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે દીપકભાઈની રેવાબેનની અને ગીતાબેન ની ઈજાઓ ધકકામુકકીમા પડી જવાથી થઈ શકે. એ હકીકતનો સ્વીકાર કરે છે ક તેમણે ઓપીડી બેઝ પર સારવાર કરેલી તેઓ ફરીથી બતાવવા આવેલ નહી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ફરીયાદીને મદદ કરવા ખોટી જુબાની આપુ છુ.

(૨૩) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે સાહેદ નંબર.૧૫ તરીકે **સાહેદ પી.એસ.આઈ.નીતીરાજસીંહ સુખદેવસીંહ ઝાલાને** આંક–૪૩ થી સોગંદ ઉપર તપાસેલા છે.તેઓ સોગંદ ઉપરના પુરાવામા જણાવે છે કે, ઈ તા. ૧૭/૧/૨૦ ના રોજ હુ ભાદરણ પો.સ્ટે. મા પોસઈ તરીકે ફરજ બજાવતો હતો ત્યારે ફરીયાદી દીપકભાઈ ભીખાભાઈ ચૌહાણ નાઓ પો.સ્ટે.આવેલા અને મારી રુબરુ તેઓની ફરીયાદ હકીકત જાહેર કરતા તેઓના જણાવ્યા પ્રમાણે ફરીયાદ હકીકત મારા રાઈટર પાસે ટાઈપ કરાવી દીધેલ અને તે ફરીયાદ હકીકત તેઓને વાચી સંભળાવતા ખરી હોય ફરીયાદીએ ફરીયાદમા સહી કરેલી અને રુબરુ તરીકે મે મારી સહી કરેલી ત્યારબાદ ફરીયાદના આધારે મે જાતે ભાદરણ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧ ૫૦૦૪૨૦૦૦૦૯/૨૦ થી ઈપીકો કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રો એકટ કલમ ૩(૨),૫(અ) તથા જીપીએકટ કલમ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી તે અંગે ટે.ડાયરીમા નોંધ કરી આગળની તપાસ એસસીએસટી સેલ આણંદના નાપોઅધીશ્રી ડી.આર.ભાટીયાનાઓ તરફ મોકલી આપેલ મને આક–૨૦ વાળી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમા ફરીયાદીની સહી તથા રુબરુ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. મને જાહેર રીપોર્ટ બતાવવામાં આવે છે જે ગુનાના કામે મે તૈયાર કરી ઉપરી અધીકારી તરફ મોકલી આપેલ જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૪૪ આપવામા આવે છે. મને સુચીપત્ર બતાવવામા આવે છે જેમા મારી રાહી છે જે ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૪૫ આપવામાં આવે છે.આજરોજ મારી સાથે ભાદરણ પો.સ્ટે.ની તા.૧૭/૧/૨૦ ના રોજની સદર ગુનાની જે નોંધ કરેલી તે સ્ટે.ડાયરીના જરૂર પુરતા પાનાની

ખરી નકલ લાવેલ છુ જે નામ.કોર્ટમાં રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક–૪૬ આપવામાં આવે છે.

સદર સાહેદની બચાવપક્ષે **ઉલટતપાસ** કરવામા આવેલ છે તેમા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ ફરીયાદ આપી તે વખતે જાતી અંગેનુ પ્ર માણપત્ર રજુ કરેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ ફરીયાદમા કોઈપણ જગ્યાએ જાતી અંગેના આક્ષેપો કરેલા નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ઈજા પામનારની કોઈ યાદી મે કરેલ નથી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ ફરીયાદમા પોતે એસસી એસટી જ્ઞાતીમાં આવે છે તેવી હકીકત મારી રુબરુ લખાવેલ નથી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ ફરીયાદમા તોદારો સવર્ણ જ્ઞાતીમા આવે છે તેવી હકીકત પણ મારી રુબરુ જણાવેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ફરીયાદ મે મારી જાતે ફરીયાદને અનુરુપ ફરીયાદ લખી લીધેલી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ ફરીયાદમા મારી રુબરુમા ફરીયાદમા એવી હકીકત લખાવેલ નથી કે બનાવના દીવસે હુ મારા ઘરેથી બપોરના બે વાગે નીકળી પંચાયતના કામે પંચાયત ઓફીસે ગયેલો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ ફરીયાદમા મારી રુબરુ મા ફરીયાદમા એવી હકીકત લખાવેલ નથી કે હુ પંચાયત ઓફીસમા ગયેલો અને હુ ત્યા ઓફીસમા બેઠેલો હતો અને ત્યા તલાટી સાહેબ પણ હાજર હતા તે સમયે જગદીશભાઈ અને જશવંતભાઈ તથા ગંભીરભાઈ, અજીતભાઈ, ધીરજભાઈ, નૈનાબેન વિગેરેનુ ટોળુ ગાળો બોલતા બોલતા ત્યા આવેલા અને ત્યા આગળ તેમના હાથમા હથીયાર પણ હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ ફરીયાદમા મારી રુબરુ મા ફરીયાદમા એવી હકીકત લખાવેલ નથી કે આ લોકોનો અવાજ સાંભળી હું પંચાયની બહાર નીકળેલો અને મે કહેલ કે મને કેમ લડો છો ગંભીરભાઈએ મને ધકકો મારી પાડી દીધેલો મને જમણા પગના નળા પર કુહાડી મારી જેથી હુ નીચે પડી ગયેલો અને ધીરજભાઈએ મને થાપા પર લાકડી મારેલી. એ વાત ખરી છે કે ફરીયાદીએ ફરીયાદમા મારી રુબરુ મા ફરીયાદમા એવી હકીકત લખાવેલ નથી કે ત્યારબાદ ઝઘડાની જાણ મારી મમ્મી રેવાબેનને તથા પત્ની ગીતાબેનને જાણ થતા તેઓ દોડી આવેલા અને મારી પત્ની મારી પર સુઈ ગયેલી કારણકે આ લોકો મને માથામાં મારવા જતા હતા મારી પત્નીને જશવંતભાઈ અને બીજા લોકોએ પાછળના ભાગે લાકડીઓ મારેલી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ ફરીયાદમા મારી રુબરુ મા ફરીયાદમા એવી હકીકત લખાવેલ નથી કે હુ મારો જીવ બચાવવા દોડીને ઉભો થઈને જયંતીભાઈ દરજીના ઘરે જતો રહેલો અને તેની દુકાનમા અંદર જઈને અંદરથી સ્ટોપર મારી દીધેલ ત્યારબાદ મારા ઘરની અંદર અગાઉથી પોલીસ પ્રોટેકશન મુકવામા આવેલુ તેમાનો એક હોમગાર્ડનાઓએ ભાદરણ પો.સ્ટે.મા ફોન કરતા ત્યા પોલીસની ગાડી આવી ગયેલી ત્યારબાદ પોલીસે મને પો.સ્ટે. લઈ ગયેલ અને ત્યાથી મારુતી હોસ્પી.મા સારવાર માટે મોકલી આપેલો.એ હકીકતનો ઈન્કાર

કરે છે કે ફરીયાદના લખાવ્યા મુજબ નહી પરંતુ કરીયાદ મે મારી જાતે લખી લીધેલી.

(૨૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે સાહેદ નંબર.૧૬ તરીકે **ત.ક.અ. દીપકકુમાર રમણભાઈ ભાટીયાને** આંક–૪૭ થી સોગંદ ઉપર તપાસેલા છે.તેઓ સોગંદ ઉપરના પુરાવામા જણાવે છે કે,તેઓ નાયબ પો.અધી.તરીકે એસસીએસટી સેલ, આણંદ ખાતે મારી ફરજ બજાવતો હતો ત્યારે તા.૧૮/૧/૨૦ ના રોજ ભાદરણપો.સ્ટે. ગુ.ર.નં.૯/૨૦૨૦ ની તપાસ મને સંભાળવા માટે મેસેજ આધારે હુકમ થતા સદર ગુનાની તપાસ તેમણે સંભાળી લીધેલ બાદ સદર ગુનાની તપાસના કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બે સ્વતંત્ર પાંચેની હાજરીમા કરવામા આવેલ તથા ફરીયાદીનુ વિશેષ નિવેદન નોધવામા ંઆવેલ બાદ સદર ગુનાના કામે સાહેદોના નિવેદનો નોધેલા તથા ફરીયાદીએ હોસ્પીટલમા સારવાર કરાવેલ હોય સારવાર સર્ટી. પોસઈશ્રી ભાદરણનાઓ મારફતે મેળવવા તજવીજ કરી સારવાર સર્ટી. તપાસના કામે સામેલ રાખેલ બાદ સદર તપાસના કામે પંચનામાની વિગતે આરોપીઓને અટક કરવામા આવેલ તથા ગુનામા વાપરેલ લોખંડની કુહાડી તથા વાસની લાકડીઓ કબજે કરવામા આવેલ બાદ સદર ગુનાના કામે ફરીયાદીનુ ૧૬૪ મુજબનુ નિવેદન મેળવવા તજવીજ કરી તપાસના કામે સામેલ રાખેલ બાદ સદર તપાસના કામે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલ. તેમને સર્ટી. બતાવવામા આવે છે જે તેમને તપાસના કામે સામેલ રાખેલ તે જ છે જેને રજુ દાખલ આંક–૪૮ આપવામા આવે છે. તેમને આક–૧૭,૩૨,૩૬ વાળા પંચનામા બતાવવામા આવે છે જે પંચનામા પંચોના લખાવ્યા પ્રમાણે લખેલા અને તે બરાબર અને ખરા હોય તપાસના કામે સામેલ રાખેલ તેમા પંચોએ સહીઓ કરેલ. તેમને હથીયારબંધીનુ જાહેરનામુ બતાવતા જે તેઓએ તપાસના કામે સામેલ રાખેલ તે જ છે જેને રજુ દાખલ આંક–૪૯ આપવામા આવે છે. તે યાદી બતાવવામા આવે છે જે યાદી પીએસઓએ મેડી.ઓફીસરને લખેલ તે તેઓએ તપાસના કામે સામેલ રાખેલ તે જ છે જેને રજુ દાખલ આંક–૫૦ આપવામા આવે છે.તેમણે જે યાદી મેડી.ઓફીસરને સારવાર સર્ટી.મેળવવા કરેલ જેની નીચે પોતાની સહી છે જે ઓળખી બતાવે છે જેને રજુ દાખલ આંક–૫૧ આપવામા આવે છે.તેમને ફરીયાદીએ જે યાદી પોલીસ રક્ષણ આપવા માટે કરેલ જે બતાવતા તેમા નીચે પોતાની સહી ઓળખી બતાવે છે.જેને રજુ દાખલ આંક–૫૨ આપવમા આવે છે. તેમને જાહેરનામુ બતાવવામા આવે છે જે તપાસના કામે મેળવી તપાસના કામે સામેલ રાખેલ

તે છે જેને રજુ દાખલ આંક–૫૩ આપવામા આવે છે.તેમને યાદી બતાવતા જે યાદી મેડી.ઓફીસરને આરોપીઓના સારવાર સર્ટી. મેળવવા કરેલ તે તેઓએ તપાસના કામે સામેલ રાખેલ તે જ છે જેને રજુ દાખલ આંક–૫૪ આપવામા આવે છે.તેમણે રીપોર્ટ જેએમએફસી બોરસદનાઓને ફરીયાદીનુ સીઆરપીસી ૧૬૪ નુ નિવેદન લેવા કરેલ તે બતાવતા તેમા તેની નીચે પોતાની સહી છે જેને રજુ દાખલ આંક–૫૫ આપવામા આવે છે. તેમણે જે યાદી ૧૬૪ નુ નિવેદન લેવા ની તારીખ અને સમય આપેલ તે બાબતની છે જે બતાવતા તે તપાસના કામે સામેલ રાખેલ તે છે જેને રજુ દાખલ આંક–૫૬ આપવામા આવે છે. તેમને પ્રમાણપત્ર બતાવતા જે તેમને તપાસના કામે પ્રાપ્ત થયેલ તે છે જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે જેને રજુ દાખલ આંક–૫૭ આપવામા આવે છે.

તેઓએ આ કામે સાહેદ ભાઈલાલભાઈ પુનમભાઈ મકવાણાનુ નીવેદન લીધેલ જે તેમના લખાવ્યા મુજબ લખી લીધેલ આ કામના આરોપીઓને કોર્ટમા ઓળખી બતાવે છે.જે પૈકી આરોપી નં. ૫ તર્ફે હાજરી મુકિત રીપોર્ટ રજુ છે. આ કામનો મુ.માલ ઓળખી શકે.

સદર ત.ક.અ.ની બચાવપક્ષે **ઉલટતપાસ** કરવામા આવેલ છે તેમા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદની તપાસ મળતા ફરીયાદ વાંચેલી અને ફરીયાદમા જાતી અંગેના આક્ષેપો કરેલા હોય તેવો ઉલ્લેખ ન હતો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદમા ફરીયાદીએ પોતે અનુસુચીત જાતીમા આવતા હોવાનુ લખાવેલ નથી તથા આરોપી સવર્ણ જ્ઞાતીના હોવાનુ પણ લખાવેલ નથી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ રજુ કરેલ જાતી અંગેના પ્રમાણપત્રનુ વેરીફીકેશન કરેલ નથી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીના વિશેષ નિવેદનમા ફરીયાદ સિવાયની અન્ય કોઈ હકીકત જણાવેલ નથી.એ હકીકતનો ઈન્કાર કરે છે કે તપાસ એક દીવસમા પુરી કરી દીધેલ છે.એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે પંચનામા તથા સાહેદોના નિવેદનો એક જ દીવસે લીધેલા અને કરેલા.એ હકીકતનો ઈન્કાર કરે છે કે ફરીયાદીએ અગાઉ પણ આવી ફરીયાદ કરેલ હોવાની હકીકત તેમની તપાસમા ખુલેલી. એ હકીકતનો પણ ઈન્કાર કરે છે કે બનાવ વખતે મજુરો હાજર હતા.એ હકીકતનો ઈન્કાર કરે છે કે પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જસીટ કરેલ છે અને સાહેદનો નીવેદનો પોતાની રીતે લખી લીધેલા અને પંચનામા પંચોના લખાવ્યા મુજબ નહી પરંતુ પોતાની મેળે લખી લીધેલા.

**(૨૫)** આ કામે આરોપીઓ વિરૂધ્ધ એવુ તહોમત છે કે,આરોપીઓએ તારીખ.૧૭/૦૧/૧૯ ના રોજ કલાક ૧૪–૦૦ થી ૧૪–૧૫ ના સુમારે નાની શેરડી જોગણી માતા પાસે ચોકના

સ્થળે અને સમયે આરોપી નં.૧,૨ જગદીશભાઈ તથા જશવંતભાઈ આર.સી.સી.રોડનુ કામ ચાલુ હોવા છતા કાચા કામમા મોટરસાયકલ લઈને ચલાવી આવતા ફરીયાદી દીપકભાઈ ચૌહાણ તથા સાહેદ સુરેશભાઈથી રોડ કાચો હોય બે દિવસ સાચવવા ઠપકો કરતા આરોપીઓ ગાળો બોલી જતા રહેલા.ત્યારબાદ તેઓનુ ઉપરાણુ લઈને આરોપી નં.૩ થી ૬ નાઓ હથીયારો લઈ આવીને ગાળો બોલીને ફરીયાદીને આરોપી નં.૩ ગંભીરસીંહે કુહાડી જમણા પગે નળા ઉપર મારીને તથા ફરીયાદી પડી જતા સહ આરોપી નં.૪,૫ એ લાકડીની ઝાપોટો મારતા તેઓને બચાવવા પડતા,રેવાબેન ગીતાબેન વચ્ચે આડાશ કરતા તેઓને પણ લાકડીની ઝાપોટો મારીને ઈજા કરીને આરોપી નં.૬ નાએ સાહેદ રેવાબેનને સાથળે લાકડીની ઝાપટ મારીને આરોપીઓએ જાતીવાચક અપમાનજનક શબ્દો બોલીને,જાનથી મારી નાંખવાની ધમકીઓ આપીને,જીલ્લા મેજી.શ્રી.ના હથીયારબધીના જાહેરનામાનો ભંગ કરી,એકબીજાની મદદગારી કરી કરી ગુનો કરેલાનો આક્ષેપ છે.

(૨૬) આ કામે આગળ ઉપર નોંધેલ ફરી.પક્ષનો પુરાવો વંચાણે લઈ તેનુ મુલ્યાકંન કરતા સૌ પ્રથમ ફરીયાદીએ તેની આંક-૨૦ ની ફરીયાદમા જણાવેલ છે કે ''.....અમારા નાની શેરડી ગામે જોગણી માતા મંદીર પાસે ચોકમા સરકારશ્રી ધ્વારા આર.સી.સી.રોડ મંજુર થયેલ હોય જેથી અમારા ગામમા આજરોજ આર.સી.સી.રોડનુ કામ ચાલતુ હતુ અને બપોરના આશરે પોણા બે વાગેના સુમારે હુ ત્યા ગયેલો આ વખતે સ્થળ પર અમાર ગામના સરપંચના પતિ સુરેશભાઈ ભીખાભાઈ મકવાણા તથા પટાવાળા રમેશભાઈ ગોકળભાઈ પ્રજાપતીનાઓ હાજર હતા.જેથી હુ તેઓની પાસે જઈને વાતો કરતો હતો.આ વખતે બપોરના આશરે સવા બેએક વાગેના અરસામા અમારા ગામના જગદીશભાઈ દિનેશભાઈ પઢીયાર તથા ભુપેન્દ્રભાઈ રમણભાઈ પઢીયારનાઓ મોટરસાયકલ લઈને આવેલાઅને નવા બનતા આર.સી.સી.રોડ ઉપરથી નીકળતા આર.સી.સી.રોડ ઉપર ટાયરનો પાટો પડી ખાડો પડી ગયેલો જેથી મારી સાથેના સુરેશભાઈનાઓએ તેઓને ઠપકો કરેલ અને મે પણ તેઓને જણાવેલ કે હાલમા આપણા ગામમા નવો આર.સી.સી.રોડ બને છે જેથી બે દિવસ ફરીને જાવ તેમ કહેતા જગદીશભાઈ તથા ભુપેન્દ્રભાઈનાઓ મને ગમે તેમ મા બેન સમાણી બીભત્સ ગાળો બોલી તેમના ઘર તરફ જતા રહેલા અને થોડીવારમા જગદીશભાઈ તથા ભુપેન્દ્રભાઈનુ ઉપરાણુ લઈ ગંભીરભાઈ રમણભાઈ પઢીયારનાઓ તેના હાથમા કુહાડી તથા અજીત રમણભાઈ પઢીયાર નાઓ તથા ધીરજ ફતાભાઈ પઢીયારનાઓ તેમના હાથમા લાકડી લઈ આવી ગયેલા .તેઓની સાથે નયનાબેન અજીતભાઈ પઢીયાર પણ આવી ગયેલા અને તેઓએ મારી સાથે ગમે તેમ બોલાચાલી કરી ગાળો બોલતા મે ગાળો બોલવાની ના પાડતા ગં ભીરભાઈ રમણભાઈ પઢીયારનાઓ એકદમ ઉશ્કેરાઈ જઈ તેના હાથમાની કુહાડીની મુદડ

મને જમણા પગના નળાના ભાગે જોરથી મારી દીધેલી જેથી નાળાના ભાગેકચ્ચર માર વાગવાથી ઈજા થયેલી અને અજીતભાઈનાઓએ તેમના હાથમાની લાકડીની ઝાપોટ મને થાપાના ભાગે જોરથી મારતા હુ નીચે પડી ગયેલો આ વખતે મારા મમ્મી રેવાબેન તથા મારા પત્ની ગીતાબેનને ખબર પડતા તેઓ ત્યા આવી ગયેલા અને મને મારમાંથી બચાવવા મારી ઉપર આડસ કરી નમી ગયેલા ત્યારે ધીરજભાઈ તથા અજીતભાઈનાઓએ તેમના હાથમાની લાકડીની ઝાપોટ મારા મમ્મી તથા મારા પત્નીને શરીરે મારી ગડદાપાટુનો માર મારેલ અને નયનાબેને પણ મારી મમ્મી તથા પત્નીની સાથે ઝપાઝપી કરી હાથના મુકાથી માર મારેલ.આ વખતે વધુ બુમાબુમ થતા આજુબાજુમાથી માણસો ભેગા થઈ ગયેલા અને આ લોકો જતા જતા ગંભીરભાઈનાઓ મનેકહેવા લાગેલ કે આજે તો તુ બચી ગયો છુ પણ ફરીથી તને જાનથી મારી નાંખીશુ તેવી ધમકી આપતા ગાળો બોલતા બોલતા જતારહેલા જેથી હુ પો.સ્ટે.આવી સારવાર માટેની યાદી મેળવી બોરસદ મારુતી હોસ્પીટલમા સારવાર કરાવ્યા બાદ અત્રે ફરીયાદ કરવા આવેલ છુ..............'' મુજબની ફરીયાદ હકીકત ફરીયાદીએ પી.એસ.આઈ.શ્રી.એન.એચ.ઝાલા રુબરુ લખાવેલ છે.ત્યારબાદ આ કામે આંક-૨૧ વાળુ ફરીયાદીનુ સી.આર.પી.સી.કલમ-૧૬૪ મુજબનુ નીવેદન તા.૩/૨/૨૦૧૯ ના રોજ નોધવામા આવેલ છે.તેમા ફરીયાદીએ લખાવેલ છે કે ''.......ગઈ તા.૧૭/૧/૨૦ ના દિવસે બપોરે નાની શેરડી ગ્રામ પંચાયતમા બે સવા બેની આસપાસ ગયેલો ત્યારે પંચાયતની આગળ જોગણી માતાના ચોકમા આર.સી.સી.ભરવાનુ કામ ચાલતુ હતુ ત્યા તલાટી અને સરપંચના પતિ ત્યા ઉભા હતા અને હુ પણ ત્યા ગયેલ અને આર.સી.સી.ની કામગીરી ચાલુહતીત્યારે જગદીશભાઈ દિનેશભાઈ પઢીયાર બંધતા આર.સી.સી.મા બાઈક લઈને ગયા એટલે પાટો પડી ગયેલ ત્યારે તલાટી અને સરપંચના પતિને તેને ઠપકો આપેલ ત્યારે હુ પણ ત્યા હતો. મે પણ કીધુ કે ભાઈ આર.સી.સી.નુ કામ ચાલુ છે બે દિવસ ફરીને આવ્યો હોત તો શુ વાંધો હતો ત્યારે આ જગદીશભાઈ અને જશવંત ઉર્ફે ભુપેન્દ્રભાઈ મને ગમે તેમગાળો બોલીને એમના ઘરે ગયેલા પછી તેમના ઘરેથી અન્ય બધા માણસો લઈને મારી ઉપર હુમલો કરવા આવેલ.તેમને મે સમજાવતા કહેલ કે મે શુ ખોટુ કીધેલુ તો તે લોકો ઉશ્કેરાઈને મને ગમે તેમ ગાળો અને જાતિવિષયક ગાળો બોલી અને ત્યારે મે મારા ઘરે મારા મોબાઈલથી ફોન કરીને મારી પત્ની અને મારા મમ્મીને બોલાવેલ.ત્યારપછી આ લોકોએ અચાનક જ મારી ઉપર હુમલો કરતા મને નીચે પાડી દીધેલ અને કોળી અને લાકડીથી હુમલો કરી મને નીચે પાડી દીધેલઅને મારા જમા પગમા ગંભીરભાઈ રમણભાઈ પઢીયારે કોળી મારી દીધેલ .ધીરેન ફતાભાઈ પઢીયારે પાછળ સાથળના ભાગે લાકડી મારેલી અને આ જોતા મારી પત્ની મારી પર આવેલ અને મને સંતાડી દીધેલો અને મારી પત્નીને પણ આ લોકોએ મારેલ અને મારી મમ્મીને પણ આ લોકોએ મારેલ ત્યારે બાદ મને વધારે પડતુ વાગતા હુ બાજુમા જયં

તીભાઈ દરજીની ઓરડીમા સંતાઈ ગયેલ ત્યારબાદ મે પો.સ્ટે.મા જાણ કરતા પોલીસની ગાડી આવેલી અને મને લઈ ગયેલ.ત્યાંથી પો.સ્ટેમાંથી મને દવાનુ લખી આપતા મે મારુતી હોસ્પીટલ બોરસદમા દવા કરાવેલ.દવા કરાવ્યા પછી મે રાત્રે સાડાનવ વાગે ફરીયાદ આપેલી.તેમા છ આરોપીઓના નામ લખેલા જગદીશ દિનેશભાઈ પઢીયાર,જશવંત ઉર્ફે ભુપેન્દ્રભાઈ રમણભાઈપઢીયાર,ગંભીરસીંહ રમણભાઈ પઢીયાર ,અજીતભાઈ રમણભાઈ પઢીયાર,ધીરુભાઈ પ્રભાતભાઈ પઢીયાર અને નયનાબેન અજીતસીંહ પઢીયાર અને અન્ય લોકોની સામે ફરીયાદ આપેલી.''મુજબની હકીકત સાહેદે તેમના ક્રિ.પ્રો.કો.ક.૧૬૪ ના નિવેદનમા મેજી.શ્રી.રુબરુ લખાવેલ છે.ફરીયાદીની ફરીયાદ આંક-૨૦ ની તથા આંક-૨૧ ના નિવેદનમા મહત્વની બાબતમા વિરોધાભાસ જણાય આવે છે. ફરીયાદમા કોઈ જગ્યાએ તલાટી હાજર હોય તેણે ઠપકો આપેલહોય તેવુ જણાવેલ નથી.તેમજ નીવેદનમા દિનેશભાઈ પઢીયાર બાઈક લઈને અંદર ગયા તેમ જણાવે છે જયારે ફરીયાદમા જગદીશભાઈ દિનેશભાઈ તથા ભુપેન્દ્રભાઈ રમણભાઈ મો.સાયકલ લઈને આવેલાનુ અને રોડ ઉપરથી નીકળતા આર.સી.સી.રોડ ઉપર ટાયરનો પાટો પાડી ખાડો પડી ગયેલાનુ જણાવે છે.તેમજ ફરીયાદમા કોઈ જગ્યાએ આ બંને જણા બીજા ઘરના સભ્યોને લઈને આવેલ હોય તેવુ જણાવેલ નથી.જયારે વિશેષ નિવેદનમા આ બંને જણા ઘરના બીજા સભ્યોને લઈને આવેલા તેમ જણાવે છે.તેમજ ફરીયાદમા કોઈ જગ્યાએ તેમણે તેમની પત્નીને ફોન કરી તેમના મમ્મી તથા તેમના પત્નીને બોલાવેલાનુ જણાવે નથી.જયાર ક્રી.પ્રો.કો.ક.૧૬૪ ના નિવેદનમા તે મુજબની વધારાની હકીકત જણાવે છે.તેમજ ફરીયાદમા ગંભીરભાઈએ ગાળો બોલી હાથમાની કુહાડીની મુદડ જમણા પગના નાળામા મારી દીધેલાનુ અને અજીતભાઈએ તેમના હાથમાની લાકડીની ઝાપોટ થાપાના ભાગે મારેલાનુ અને આ વખતે મારા મમ્મી રેવાબેન તથા પત્ની ગીતાબેનને ખબર પડતા તેઓ ત્યા આવી ગયેલા અને મને મારમાંથી બચાવવા મારી ઉપર આડશ કરી નમી ગયેલા તેમ જણાવેલ છે અને ત્યારે ધીરજભાઈ અને અજીતભાઈનાઓએ તેમના હાથમાની લાકડીની ઝાપોટ મારી મમ્મી તથા મારી પત્નીના શરીરે મારી ગડદાપાટુનો માર મારેલો અને નયનાબેને પણ મારી મમ્મી તથા પત્નીની સાથે ઝપાઝપી કરી હાથના મુકકાથી માર મારેલો જયારે સી.આર.પી.સી.ક.૧૬૪ ના નીવેદનમા વધારાની હકીકત પોતાને વધુ પડતુ વાગતા બાજુમા જયંતીભાઈ દરજીની ઓરડીમા સંતાઈ ગયેલાનુ જણાવે છે જયારે તેવી હકીકત ફરીયાદમાં નથી કે નયનાબેને કોઈ ઈજા કરેલાનુ આ નીવેદનમા નથી.આમ સાહેદની ફરીયાદ અને સાહેદ કલમ-૧૬૪ ના નીવેદનમા મહત્વની બાબતોમા એકબીજાથી વિરોધાભાસી અને વિસંગત હકીકત રેકર્ડ ઉપર આવે છે.ફરીયાદીની આંક-૧૯ ની જુબાની ધ્યાને લેતા તેમા પણ સરતપાસમા જણાવેલ છે કે, બનાવ તા.૧૭/૧/૨૦ ના રોજ બનેલો તે દિવસે પોતેપોતાના ઘરેથી બપોરના બે વાગે નીકળી પંચાયતના કામે પંચાયત ઓફીસે ગયેલો તે વખતે જોગણી માતાના મંદીર પાસ

ે આર.સી.સી.રોડનુ કામ ચાલુ હતુ ત્યા નાની શેરડી ગામના સરપંચના પતિ સુરેશભાઈ ભીખાભાઈ મકવાણા અને પટાવાળા રમેશભાઈ ગોકળભાઈ પ્રજાપતી ત્યા હાજર હતા તેમને જોઈને પોતે તેમની પાસે ગયેલ તે વખતે આ જગદીશભાઈ દીનેશભાઈ તથા ભુપેન્દ્ર ઉર્ફે જશવંતભાઈ પઢીયારનાઓ આર.સી.સી.કામ ચાલુ હતુ તેમા બાઈક લઈને આવીગયેલા જેથી આર.સી.સી.મા પાટા પડી ગયેલા તેથી સરપંચના પતિ સુરેશભાઈએ અને સદર ફરીયાદીએ કહેલ કે બે દીવસ સુધી આર.સી.સી.પર ન જશો અને બે દિવસ ઝપી જાવ.તેથી બંને જણા જગદીશ અને જશવંતભાઈ ઉશ્કેરાશઈ ગયેલા અને ત્યાંથી ઘરે જતા રહેલા અને હુ પંચાયત ઓફીસમા ગયેલો અને હુ ત્યા ઓફીસમા બેઠેલો અને ત્યા તલાટી સાહેબ પણ હહાજર હતા તે દરમીયાન જગદીશભાઈ અને જશવંતભાઈ તથા ગંભીરભાઈ,અજીતભાઈ,ધીરજભાઈ,નયનાબેન વિગેરે આ લોકો ટોળુ ગાળો બોલતા બોલતા ત્યા આવેલા અને તેમની સાથે હથીયાર પણ હતા.તેમા ગંભીરભાઈના હાથમા કુહાડી,ધીરજભાઈના હાથમા લાકડી, જશવંતભાઈના હાથમા લાકડી અને અજીતભાઈ અને નયનાબેનના હાથમા નાના ડંડા જેવા હથીયાર હતા.આ લોકોનો અવાજ સાંભળી હુ પંચાયતની બહાર નીકળેલ અને મે કહેલ કે મને કેમ બોલો છો તો ગંભીરભાઈએમને ધકકો મારી પાડી દીધેલ અને મને જમણા પગના નળા ઉપર કુહાડી મારેલી જેથી હુ નીચે પડી ગયેલો અને ધીરજભાઈએ મને થાપાઉપર લાકડી મારેલી.આ ઝગડા દરમીયાન આરોપીઓમાંથી ગંભીરભાઈએ મને ધમકી આપેલી કે આ વખતે તો બચી ગયો છુ ફરીવાર તને જીવતો નહીમુકીશુ .ત્યારબાદ આ ઝગડાની જાણ મારી મમ્મી રેવાબેન તથા પત્ની ગીતાબેનને જાણ થતા તેઓ દોડી આવેલા અનેમારી પત્ની મારી ઉપર આવીને સુઈ ગયેલ કારણ કે આ લોકો મને માથામા મારવા જતા હતા.મારા પત્નીને જશવંત અને બીજા લોકોએ પાછળના ભાગે લાકડીઓ મારેલી તથા મારી મમ્મીને નયનાબેને થાપાઉપર લાકેડીથી મારેલુ પછી હુ મારો જીવ બચાવવા દોડીને ઉભો થઈને જયંતીભાઈ દરજીના ઘરે જતો રહેલ અને તેની દુંકાનમા શઅંદર જઈ અંદરથી સ્ટોપર મારી દીધેલી.ત્યારબાદ મારા ઘરની અંદર અગાઉથી પોલીસ પ્રોટેકશન મુકવામા આવેલ તેમાનો એક હોમગાર્ડનાઓ ભાદરણ પો.સ્ટે.ફોન કરતા ત્યા પોલીસની ગાડી આવેલ ત્યારબાદ પોલીસ મને પો.સ્ટે.લઈ ગયેલ અને ત્યાથી મારુતી હોસ્પીટલમા સારવાર માટે મોકલી આપેલ.ત્યારબાદ મે ભાદરણ પો.સ્ટે.મા બનાવની ફરીયાદ કરેલી........ હુ બોરસદ કોર્ટમા ગયેલો તે બાબતે બોરસદના જજ સાહેબે મારુ નીવેદન લીધેલુ.તે નિવેદનમા મારી સહી છે તે ઓળખી બતાવુ છુ.....આરોપી આજરોજ ના.કોર્ટમા હાજર છે તેજ છે.....મને મુદામાલ બતાવવામા આવે તો હુ ઓળખી શકુ.મને મુદામાલ આર્ટી.નં.૧ જે કુહોડી છે તે જોઈને કહુ છુ કે આ તે કુહાડી નથી જે મને ગંભીરભાઈએ મારેલી તે કુહાડી જુની હતી જયારે આ કુહાડી નવી છે.મને મુદામાલ

આર્ટી.નં.૨ કે જે વાંસની લાકડી છે તે આજ લાકડી છે તે મને ધીરજભાઈએ મારેલી.મને મુંદામાલ આર્ટી .નં.૩ કે જે વાંસની લાકડી છે તે જોઈને કહુ છુ કે તે આજ લાકડી છેજે બનાવ વખતે જશવંતભાઈના હાથમા હતી.મને મુદામાલ આર્ટી.નં.૪ કે જે વાંસની લાકડી છે તે જોઈને કહુ છુ કે આ તેજ લાકડી છે તે બનાવ વખતે નયનાબેને મારા મમ્મી અને મારી પત્નીને મારેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ઉપરોકત જણાવેલ મુદામાલ સિવાય અજીતભાઈ પાસે એક લાકડાનો ડંડો હતો.આ સાહેદની જુબાનીમા આંક–૨૦ થી ફરીયાદ તથા આંક–૨૩ થી જાતીના પ્રમાણપત્રની ખરી નકલ રજુ થયેલ છે.આ સાહેદની બચાવપક્ષે વિસ્તૃત ઉલટતપાસ થયેલ છે જે ઘ્યાને લેતા સાહેદે ઉલટતપાસમા જણાવેલ છે કે ''હુ આણંદ જીલ્લા બી.જે.પી.અનુસુચીત જાતી મોરચાનો કારોબારી સભ્ય છુ.આરોપી કોગ્રેસ પાર્ટીના છે કે કેમ તેની મને ખબર નથી.મે આ સહીત કુલ–૨ એટ્રોસીટીની ફરીયાદ કરેલ છે.......હુ એટ્રોસીટીના કેસમા કોઈપણ વખત જુબાની આપવા આવેલ નથી........એ વાત ખરી છેકે દાવા નં.૧૯૧/૨૦૦૭ ના કામે મારા ગુજરનાર પિતા ભીખાભાઈ તથા મારા કાકા સામે છત્રસીહે દાવો કરેલો.એ વાત ખરી છે કે પરસોતમભાઈ પરાગભાઈએ એટ્રોસીટીની છત્રસીહ તથા તેમના માણસો સામે ફરીયાદ કરેલી.એ વાત ખરી નથી કે ઉપરોકત ફરીયાદમા હુ સાહેદ તરીકે પણ હતો. એ વાત ખરી છે કે છત્રસીહ બુધાભાઈ ચાવડાનાઓએ પરસોતમભાઈ પરાગભાઈ સામે ખોટા દસ્તાવેજો બનાવવા અંગેની ફરીયાદ કરેલી.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે ફરીયાદ અમે જીતી ગયેલા.એ વાત ખરી નથી કે ઉપરોકત ફરીયાદ થવાના કારણે તેનો સમંસ બજતા છત્રસીંહ બુધાભાઈ સામે એટ્રોસીટીની ફરીયાદ થયેલી.એ વાત ખરી છે કે છત્રસીંહ વિગેરે તે ફરીયાદમા નિર્દોષ છુટી ગયેલા.એ વાત ખરી છે કે આ કામના તો.દાર ગંભીરસીહના પત્ની તથા સુરેશભાઈના પત્ની સરપંચ તરીકે ઉભા રહેલા અને સુરેશભાઈના પત્ની જીતી ગયેલા અને ગંભીરભાઈના પત્ની હારી ગયેલા.એ વાત ખરી નથી કે સુરેશભાઈના પત્ની સરપંચ હતા તેથી બધો વહીવટ સુરેશભાઈ કરતા હતા.એ વાત ખરી છે કે ગંભીરભાઈ દુધ મંડળીના ચેરમેન હતા. એ વાત ખરી છે કે, સુંરેશભાઈ સાથે મારે સારા સબંધો છે...........એ વાત ખરી છેકે હુ ગ્રામ પંચાયતમા કોઈ હોદો ધરાવતો નથી અનેમે કોઈને કોન્ટ્રાકટરોડ બનાવવા આપેલ નથી કે મે કોઈ રોડ બનાવેલ નથી.રોડ બોરસદના પવનભાઈ કોન્ટ્રાકટર હતા તે બનાવતા હતા.એ વાત ખરી છે કે હાલનો બનાવ બનેલ ત્યારે કોન્ટ્રાટક પવનભાઈના દસથી બાર માણસો તે વખતે હાજર હતા.એ વાત ખરી નથી કે કોન્ટ્રાકટરના ઉપરોકત માણસોએ આરોપીને કાઈ કહેલ નહી.એ વાત ખરી છે કે આરોપીઓએ કોન્ટ્રાકટરના માણસોને કાઈ કીધેલ નહી. એ વાત ખરી છે કે રોડ બનતો હતો ત્યારે ગામના પાંચ દસ માણસો ત્યા હાજર હતા......એ વાત ખરી નથી કે તલાટીએ આરોપીને કીધેલ નહી કે શુ કામ તમે અહીથી જાવ છો.એ વાત ખરી છે કે સુરેશભાઈ ગ્ર

ામ પંચાયતમા કોઈ હોદો ધરાવતા નથી.......એ વાત ખરી છેકે મારા પત્ની ટેલરીંગ કામ કરે છે.એ વાત ખરીછે કે જયંતીભાઈ દલપતભાઈ દરજીટેલરીંગ કામ કરે છે.એ વાત ખરી છે કે જયં તીભાસ દલપતભાઈ દરજી સાથે મારે સારા સબંધો છે.એ વાત ખરી છેકે આરોપીઓના પત્નીઓ મારા પત્ની પાસે કપડા સીવડાવવા આવતા હતા.........બનાવ બાદ અડધા કલાકમા ફરીયાદ કરવા ગયેલા.ફરીયાદ કરવા હુ ,મારા મમ્મી તથા પત્ની ગયેલા.

સાહેદે ઉલટમા વધુમા એમ જણાવેલ છે કે,એ હકીકતનો ઈન્કાર કરે છે કે બનાવના દીવસે સદર ફરીયાદી તેમનમા ઘરેથી બપોરના બે વાગે નીકળી પંચાયતના કામે પંચાયત ઓફીસ` ગયેલો તેવુ ફરીયાદ કે જવાબમા લખાવેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે તેઓ પંચાયત ઓફીસમા ગયેલો અને પોતેં ત્યાં ઓફીસમા બેઠેલો અને ત્યાં તલાટી સાહેબ પણ હાજર હતા તે દરમ્યાન જગદીશભાઈ અને જશવંતભાઈ તથા ગંભીરભાઈ, અજીતભાઈ, ધીરજભાઈ, નયનાબેન વિગેરે આ લોકો ટોળુ ગાળો બોલતા બોલતા ત્યાં આવેલા અને તેમની સાથે હથીયાર પણ હતા તેવુ તેમની ફરીયાદ કે જવાબમા લખાવેલ નહી કે આ લોકોનો અવાજ સાંભળી હું પંચાયતની બહાર નીકળેલો અને મેં કહેલ કે મને કેમ બોલો છો તો ગંભીરભાઈએ મને ધકકો મારી પાડી દીધેલો અને મને જમણા પગના નળા ઉપર કુહાડી મારેલી જેથી હું નીચે પડી ગયેલો અને ધીરજભાઈએ મને થાપા ઉપર લાકડી મારેલી તેવી હકીકત મારી ફરીયાદ કે જવાબમા લખાવેલ નહી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ત્યારબાદ આ ઝઘડાની જાણ મારી મમ્મી રેવાબેન તથા પત્ની ગીતાબેનને જાણ થતા તેઓ દોડી આવેલા અને મારી પત્ની મારી ઉપર આવીને સુઈ ગયેલ કારણકે આ લોકો મને માથામા મારવા જતા હતા. મારી પત્નીને જશવંતભાઈ અને બીજા લોકોએ પાછળના ભાગે લાકડીઓ મારેલી, તથા મારી મમ્મીને નયનાબેને થાપા ઉપર લાકડીથી મારેલુ પછી હું મારુ જીવ બચાવવા દોડીને ઉભો થઈને જયંતિભાઈ દરજીના ઘરે જતો રહેલો અને તેની દુકાનમા અંદર જઈ મેં અંદરથી સ્ટોપર મારી દીધેલી.ત્યારબાદ મારા ઘરની અંદર અગાઉથી પોલીસ પ્રોટેકશન મુકવામા આવેલુ તેમાનો એક હોમગાર્ડ નાઓએ ભાદરણ પો. સ્ટે. ફોન કરતા ત્યાં પોલીસની ગાડી આવેલી. ત્યારબાદ પોલીસ મને પો. સ્ટે. લઈ ગયેલ અને ત્યાંથી મારુતિ હોસ્પીટલમા સારવાર માટે મોકલી આપેલ તેવી હકીકત તેઓએ તેમની ફરીયાદ કે જવાબમા લખાવેલ નથી.તેમજ એ હકીકતનો ઈન્કાર કરે છે કે આરોપીએ તેમને કુહાડીથી માર મારેલ હોય તે હકીકત ખોટી જણાવે છે.તેમજ તે હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે ફરીયાદીની મમ્મી તથા પત્નીને માર મારેલાની હકીકત ખોટી જણાવે છે.તેમજ એ હકીકતનો ઈન્કાર કરે છે કે બાઈક લઈને જતા હતા અને તેઓને રોકતા મારા ઉપર ઉશ્કેરાઈ ગયેલ તે હકીકત ખોટી જણાવે છે.એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે સુરેશભાઈ સાથે તહોમતદારોને ઈલેકશન બાબતે અણબનાવ હોય તેમનુ ઉપરાણુ લઈને આ ખોટી ફરીયાદ કરેલ છે.એ વાતનો ઈન્કાર

કરે છે કે ઘણા વ્યકિતઓ સામે તેઓને પ્રેસરમા લાવવા માટે મે એટ્રોસીટીની ફરીયાદ કરેલ છે.એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે એટ્રો.કેસ નં.૪૧/૨૦૧૨ ના કામે મે સાહેદ તરીકે આંક-૧૭ થી જુબાની આપેલી તેમ છતા આજરોજ ના.કોર્ટમા કોઈપણ વખત સાહેદ તરીકે જુબાની આપવા આવેલ નથી તેવી ખોટી હકીકત જણાવેલ છે.એ વાત ખરી નથી કે તો.દારોએ મને મારેલ નથી કે,ગાળો બોલેલ નથી તેમ છતા ખોટી હકીકત જણાવી ખોટી ફરીયાદ કરેલ છે.આ સાહેદહની ફરીયાદ,સી.આર.પી.સી.ક.૧૬૪ ના નીવેદન તથા કોર્ટ રુબરુની જુબાનીમા મહત્વની બાબતો અંગે વિરોધાભાસ છે તેમજ આરોપી પક્ષે તેમની દલીલમા અગાઉ એટ્રો.કેસ નં.૪૧/૨૦૧૨ નો ચુકાદો રજુ કરેલ છે જેમા સદર સાહેદને સાહેદ નં.૧૦ તરીકે આંક-૩૭ થી તપાસેલ હોવા છતા કોર્ટ રુબરુ અગાઉ કોઈ જુબાની આપેલ નથી તેવુ જુઠુ બોલતા હોવાનુ સાહેદની ઉલટતપાસ પરથી જણાય આવે છે.તેમજ ફરીયાદમા બીજા બનાવ વખતે ચાર જણા આવેલાનુ જણાવે છે જયારે જુબાનીમા છએ છ જણ આવેલાનુ જણાવે છે તેમજ ફરીયાદમા નયનાબેને ડંડાથી ઈજા કરેલાનુ જણાવેલ નથી અને તેનાથી વિરુધ્ધની હકીકત જુબાનીમા જણાવે છે.

(૨૭) તેમજ આ કામના અન્ય સાહેદોની જુબાની જોતા ફરી.પક્ષે સાહેદ નં.૪ તરીકે આંક-૨૪ થીગીતાબેન દીપકભાઈ ચૌહાણને તપાસેલા છે જેઓની સમગ્ર જુબાની આગળ ઉપર નોંધેલ છે તે મુજબ સદર સાહેદે જણાવેલ છે કે મને કોઈએ ફોન કરી બોલાવેલ કે ઝગડો થયેલ છે જેથી હુ અનેમારી સાથે રેવાબેન આર.સી.સી.નુ કામ ચાલતુ હતુ ત્યા ગયેલ અને જોયેલ કે ગંભીરભામઈ તથા ધીરજભાઈ તથા બીજા ભુપેન્દ્રભાઈ અને એક બેન હાજર હતા બીજાના નામ મને યાદ નથી ત્યા મારા પતિને ગંભીરભાઈએ પગમા દાંતી મારેલી જે મારા પતિને જમણા પગે વાગેલ. અને મારા પતિને મારતાહોવાથી અમે બંને મારા પતિને બચાવવા તેની ઉપર પડેલા તેથી મારી સાસુ રેવાબેનને એક બેને લાકડાનો ડંડો મારેલો.જે મારી સાસુને કેડમા કે કયાય બીજી જગ્યાએ ડંડો વાગયેલ હતો અને હવે હુકહુ છુ કે મારા પતિને ગંભીરભાઈએ પગમા દાંતી મારેલ હતી તે દાંતી નહી પણ કુહાડી હતી.તેમામને પણ કોઈક માણસે મને મારેલ મનેહાલ તેનુ નામ યાદ નથી. મને બરડાના ભાગે વાગેલ હતુ. ગંભીરભાઈ અને ભંપેન્દ્રઢભાઈ તે બધા લોકોએ ધમકી આપેલી અને કહેલ કે તમને જાનથી મારી નાખીશુ અને ગાળો બોલેલા અને જતા રહેલા.ત્યારબાદ ત્યા પોલીસ આવેલ અને મારા પતિએ પો.સ્ટે.જઈ ફરીયાદ લખાવેલી. કોર્ટ રુબરુ આરોપી ગં ભીરભાઈ,અજીતભાઈ અને ધીરજભાઈનાઓને સાહેદે ઓળખી બતાવેલ છે.બીજા કોઈ આરોપીના નામ હુ જાણતી નથી એન બીજા કોઈ આરોપીને જોયેથી ઓળખુ છુ તેના નામ મને ખબર નથી.મને મુદામાલ આર્ટી.૧ વાળી કુહાડી બતાવામા આવે છે જે જોઈનેકહુ છુ કે, તે તે નથી.હાલની નવી છે તે જુની હતી.મુદામાલ આર્ટીકલ નં.૨,૩,૪ વાળા લાકડાના ડંડા

બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે આ ડંડા નથી.આમ મુદામાલ સદર સાહેદ ઓળખી બતાવેલ નથી.તેણીને કોણે મારેલ તે પણ ખબર નથી.તેમજ આ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરેલ છે જે ધ્યાને લેતા સાહેદે જણાવેલ છે કે''.....મારા પતિ ભાજપના કાર્યકર છે. એ વાત ની મને ખબર નથી કે સુરેશભાઈ પણ ભાજપના કાર્યકર છે.હુ જયંતીભાઈ દરજીને ઓળખુ છેત્યા મારા પતિની બેઠક ઉઠક છે અને ત્યા મોટાભાગે બેઠા હોય છે.ભયલાલભાઈ પુનમભાઈ મકવાણાને શ્રીરામ કીરાણા સ્ટોર્સ નામની દુકાન છે ત્યા પણ મારા પતિ બેઠા હોય છે.એ વાત ખરીછે કે જયંતીભાઈ ભયલાલભાઈ અનેસુરેશભમાઈ અને મારા પતિ મીત્રો છે અને સાથે સામાન્ય રીતે જતા આવતા હોય છે.એ વાતની મને ખબર નથી કે ધીરજભાઈની ઈનોવા ગાડી છે અનેતે ભાડે આપે છે.એ વાત ખરી છેકે ધીરજભાઈની ગાડી લઈનેઅમે રાજસ્થાન ફરવા માટે ગયેલા...એ વાત ખરીછેકે ધીરજભાઈ લેડીજ કપડા સીવડાવવા માટે મને આપી જતા હતા.......એ વાત ખરી છેકે મારે ધીરજભાઈની પાસ ે સીલાઈના પૈસા લેવાના બાકી છે.....એ વાત ખરી છે કે,કોનો ફોન કેટલા વાગે આવેલ તેની મને ખબર નથી.એ વાત ખરી છેકે અમે બનાવવાળી જગ્યાએ પહોચ્યા ત્યારે ઘણા બધા માણસોનુ ટોળુ ત્યા હતુ.પંચાયત ઓફીસે બનાવના દિવસે કેટલા વાગે પહોચેલ તે યાદ નથી પરંતુ બપોરનો સમય હતો. મારા પતિ ઘરેથી જમીને ગયેલા.એ વાત ખરીછેકે મારી સાસુને કોણે શુ મારેલ તેની મને ખબર નથી......એ વાત ખરી નથી કે હુ બનાવવાળી જગ્યાએ ગયેલ ત્યારે બનાવ પુર્ણ થઈ ગયેલ હતો. એ વાત ખરી નથીકે પોલીસનેબધી વિગત મારા પતિએ જવાબની હકીકત લખાવેલી.આ સાહેદ પણ હીત ધરાવતા સાહેદ છે.ફરીયાદીની ફરીયાદ કરતા પણ વિશેષની હકીકતો સાહેદે જણાવેલ છે. તેમજ આ કામના અન્ય સાહેદો જયંતીભાઈ, ભાઈલાલભાઈ અને સુરેશભાઈનાઓ તેમના પતિના મીત્ર થતા હોવાનુ જણાવેલ છે.તેમજ સાહેદને ફોન કોણે કરેલ તે જાણતા નથી અને સ્થળ ઉપર આવેલાનુ જણાવે છે.ફરીયાદી ફરીયાદમા કોઈ જગ્યાએ પોતે ફોન કરીને પત્ની અને માતાને બોલાવેલ હોવાનુ જણાવતા નથી.તેમજ સી.આર.પી.સી.ક.૧૬૪ ના નીવેદનમા ફરીયાદી તે નવીન હકીકત જણાવે છે.તેણીને તથા તેણીના સાસુને કોણે મારેલ ,શુ મારેલ તે હકીકત પણ જણાવતા નથી.આમ ફરીયાદી અને આ સાહેદની જુબાની તથા ફરીયાદ હકીકત ધ્યાને લેતા સાહેદ હીત ધરાવતા સાહેદ છે અને તેમની ઉલટતપાસ જોતા તેમની વિશ્વસનીયતા શંકાસ્પદ જણાય છે.

(૨૮) આ કામે સાહેદ નંબર.૫ તરીકે ફરીયાદીના માતા રેવાબેન ભીખાભાઈ રોહીતને ફરી.પક્ષે તપાસેલા છે તેઓની જુબાની ધ્યાને લેતા તેણીએ જણાવેલ છે કે વર્ષ ૨૦૨૦ મા હુ મારા વાડામા કામ કરતી હતી અને મારી વહુએ બુમ પાડી કહેલ કે તમે આગળ આવો જેથીહુ આગળ ગયેલી

અને મારીવહુએકહેલ કે ચાલો ગામમા ઝગડો થયો છે જેથી હુ અને મારી વહુ ત્યા ગયેલા અને જોયેલ તો મારા દિપક સાથે ગંભીરભાઈ,અજીતભાઈ,નયનાબેન,જગદીશભાઈ ,જશવં તભાઈ,ધીરજભાઈ આ બધા ઝગડો કરતા હતા અને મારા દિકરાને ગમે તેમ ગાળો બોલતા હતા અને જગદીશભાઈએ લાકડી મારા દિકરા દીપકને બરડામા મારેલી અને મારા દિકરાને નીચે પાડી દીધેલઅને ગંભીરભાઈએ મારા દિકરાને કુહાડી મારેલી અને નયનાબેને મને પાછળના પગના ભાગેડંડો મારેલો અને મારીવહુને બરડામા લાકડીઓ મારેલ હતીકારણ કે અમે મારા દિકરાને છોડાવવા જતા હતા તે દરમીયાન અમોને લાકડીઓ મારેલ હતી અને ગાળો બોલતા બોલતા જતા હતા ત્યારે મારા દિકરા દીપકને ધમકી આપી હતી કે તને જીવતો છોડીશુ નહી તેમ કહી તે બધા લોકો ત્યાથીજતા રહેલા. ત્યારબાદ અમે પો.સ્ટે.મા ફરીયાદ આપવા ગયેલા અને મારા દિકરા દીપકે આ બધા લોકો વિરુધ્ધ પો.સ્ટે.મા ફરીયાદ આપેલી.ત્યારબાદ મારુતી હોસ્પીટલમા સારવાર માટે મારા દિકરાને લઈ ગયેુલા અને મારી તથા મારા વહુની ત્યા દવા કરેલી.પોલીસે મારી બનાવ બાબતે પુછપરછ કરેલી અને પોલીસે મારો જવાબ લી ધા હતા. આરોપીઓને હું ઓળખુ છુ જે આજરોજ નામ. કોર્ટમાં હાજર છે તે જ છે. મને મુદ્દામાલ આર્ટીકલ ૧ વાળી કુહાડી બતાવામાં આવે છે જે જોઇને કહુ છુ કે તે તે નથી  હાલની નવી છે તે જુની હતી. મને મુદ્દામાલ આર્ટીકલ ૨,૩,૪ વાળા લાકડાના દંડા બતાવામાં આવે છે જે જોઇને કહુ છુ કે તે આ દંડા નથી. આ સાહેદની પણ બચાવ પક્ષે ઉલટ તપાસ થયેલ છે જેમાં જણાવેલ છે કે આ કામના તહોમદારો આ ગામના હોય તેમજ અમારા ઘેર આવતા જતા હોય તેઓ તમામને હું નામથી ઓળખુ છું. એ વાત ખરી છે કે હું તેઓને નામથી ઓળતી હોય તેઓને આજરોજ નામ. કોર્ટમાં ઓળખી બતાવુ છુ. એ વાત ખરી છે કે ઝઘડો થયા બાદ હું ત્યા પંહોંચી ત્યારે ઘણુ મોટુ ટોળુ આશરે પચાસેક માણસોનું હતુ. એ વાત ખરી છે કે સરપંચના પતિ તેમજ મારા દિકરી દીપકને સારા સંબંધો છે. એ વાત ખરી છે કે સુરેશભાઇ ભીખાભાઇ મકવાણાની પત્નિ લખીબેન તથા ગંભીરભાઇની પત્નિ મીનાબેન બંન્ને પંચાયતના ઇલેક્શમાં સરપંચ તરીકે સામસામે ઉભેલા હતા. જયંતિભાઇ દલપતભાઇ દરજી તથા સુરેશભાઇ ભીખાભાાઇ મકવાણા તથા ભાઇલાલભાઇ પુનમભાઇ મકવાણા, શ્રીરામ કિરાણાવાળા તથા મારો દીકરો દીપક ઘણા ખાસ મિત્રો છે. એ વાત ખરી છે કે મારા દિકરા ની બેઠક ઉપર દરજી તથા શ્રીરામ કિરાણાવાળા સ્ટોર પર છે... મારો દીકરો ભાજપ પક્ષનો આગળ પડતો માણસ છે. એ વાત ખરી છે કે ગંભીર ભાઇ તથા તહોમતદારો કોન્ગ્રેસ પક્ષના આગળ પડતા વ્યક્તિઓ છે. એ વાત ખરી છે કે સુરેશભાઇ મકવાણાની પત્નિ સરપંચના  ઉમેદવારમાં ઉભી રહી ત્યારે મારો દીકરો તેઓની તરફેણમાં હતો અને ગંભીરભાઇની પત્નિની વિરુદ્ધમાં હતો. એ વાત ખરી છે કે સુરેશભાઇના પત્નિ સરપંચ હોય તેમનો વહીવટ તેમના પતિ સુરેશભાઇ કરતા આવેલા છે. એ વાત ખરી છે કે હું બનાવ સ્થળે પહોંચી ત્યારે તહોમતદારો બનાવ સ્થળેથી ભાગી ગયેલા. એ વાત ખરી નથી કે હું પોલીસ સ્ટેશન ફરીયાદ કરવા તે જ દિવસે ગયેલી તે સિવાય બીજા કોઇ દિવસે ગયેલ નહી. એ વાત ખરી છે કે પોલીસે માત્ર મારુ નામ સરનામુ પુછેલ તે સિવાય પોલીસે કાંઇ મને પુછેલ નહી અને મે પોલીસ સ્ટે.મા

પોલીસ જવાબમા કોઈ હકીકત જણાવેલ નહી.એ વાત ખરી નથી કે મને નયનાબેને મારેલાની હકીકત જુબાનીમા લખેલ તે ખોટી જણાવેલ છે. એ વાત ખરી નથી કે મારી વહુને બરડાના ભાગે મારેલાની હકીકત ખોટી જણાવેલ છે.એ વાતખરી નથી કે મારા દિકરાને જગદીશભાઈએ મારેલની હકીકત આજરોજ જુબાનીમા ખોટી જણાવેલ છે.એ વાત ખરી નથીકે મારા દિકરા દીપકની ફરીયાદને સમર્થન કરવા આજરોજ ખોટી જુબાની આપુ છુ.....''આમ આ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા બનાવ બની ગયા બાદ પોતે ઉલટતપાસમા જણાવે છે તેમજ ફરીયાદ તથા ફરીયાદીની જુબાનીથી વિસંગત હકીકતો જણાવેલ છે તેમજ મુદામાલ ઓળખી બતાવેલ નથી.ફરીયાદપક્ષના

(૨૯) તેમજ આ કામના અન્ય સાહેદ જંયંતીભાઈ દલપતભાઈ દરજી તથા સુરેશભાઈ ભીખાભાઈ મકવાણા તથા ભઈલાલભાઈ પુનમભાઈ મકવાણા તેમના દિકરા દીપકના ખાસ મીત્રો હોવાનુ જણાવે છે અને સુરેશભાઈના પત્ની સરપંચ હોય તેઓનો વહીવટ તેઓના પતિ સુરેશભાઈ કરતા આવેલ છે તેમ જણાવેલ છે ત્યારે બચાવપક્ષની રજુઆત કે સરપંચના પતિના ઈશારે ફરીયાદ કરેલ છે તે હકીકત ફરીયાદીની જુબાની તથા ફરીયાદીએ આપેલ ૧૬૪ ના નિવેદન અને ફરીયાદ હકીકતમા જણાતી વિસંગતતાઓ આધારે માનવા પાત્ર છે.તેમજ આ કામના સાહેદ જયંતીભાઈ દલપતભાઈ દરજી કે જેમના વિશે કોઈ ઉલ્લેખ ફરીયાદીની ફરીયાદમા નથી અને ફરીયાદીના નજીકના ગાઢ મીત્ર છે તે હકીકત તથા ગંભીરભાઈ વિરોધપક્ષમા હતા અને દીપકભાઈ પણ ગં ભીરભાઈના વિરોધપક્ષમા હતા તેમજ પોતે તથા સુરેશભાઈ તથા ફરીયાદી દિપક ભાજપ પક્ષમા છે ત્યારે સદર સાહેદની જુબાની હીત ધરાવતા સાહેદની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી.તેમજ આ કામના સાહેદ નં.૭ રમેશભાઈ ગોકળભાઈની જુબાની ધ્યાને લેતા ફરીયાદ હકીકતથી તદ્દન વિસસંગત હકીકત સરતપાસમા જણાવે છે કે, ૨૦૧૯ મા જોગણી માતાના મંદીર પાસે આરસી.સી.ના રોડનુ કામ ચાલતુ હતુ તે વખતે સરપંચના પતિ સુરેશભાઈ તથા તલાટી સાહેબ તથા હુ અને દરજીકાકા હતા તે વખતે દીપકભાઈ પણ ત્યા હાજર હતા અને તે વખતે રોડનુ કામ ચાલુ હતુ.તે રોડની અંદરથી જગદીશભાઈ દીનેશભાઈ પઢીયાર અને ભુપેન્દ્રભાઈ રમણભાઈ પઢીયાર તેમનુ મો.સાયકલ લઈને આવેલ જેથીદીપકભાઈએ આ બં ને જણાને કામ ચાલુ હોય તેમાથી બાઈક ન લાવવા બાબતે જણાવેલ.ત્યારબાદ આ જગદીશભાઈ અને ભુપેન્દ્રભાઈ તે જગ્યાએથીપોતાના ઘરે જતા રહેલા અને મને દીપકભાઈએ આ જગદીશભાઈ તથા ભુપેન્દ્રભાઈને ઠપકો આપવા બોલાવવા મોકલેલો અને ત્યારબાદ હુ આ બં ને જણાને બોલાવીને પાછો પંચાયતે આવી ગયેલ અને તે પછી થોડીવાર રહીને જગદીશભાઈ,ભુંપેન્દ્રભાઈ,ગંભીરભાઈ ,અજીતભાઈ,લાલજીભાઈ,નયનાબેન બધા હાથમા

હથીયારો લઈને આવી ગયેલા. ગંભીરભાઈના હાથમા કુહાડી હતી,અજીતભાઈના હાથમા લાકડાની વળી હતી,નયનાબેનના હાથમા લાકડી હતી.બીજી બધી વ્યકિતઓના હાથમા લાકડીઓ હતી તે વખતે દીપકભાઈને ગંભીરભાઈએ જમણા પગે લાકડાની કુહાડી મારી હતી અને દીપકભાઈ જે વીડીયો ઉતારતા હતાતેમનો મોબાઈલ નયનાબેને પાડી અને તોડી નાખેલ હતો અને દિપકભાઈના મમ્મી રેવાબેનને આ બધા વ્યકિતઓએ લાકડીઓ મારેલ હતી અને દીપકભાઈની પત્નીને પણ આ બધી વ્યકિતઓએ લાકડી મારેલ હતી અને તે વખતે દીપકભાઈ ઉભા થઈને પોતાના બચાવ માટે દરજી કાકાની દુકાનમા જતા રહેલા અને દુકાની બહાર જયંતીકાકા ઉભા હતા અને ગંભીરભાઈએ કહેલ કે આ જયંતીકાકાએ જ આ બધુ કરાવેલ છે.જેથી જયંતીકાકાને ગંભીરભાઈના બાબાએ લાકડીથી મારેલ હતુ અને તે પણ તેમના બચાવ માટે દુકાનમા ઘુસી ગયેલા અને દુકાન અંદરથી બંધ કરીદીધેલી અને થોડીવાર પછી દુકાનખોલીને બહાર નીકળી ગયેલા તે ઝગડા દરમીયાન રેવાબેનને અને દીપકભાઈની પત્નીને પાછળ બરડામા વાગેલ હતુ ત્યારબાદ દીપકે પો.સ્ટે.જઈ ફરીયાદ આપેલી.આ સાહેદની ઉલટતપાસ જોતા સાહેદે જણાવેલ છે કે ''એ વાત ખરી છેકે સુરેશભાઈના પત્ની પંચાયતના ઈલ ેકશનમા જીતેલા.ત્યારબાદ તેઓએ મને પંચાયતમા પટાવાળા તરીકે રાખેલો.એ વાત ખરી નથીકે દીપકના કહેવાથી પંચાયતમા પટાવાળા તરીકે સુરેશભાઈની પત્નીએ રાખેલો.એ વાત ખરી છેકે પંચાયતમા તમામ વહીવટ સુરેશભાઈ કરતા હતા.એ વાત ખરી છે કે,પંચાયતનો વહીવટ સુરેશભાઈ કરતા હતા તેથી ગંભીરભાઈ તથા તેના માણસો તે બાબતે વિરોધ કરતા હતા.એ વાત ખરી છે કે,સુરેશભાઈ જે કહેતા તે હુ કરતો.એ વાત ખરી છે કે દીપકભાઈ પંચાયતના સભ્યકેપં ચાયતનો કોઈ હોદો ધરાવતા ન હતા.એ વાત ખરી નથી કે ગંભીરભાઈએ દીપકભાઈને કુહાડી મારેલાનીહકીકત ખોટી જણાવુ છે. એ વાત ખરી નથી કે રેવાબેનને તથા દીપકની પત્નીને મારેલાનીહકીકત ખોટી જણાવુ છુ.એ વાત ખરી છેકે મે મારા પોલીસના જવાબમા દિપકભાઈ જે વીડીયો ઉતારતા હતા તે મોબાઈલ નયનાબેને તોડી નાંખેલો તેવી હકીકત લખાવેલ નથી.એ વાત ખરીછે કે દીપકભાઈ ઉભા થઈને પોતાના બચાવ માટે દરજીકાકાની દુકાનમા જતા રહેલા તેવી હકીકત મે પોલીસ જવાબમા લખાવેલ નથી. એ વાત ખરીછે કે,દુકાનની બહાર જયં તીકાકા ઉભા હતા અનેતેમને ગંભીરભાઈએ કહેલ કે જયંતીભાઈએ આ બધુ કરાવેલ છે જેથી જયં તીકાકાને ગંભીરભાઈના દીકરાએ લાકડી મારેલ તે હકીકત તે પોલીસ જવાબમા લખાવેલ નથી.એ વાત ખરી છે કે દરજીકાકા પણ પોતાના બચાવ માટે દુકાનમા ઘુસી ગયેલા અને દુકાન બં ધ કરીને પેસી ગયેલા થોડીવાર પછી દુકાન ખોલીને બહાર નીકળેલા તે હકીકત મે મારા પોલીસ જવાબમા લખાવેલ નથી. એ વાત ખરીછેકે પોલીસે મારુ માત્ર નામ સરનામુ પુછેલુ.એ વાત ખરી છે કે આજે હુ,દીપકભાઈ અને દરજીકાકા ત્રણેય સાથે જુબાની આપવા આવેલ છીએ....એ વાત

ખરી છેકે બનાવ બન્યો ત્યારે હુ પંચાયતમા હાજર હતો. '' આમ આ સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેતા ફરીયાદમા નથી તેવી હકીકતો સરતપાસમા જણાવેલ છે. તેમજ પં ચાયતમા સુરેશભાઈના પત્ની ઈલેકશનમા જીતેલા અને તેઓએ તેમને પટાવાળા તરીકે પંચાયતમા રાખેલાનુ જણાવે છે. તેમજ પંચાયતનો તમામ વહીવટ સુરેશભાઈ કરતા હતા અને તે ગંભીરભાઈ તથા તેમના માણસો તે બાબતે વિરોધ કરતા હતા.આ તમામ હકીકત ધ્યાને લેતા આ સાહેદની વિશ્વસનીયતા લેશમાત્ર પણ નથી.

(૩૦)તેમજ આ કામે સાહેદ નં.૮ તરીકે સુરેશભાઈ ભીખાભાઈ મકવાણાને તપાસેલ છે જેઓની જુબાની આગળ ઉપર નોંધેલ છે.જેઓને ફરી.પક્ષે હોસ્ટાઈલ કરી પુછેલ છે તેમા એ હકીકત સ્વીકારે છે કે તા.૧૮/૧/૧૯ ના પોલીસ રુબરુના નીવેદનમા એવી હકીકત લખાવેલ કે ઉપરોકત માણસોનુ ઉપરાણુ લઈ ગંભીરભાઈ રમણભાઈ પઢીયાર કુહાડી લઈ આવેલા અને અજીતભાઈ તથા ધીરજભાઈ લાકડીઓ લઈ તથા નયનાબેન અજીતભાઈ ડંડો લઈ આવેલા અને દીપકભાઈ તથા તેમની માતા અને પત્નીને ગમે તેમ ગાળો બોલવા લાગેલા જેથી ગાળોબોલવાની ના પાડતા ગંભીરભાઈએ તેમના હાથમાની કુહાડી દીપકને જમણા પગના નાળા ઉપર મારીદીધેલી. આ સાહેદની ઉલટતપાસ ધ્યાને લેતા સાહેદે એ હકીકત કબુલ રાખે છે કે,હુ પં ચાયતમા સરપંચ કે સભ્યના હોદા ઉપર ન હતો.દીપક ભીખાભાઈ ચૌહાણ પણ સરપંચ કે સભ્યના હોદા પર ન હતા.એ વાત ખરી છે કે મારા પત્ની લક્ષ્મીબેન તે તો.દાર ગંભીરસીંહના પત્ની સામે ઈલ ેકશનમા જીતેલા. એ વાત ખરીછેકેદીનેશભાઈ ઈલેકશનમા અમારા પક્ષમા હતા.એ વાત ખરી છેકે બનાવ બન્યો ત્યારે હુ પંચાયતની ઓફીસમા હતો. એ વાત ખરીછેકે હુ બનાવ બન્યા બાદ ત્યા આવેલો. હુ પો.સ્ટે.મા ગયેલ નથી. એ વાત ખરી છેકે પો.સ્ટે.મા મારી કોઈ પુછપરછ કરેલ નહી.એ વાત ખરી છે કે,દીપકભાઈ સાથે સારા સબંધો હોવાથી હુ જુબાની આપવા આવેલ છુ. એ વાત ખરી છેકે પોલીસે મારા જવાબમા શુ લખ્યુ તે બાબતની મને ખબર નથી. આમ આ સાહેદની જુબાની ઉપર આધાર રાખી શકાયતેમ નથી.

(૩૧)ત્યારબાદ આ કામે સાહેદ નં.૯ તરીકે ભઈલાલભાઈ પુનમભાઈ મકવાણાને તપાસેલા છે જેઓને ફરી.પક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલ છે.તેમની ઉલટતપાસમા પણ ફરી.પક્ષના કેસને સમર્થન આપેલ નથી.તેમજ આ કામના તમામ પંચો હોસ્ટાઈલ થયેલ છે અને વિ.સરકારીવ.શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી પંચોની ઉલટતપાસ કરેલ તેમા પણ એકપણ પં ચનામાની હકીકતને કોઈ પણ પંચ સાહેદે સમર્થન કરેલ નથી

**(૩૨)** ત્યારબાદ આ કામે સાહેદ નં. ૧૪ ડો.ઘનશ્યામભાઈને ફરી.પક્ષે આંક–૩૮ થી તપાસેલા છે આ સાહેદની જુબાનીમા હાલ તેઓ બોરસદ તેમની પ્રાઈવેટ પ્રેકટીસ મારુતી ઓર્થો સર્જીકલ હોસ્પી.મા ડોકટર તરીકે મારી ફરજ બજાવે છે.તેમણે એમએસ ઓર્થોલોજીનો અભ્યાસ કરેલ છે. તેઓ પચીસ વર્ષથી પ્રેકટીસ કરે છે. તા.૧૭/૧/૨૦ ના રોજ બપોરે ૪–૪૫ કલાકે તેમને ત્યા દર્દી નામે દીપકભાઈ ભીખાભાઈ ચૌહાણ ઉ.વ.૪૨ રહે.નાની શેરડી નાઓ સારવાર માટે આવેલા હીસ્ટ્રી પુછતા તેમને જણાવેલ કે તેમને તા.૧૭/૧/૨૦ ના રોજ ૨–૧૫ બપોરે લાકડી તથા કુહાડીથી માર મારવામા આવેલ હતો મારનારમા જગદીશભાઈ દીનેશભાઈ પઢીયાર તથા તેમના કુટુંબના સભ્યોએ માર મારેલાનુ જણાવેલ અને તેઓની શારીરીક તપાસ કરતા જણાઈ આવેલ કે (૧) તેમને જમણા પગમા મુઢ માર વાગેલ હતો.(૨) જમણા પગની ઘુટીમા એન્કલ મા પણ મુઢ ગેબી માર વાગેલ હતો.(૩) ડાબા હાથના અંગુઠામા પણ ગેબી માર વાગેલ હતો. (૪)જમણા પગમા છોલાયેલુ હતુ. તેમને જરુરી દવા ગોળી ઈન્જેકશન અને પ્લાસ્ટર સ્લેબ આપ્યા હતા અને બહારના દર્દી તરીકે રજા આપી હતી અને સમયાંતરે ફોલોઅપ માટે બોલાવેલ હતા. તેઓ આવ્યા ત્યારે ભાદરણ પો.સ્ટે.મા ફરીયાદ નંધાવીને આવ્યા હતા.

તા.૧૭/૧/૨૦ ના રોજ બપોરે ૪–૪૫ કલાકે મારા ત્યા બીજા દર્દી નામે રેવાબેન ભીખાભાઈ ચૌહાણ ઉ.વ.૬૦ રહે.નાની શેરડી નાઓ સારવાર માટે આવેલા હીસ્ટ્રી પુછતા તેમને જણાવેલ કે તેમને તા.૧૭/૧/૨૦ ના રોજ ૨–૧૫ બપોરે લાકડીથી માર મારવામા આવેલ હતો મારનારમા નયનાબેન અજીતસીહ પઢીયાર નાએ માર મારેલાનુ જણાવેલ અને તેઓની શારીરીક તપાસ કરતા જણાઈ આવેલ કે (૧) બન્ને સાથળમા મુઢ માર વાગેલ હતો. ૨) કમરના ભાગે પણ મુઢ માર હતો.

તેમને જરુરી દવા ગોળી ઈન્જેકશન અને પ્લાસ્ટર સ્લેબ આપ્યા હતા અને બહારના દર્દી તરીકે રજા આપી હતી અને સમયાંતરે ફોલોઅપ માટે બોલાવેલ હતા. તેઓ આવ્યા ત્યારે ભાદરણ પો.સ્ટે.મા ફરીયાદ નંધાવીને આવ્યા હતા.

તા.૧૭/૧/૨૦ ના રોજ બપોરે ૪–૪૫ કલાકે મારા ત્યા ત્રીજા દર્દી નામે ગીતાબેન દીપકભાઈ ચૌહાણ ઉ.વ.૪૦ રહે.નાની શેરડી નાઓ સારવાર માટે આવેલા હીસ્ટ્રી પુછતા તેમને જણાવેલ કે તેમને તા.૧૭/૧/૨૦ ના રોજ ૨–૧૫ બપોરે લાકડી થી માર મારવામા આવેલ હતો મારનારમા નયનાબેન અજીતસીહ પઢીયાર નાએ માર મારેલાનુ જણાવેલ અને તેઓની શારીરીક તપાસ કરતા જણાઈ આવેલ કે ,(૧) ડાબી કોણીમા મુઢ માર વાગેલ હતો. (૨) કમરના ભાગે મુઢ માર વાગેલ હતો. (૩) મોઢા પર મુઢ માર વાગેલ હતો. (૪) ડાબા હાથમા છોલાયેલ હતુ.

તેમને જરુરી દવા ગોળી ઈન્જેકશન અને પ્લાસ્ટર સ્લેબ આપ્યા હતા અને બહારના દર્દી તરીકે રજા આપી હતી અને સમયાંતરે ફોલોઅપ માટે બોલાવેલ હતા. તેઓ આવ્યા ત્યારે ભાદરણ પોલીસ સ્ટેશનમા ફરીયાદ નંધાવીને આવ્યા હતા.તેમને મારુતી ઓર્થોપેડીક સર્જીકલના પ્ર માણપત્રો બતાવવામા આવે છે જેમા પોતાના હોદ્દાનો સહી સિકકો છે જે ઓળખી બતાવે છે જેને અનુક્રમે રજુ દાખલ આંક–૩૯,૪૦,૪૧ આપવામા આવે છે.આ સાહેદે તેની ઉલટતપાસમા જણાવેલ છે કે એ વાત ખરી છે કે,તમામ દર્દીઓ પો.સ્ટે.મા ફરીયાદ કરી યાદી સાથે આવેલા.એ વાત ખરી છે કે, પોલીસ યાદીમા બનાવની હીસ્ટ્રી જણાવેલ હતી.એ વાત ખરી નથીકે પોલીસે યાદી મુજબની હીસ્ટ્રી લખી લીધેલી.એ વાત ખરીછેકે ઈજા પામનારની ઈજાઓ સાદા પ્રકારની હતી. એ વાત ખરી છેકે દુખાવાની ફરીયાદને નીદાન કરવાની કોઈ સ્પેશ્યલ પધ્ધતિ નથી.એ વાત ખરી છે કે દીપકભાઈ અને રેવાબેન અને ગીતાબેનની ઈજાઓ ધકકામુકકીમા પડી જવાથી થઈ શકે.એ વાત ખરીછેકે મે ઓ.પી.ડી.બેઝ ઉપર સારવાર કરેલી,તેઓ ફરીથી બતાવવા આવેલા નહી.આ સાહેદની જુબાનીમા જે મેડીકલ સર્ટી. તથા સાહેદની જુબાની ઘ્યાને લેતા સાહેદે હીસ્ટ્રી ઈજા પામનાર ઈસમોએ જે મુજબ લખાવેલી તે મુજબ લખેલાનુ જણાવે છે.જયારે ઈજા પામનાર સાહેદોની જુબાનીમા કોણે કોને શુ માર માર્યો તે બાબતે સ્પષ્ટ પુરાવો રજુ કરેલ નથી.તેમજ ત્રણેય ઈજા પામનાર સાહેદો હીત ધરાવતા સાહેદો છે.ફરીયાદીની ફરીયાદ,ફરીયાદીનુ ૧૬૪ નુ નીવેદન તથા ઈજા પામનાર સાહેદોના કોર્ટ રુબરુના નિવેદનમા વિસંગતતા છે તેમજ આ કામે કબજે કરેલ હથીયાર બાબતે પણ વિસંગતતા છે તેમજ કોઈ પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી.તેમજ આ કામે ફરીયાદ લેનાર પી.એસ.આઈ.શ્રીની જુબાની આંક–૪૩ થી થયેલ છે તેઓની ઉલટતપાસ ઘ્યાને લ ેતા સાહેદે જણાવેલ છે કે એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ ફરીયાદ આપી તે વખતે જાતી અંગેનુ પ્ર માણપત્ર રજુ કરેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ ફરીયાદમા કોઈપણ જગ્યાએ જાતી અંગેના આક્ષેપો કરેલા નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે ઈજા પામનારની કોઈ યાદી મે કરેલ નથી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ ફરીયાદમા પોતે એસસી એસટી જ્ઞાતીમાં આવે છે તેવી હકીકત મારી રુબરુ લખાવેલ નથી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ ફરીયાદમા તોદારો સવર્ણ જ્ઞાતીમા આવે છે તેવી હકીકત પણ મારી રુબરુ જણાવેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે ફરીયાદ મે મારી જાતે ફરીયાદને

અનુરુપ ફરીયાદ લખી લીધેલી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ ફરીયાદમા મારી રુબરુમા ફરીયાદમા એવી હકીકત લખાવેલ નથી કે બનાવના દીવસે હુ મારા ઘરેથી બપોરના બે વાગે નીકળી પંચાયતના કામે પંચાયત ઓફીસે ગયેલો.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ ફરીયાદમા મારી રુબરુ મા ફરીયાદમા એવી હકીકત લખાવેલ નથી કે હુ પંચાયત ઓફીસમા ગયેલો અને હુ ત્યા ઓફીસમા બેઠેલો હતો અને ત્યા તલાટી સાહેબ પણ હાજર હતા તે સમયે જગદીશભાઈ અને જશવંતભાઈ તથા ગંભીરભાઈ, અજીતભાઈ, ધીરજભાઈ, નૈનાબેન વિગેરેનુ ટોળુ ગાળો બોલતા બોલતા ત્યા આવેલા અને ત્યા આગળ તેમના હાથમા હથીયાર પણ હતા.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ ફરીયાદમા મારી રુબરુ મા ફરીયાદમા એવી હકીકત લખાવેલ નથી કે આ લોકોનો અવાજ સાંભળી હું પંચાયની બહાર નીકળેલો અને મે કહેલ કે મને કેમ લડો છો ગંભીરભાઈએ મને ધકકો મારી પાડી દીધેલો મને જમણા પગના નળા પર કુહાડી મારી જેથી હુ નીચે પડી ગયેલો અને ધીરજભાઈએ મને થાપા પર લાકડી મારેલી. એ વાત ખરી છે કે ફરીયાદીએ ફરીયાદમા મારી રુબરુ મા ફરીયાદમા એવી હકીકત લખાવેલ નથી કે ત્યારબાદ ઝઘડાની જાણ મારી મમ્મી રેવાબેનને તથા પત્ની ગીતાબેનને જાણ થતા તેઓ દોડી આવેલા અને મારી પત્ની મારી પર સુઈ ગયેલી કારણકે આ લોકો મને માથામાં મારવા જતા હતા મારી પત્નીને જશવંતભાઈ અને બીજા લોકોએ પાછળના ભાગે લાકડીઓ મારેલી.એ હકીકતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ ફરીયાદમા મારી રુબરુ મા ફરીયાદમા એવી હકીકત લખાવેલ નથી કે હુ મારો જીવ બચાવવા દોડીને ઉભો થઈને જયંતીભાઈ દરજીના ઘરે જતો રહેલો અને તેની દુકાનમા અંદર જઈને અંદરથી સ્ટોપર મારી દીધેલ ત્યારબાદ મારા ઘરની અંદર અગાઉથી પોલીસ પ્રોટેકશન મુકવામા આવેલુ તેમાનો એક હોમગાર્ડનાઓએ

ભાદરણ પો.સ્ટે.મા ફોન કરતા ત્યા પોલીસની ગાડી આવી ગયેલી ત્યારબાદ પોલીસે મને પો.સ્ટે. લઈ ગયેલ અને ત્યાથી મારુતી હોસ્પી.મા સારવાર માટે મોકલી આપેલો.એ હકીકતનો ઈન્કાર કરે છે કે ફરીયાદના લખાવ્યા મુજબ નહી પરંતુ કરીયાદ મે મારી જાતે લખી લીધેલી. આમ આ સાહેદની જુબાની ઉપરથી પણ ફરીયાદી તેની કોર્ટ રુબરુની જુબાનીમા તેણે પોલીસ રુબરુ આપેલ ફરીયાદથી વિસંગત હકીકતો જણાવેલાનુ અને મહત્વની બાબતોમા ફરીયાદી અને સાહેદોની જુબાનીમા કોન્ટ્રાડીકશન હોવાનુ જણાય આવે છે. તેમજ આ કામે ત.ક.અ. દિપકકુરમા રમણભાઇ ભાટીયાની આંક ૪૭ ની જુબાની ધ્યાને લેતા તેઓના ઉલટ તપાસમાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે ફરીયાદ ની તપાસ મળતા ફરીયાદ વાંચેલી અને ફરીયાદમાં જાતી અંગેના આક્ષેપો કરેલા હોય તેવો ઉલ્લેખ ન હતો. એ વાત ખરી છે કે ફરીયાદમાં ફરીયાદીએ પોતે અનુસુચિત જાતિમાં આવતા હોવાનું લખાવેલ નથી

તેમજ આરોપી સવર્ણ જાતીના હોવાનું લખાવેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદીએ રજુ કરેલ જાતિ અંગેના પ્રમાણપત્રનું વેરીફીકેશન કરેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદીના વિશેષ નિવેદનમાં ફરીયાદ સિવાયની અન્ય કોઈ હકીકત જણાવેલ નથી. એ વાત ખરી નથી કે બનાવ વખતે મજુરો હાજર હતા. એ વાત ખરી નથી કે પુરતો પુરાવો ન હોવા છતા ખોટી ચાર્જશીટ કરેલ છે અને સાહેદના નિવેદનો મારી જાતે અને પંચોના નિવેદનો પંચોના લખાવ્યા મુજબના નહી પણ મારી રીતે લખી લીધેલા.

(૩૩) આમ આ કામે ઉપરોક્ત ચર્ચા મુજબ સમગ્ર પુરાવો ધ્યાને લેતા ફરીયાદી તથા હીત ધરાવતા સાહેદોના નિવેદનોમાં મહત્વની બાબતોમાં વિરોધાભાષ છે. ફરીયાદી અગાઉ પણ આવી ફરીયાદના કેસમાં જુબાની આપેલ હોવા છતા કોર્ટ રૂબરૂ ખોટુ બોલતા હોવાનું અને ક્યારેય જુબાની આપેલ ન હોવાનું જણાવેલ છે. તેમજ જે હકીકત ફરીયાદમાં નથી તેનાથી નવીન હકીકતો તેમના નિવેદનમાં જણાવેલ છે. ફરીયાદ પક્ષના સાહેદો એકબીજામાં હીત ધરાવતા સાહેદો છે. આ કામે કોઈ સ્વતંત્ર સાહેદ તપાસવામાં આવેલ નથી. ફરીયાદી કે સાહેદોના નિવેદન પરથી આ કામે આરોપીઓ દ્વારા કોઈ જાતિ વિષયક અપમાન જનક શબ્દો બોલેલાનું કે જાતિ વિષયક આક્ષેપો પણ નથી. તેમજ આ કામે હથીયારની બાબતમાં પણ વિસંગતતાઓ છે. મુદ્દામાલ કુહાડી ઓળખી બતાવામાં આવેલ નથી. હિત ધરાવનાર સાહેદોની કોણે શું ઈજા કરી તે અંગે વિશસંગતતા છે. તેમજ આ કામમાં કોઈ મુદ્દામાલ શંકાથી પર પુરવાર થતો નથી. તેમજ ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદોને કોર્ટ રૂબરૂની જુબાની તથા તેઓની ફરીયાદ તેમજ ડોક્ટર સમક્ષ તેઓએ લખાવેલ બનાવની હિસ્ટ્રીમાં પણ ઈજા બાબતે વિસંગતતાઓ છે. આ સંજોગોમાં ખરેખર કઈ હકીકત ફરીયાદીના કહ્યા મુજબની સાચી તે બાબતે સાહેદોની જુબાનીઓ વિશ્વનીય નથી અને આધાર રાખી શકાય તેમ નથી. આ કામે ઈ.પી.કો. કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨)૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫ તથા એટ્રોસીટી એક્ટની કલમ ૩.૨,૫અ મુજબનો ગુનો ફરીયાદ પક્ષ પોતાના પુરાવાથી શંકાથી પર પુરવાર કરવાનું સદંતર નિષ્ફળ ગયેલાનું અત્રેની અદાલતનું તારણ છે. તેમજ નામ. ગુજરાત વડી અદાલતના ૨૦૧૯(૦)એ.આઈ.જી.ઈએલ.એચ.સી. પાના નં.૨૪૦૮૧૫ પર પ્રસિદ્ધ થયેલ સ્ટેટ ઓફ ગુજરાત વિ. ભરવાડ દાનુભાઈ કચરાભાઈ ના કેસના ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે તથા નામ. ગુજરાત વડી અદાલતના ૨૦૨૪, એ.આઈ.જી. ઈ. એલ. એચ.સી.૨૪૮૫૦૧ સ્ટેટ ઓફ ગુજરાત વિ. રાજેશકુમાર ભીખાભાઈ પટેલ ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ આરોપીઓને આક્ષેપિત ગુનામાં દોષીત ઠરાવી શકાય તેવો શંકાથી પર અને વિશ્વનીય પુરાવો ફરીયાદ પક્ષે રજુ થતો ન હોય અને શંકાનો લાભ આરોપીઓને મળવા પાત્ર હોય મુદ્દા નં.૧ નો જવાબ આથી નકારમાં આપવામાં આવે છે અને આ કામે આરોપી નં.૨ ગુજરી ગયેલ હોય તેઓની સામેનો કેસ એબેટ થયેલ છે. આથી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ

કરવામાં આવે છે.

**// આ ખ રી હુ ક મ /**

૧. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) જગદીશભાઈ દિનેશભાઈ પઢીયાર ૩. ગંભીરસીંહ રમણભાઈ પઢીયાર ૪. અજીતસીંહ રમણભાઈ પઢીયાર.૫. ધીરસીંહ ઉર્ફે ધીરજભાઈ પ્રતાપસીંહ ઉર્ફે ફતાભાઈ પઢીયાર. ૬. નયનાબેન વા/ઓ.અજીતસીંહ રમણભાઈ પઢીયાર તમામ રહે.નાની શેરડી,તા.બોરસદ. જી.આણંદ ઓને ભાદરણ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧૫૦૦૪૨૦૦૦૯ /૨૦૨૦,ભારતીય દંડ સંહિતાની કલમ –૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જીઈપીઈએક્ટ કલમ ૧૩૫ તથા અનુસુચીત જાતિ,અનુસુચીત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમની

કલમ–૩(૨)(૫–અ) મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીઓના જામીન ખત રદ ગણવા.

૩. મુદ્દામાલ અપીલ સમય બાદ ધોરણસર નાશ કરવો.

૪. પ્રત્યેક આરોપીએ ક્રિ.પ્રો.કો.કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય દરમીયાનના રુપીયા.૧૫,૦૦૦/– ના જામીન તથા જાતમુચરકા આપવા.

ઠરાવ આજ તારીખ. ૧૭ માહે ડિસેમ્બર સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરેલ છે.

તા. ૧૭ / ૧૨ /૨૦૨૫.
સ્થળ–આણંદ.

( **જે.આર.પંડિત** )
સ્પેશ્યલ જજ અને
ચોથા એડીશ્નલ સેસન્સ જજ
આણંદ(જજ કોડ નં.જી.જે.૦૦૬૨૦)

પી.એફ.મીર્ઝા